Monday 16, March 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૮ ❖ અંક : ૨૪૫ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

દિલ્હી-મુંબઈ એકસપ્રેસ હાઈવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ડ્રીમ પ્રોજેકટ



વાપી એકસપ્રેસ હાઈવેનું સ્ટેશન, અથાલ ખસેડાતાં ઉદ્યોગપતિઓમાં કચવાટ!

દિલ્હી-મુંબઈ એકસપ્રેસ હાઈવે ૮ લેનનો ૧,૩૮૬ કિલોમીટર લાંબો અંદાજિત રૂા. ૯૮ હજાર કરોડના ખર્ચે બની રહ્યો છે જે હરિયાણા, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્ર સાથે સંઘપ્રદેશ દાનહના કેટલાક વિસ્તારમાંથી પસાર થશે : હાલમાં ચીખલીના ખારેલથી અમદાવાદ સુધી ખુલ્લો પણ મુકાયો છે : આ હાઈવે માર્ગ પર મુસફરી કરનારનો ૫૦ થી ટકાથી વધુ સમય બચશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૫ : વલસાડ જિલ્લાના વાપીમાં અગાઉ જાહેર થયેલું દિલ્હી મુંબઈ એક્સપ્રેસ હાઈવેનું સ્ટેશન બદલાઈને દાનહના અથાલમાં ખસેડાઈ ગયું હોવાની ચર્ચાથી ઉદ્યોગપતિઓમાં ભારે નિરાશા અને ચર્ચાનો વિષય બન્યો છે.

પ્રાપ્ત વિગત મુજબ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ નેશનલ હાઈવે નંબર ચાર એટલે કે એક્સપ્રેસ હાઈવે જે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ પણ ગણાય છે અને તે આપણા દેશનો સૌથી મોટો ગ્રીન ફિલ્ડ હાઈવે કે ગ્રીન એક્સપ્રેસ હાઈવે તરીકે પણ ઓળખાય છે જેનું કામગીરી મોટાભાગની પૂર્ણતાના આરે છે ત્યારે આ એક્સપ્રેસ હાઈવે દિલ્હીથી મુંબઈ સુધીમાં ખાસ કરીને હરિયાણા રાજસ્થાન મધ્યપ્રદેશ ગુજરાત અને મહારાષ્ટ્ર સાથે વચ્ચે સંઘ પ્રદેશ દાદરા નગર હવેલીમાંથી પણ પસાર થાય છે.

અહીં વલસાડ જિલ્લાના વાપી એટલે કે એશિયાનું સૌથી મોટું ઔદ્યોગિક નગરી તરીકે ઓળખાય છે અને અહીંથી લગભગ સમગ્ર ગુજરાત અને દેશનો ૨૫ % થી વધુ તૈયાર અને કાચો માલ સમગ્ર દેશ અને વિદેશમાં જાય છે.

અહીં જેને ધ્યાને લઈ સૌથી પહેલા બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં વલસાડ જિલ્લામાંથી પસાર થતાં સૌથી મોટા બિઝનેસ સેન્ટર તરીકે જેની ઓળખ થાય છે તે વાપીને ડુંગરા ખાતે સ્ટેશન અપાયું છે. જેને લઈ આ બુલેટ ટ્રેનમાં લોકો સહેલાઈથી બેસી મુંબઈ અને અમદાવાદ સુધી ઓછા સમયમાં પહોંચી શકશે તેવી જ રીતે દિલ્હીથી મુંબઈ સુધીનો રૂા. ૧,૩૮૬ કીમી લાંબો અને લગભગ અંદાજિત રૂા. ૯૮,૦૦૦ કરોડનો પ્રોજેક્ટ એક્સપ્રેસ હાઈવે બની રહ્યો છે. જે અંગે વલસાડ જિલ્લાના વાપી જે એક એશિયાની સૌથી મોટી ઔદ્યોગિક નગરી તરીકે ઓળખાય છે અને અહીં લગભગ મોટાભાગનું કેમિકલનું ઉત્પાદન તેમજ પેપરમીલ અને પ્લાસ્ટિક ઉદ્યોગ આવેલ છે. તેમ છતાં અગાઉ એક્સપ્રેસ હાઈવે વલસાડ જિલ્લાના ત્રણ સ્થળેથી એટલે કે અટગામ, વાપી અને સેલવાસ થઈને મહારાષ્ટ્રની હદમાં પહોંચે છે. જે પૈકી વાપીમાં કરોડ અને ડુંગરા વચ્ચે સ્ટેશન જાહેર થયું હતું જેને લઈ અહીં આવેલી મોટાભાગની કંપનીઓનો તેમજ સંઘ પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણની કંપનીઓમાં તૈયાર થતો તમામ માલ મટીરીયલ દેશ-વિદેશમાં સહેલાઈથી પહોંચી શકશે તેમ હોવા છતાં અચાનક હાલમાં એવી ચર્ચા ચાલી રહી છે કે આ એક્સપ્રેસ હાઈવેનું સ્ટેશન વાપીથી બદલાઈને સંઘપ્રદેશ દાદરા નગર હવેલીના અથાલ ખાતે ખસેડાયું છે.

જેને લઈ સમગ્ર વાપીના ઉદ્યોગપતિ અને અગ્રણીઓમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે. જોકે આ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ એટલે કે એક્સપ્રેસ હાઈવે ખૂબ ઝડપથી બની ગયો છે. અને હાલમાં નવસારીના ચીખલી ખારેલથી અમદાવાદ સુધીનો માર્ગ ખુલ્લો મુકાયો છે. તો હવે બાકી રહેલી વલસાડ જિલ્લા અને સંઘ પ્રદેશમાં આ પ્રોજેક્ટ વહેલામાં વહેલી તકે પૂર્ણ થાય અને જે અગાઉ જાહેર થયેલ તે મુજબ વાપીમાં જ એક્સપ્રેસ હાઈવેનું સ્ટેશન પણ રહે તે અંગે એક્સપ્રેસ હાઈવે ઓથોરિટી અને કેન્દ્રના પરિવહન મંત્રી નીતિન દ્વારા વાપી એક્સપ્રેસ હાઈવેનું સ્ટેશન ખસેડીને દાનહના અથાલમાં ન લઈ જાય તે અંગે હસ્તક્ષેપ કરી વાપીના ઉદ્યોગપતિઓ તેમજ વેપારીઓને નારાજગી ન થાય તેવું થાય તે અંગે રજૂઆતો કરવાની તજવીજ હાથ ધરાઈ હોવાનું જાણવા મળ્યું છે.

મોટી ચણવાઈમાં તળાવમાંથી ગેર કાયદે પાણી ઉલેચતા તત્વો બેફામ

જનતા પાણી માટે વલખા મારી રહી છે તો બીજી તરફ ચાર-ચાર મોટરો લગાવી પાણી ઉલેચાઈ રહ્યું છે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૫ : વલસાડના મોટી ચણવાઈ ગામમાં એક તરફ જનતા પાણી માટે વલખા મારી રહી છે. તો બીજી તરફ કેટલાક તત્વો દ્વારા તળાવ માં ગેરકાયદેસર રીતે મોટરો મૂકીને પાણી ચોરી કાઢી નાખવામાં આવતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે ઉનાળાની હજુ તો શરૂઆત થઈ છે ત્યાં જ દક્ષિણ ગુજરાતમાં જળ સંકટના વાદળો ઘેરાવા લાગ્યા છે. ત્યારે વલસાડના મોટી ચણવાઈ ગામમાં એક તરફ જનતા પાણી માટે વલખા મારી રહી છે. તો બીજી તરફ કેટલાક તત્વો દ્વારા તળાવના પાણીનો બેફામ બગાડ કરવામાં આવી રહ્યો છે. ગેરકાયદેસર રીતે મોટરો મૂકીને પાણી ચોરીની આ ઘટના સામે આવતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.વલસાડ ના મોટી ચણવાઈ ગામના દેસાઈવાડ વિસ્તારમાં આવેલા તળાવમાં માર્ચ મહિનો શરૂ થતાની સાથે જ પાણીની અછત વર્તાવા લાગી છે. ત્યારે આ ગામના જાહેર તળાવમાંથી ગેરકાયદેસર રીતે પાણી ઉલેચવાનું કૌભાંડ સામે આવ્યું છે. અહીં કેટલાક તત્વો દ્વારા કોઈ પણ ડર વગર તળાવમાં એક-બે નહીં પણ કુલ ૪ મોટરો ઉતારીને પાણી ખેંચવામાં આવી રહ્યું છે.

આશ્ચર્યની વાત તો એ છે કે તળાવમાંથી પાણી ઉલેચવા માટે સ્થળ પર એક ટેમ્પો ઊભો રાખી, તેમાં ડંકી ફિટ કરી ૩ જેટલી મોટરો ચલાવીને સતત પાણી ખેંચવામાં આવી રહ્યું છે. એક તરફ સરકાર પાણી બચાવવા માટે જળ અભિયાન ચલાવી રહી છે, ત્યારે બીજી તરફ મોટી ચણવાઈમાં ધોળા દિવસે તળાવ માંથી પાણી કાઢી નાખવામાં આવી રહ્યું છે.

આ ગેરકાયદે પ્રવૃત્તિને કારણે ગામના ભૂગર્ભ જળ સ્તર નીચા જવાની અને આગામી દિવસોમાં પાણીની ગંભીર સમસ્યા સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે. જાગૃત ગ્રામજનોએ આ બાબતે સખત વિરોધ નોંધાવ્યો છે અને માંગ કરી છે કે તળાવમાંથી ગેરકાયદે પાણી ખેંચતા આવા તત્વો સામે તંત્ર તાત્કાલિક કડક કાર્યવાહી કરે એવી ગ્રામજનો ની માંગ છે.

દિલ્હીમાં મરીન પ્રોડક્ટ્સના નિકાસ અંગે મહત્વપૂર્ણ પરામર્શ સમિતિની બેઠક મળી

વલસાડ જીલ્લાના મત્સ્યઉદ્યોગને વેગવંતુ બનાવવા સાંસદ ધવલભાઈની રજુઆત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૫ : વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટી મીડિયા વિભાગના જણાવ્યા અનુસાર, કેન્દ્રીય મંત્રી પીયુષ ગોયલજીના અધ્યક્ષસ્થાને દિલ્હીમાં મરીન પ્રોડક્ટ્સના નિકાસ અંગે યોજાયેલી મહત્વપૂર્ણ પરામર્શ સમિતિની બેઠકમાં વલસાડ-ડાંગના સાંસદ અને લોકસભા દંડક ધવલભાઈ પટેલે ભાગ લીધો હતો. આ બેઠકમાં કેન્દ્રીય રાજ્ય મંત્રી જીતિન પ્રસાદજી પણ ઉપસ્થિત રહ્યા હતા.

દિલ્હીમાં યોજાયેલી આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં ભારતના સમુદ્રી ખાદ્ય ઉદ્યોગના વિકાસ અને મરીન પ્રોડક્ટ્સના નિકાસને પ્રોત્સાહન આપવા માટે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. દરિયાઈ ઉત્પાદનોને વૈશ્વિક બજારમાં નવી ઊંચાઈએ લઈ જવા માટે વિવિધ મુદ્દાઓ પર મંત્રણાઓ થઈ હતી.

વલસાડ જિલ્લો લાંબો દરિયાકિનારો ધરાવતો હોવાથી અહીં મત્સ્યઉદ્યોગની વિશાળ સંભાવનાઓ રહેલી છે. આ ક્ષેત્રને વધુ વેગવંતુ બનાવવા અને માછીમારોની આર્થિક સ્થિતિ સુધારવા માટે સાંસદ ધવલભાઈ પટેલ દ્વારા બેઠક દરમિયાન વિશેષ ભારપૂર્વક રજૂઆત કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન સાંસદ ધવલભાઈ પટેલે ભારતીય સી-ફૂડ ઉદ્યોગને આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ મજબૂત બનાવવા માટે કેટલાક મહત્વપૂર્ણ મુદ્દાઓ રજૂ કર્યા હતા. તેમાં ખાસ કરીને સમુદ્રી ખાદ્ય પદાર્થોમાં પ્રોસેસિંગ અને વેલ્યુ એડિશન વધારવા, જેથી વૈશ્વિક બજારમાં વધુ સારી કિંમત મળી શકે તે અંગે ભાર મુકાયો હતો. ઉપરાંત ભારતીય મરીન પ્રોડક્ટ્સ ગુણવત્તા અને કિંમતની દ્રષ્ટિએ અન્ય દેશો સાથે સ્પર્ધા કરી શકે તે માટે યોગ્ય વ્યૂહરચના ઘડવાની પણ જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી હતી.

આજે વાપી મનપાનું અંદાજિત બજેટ રજુ કરાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૫ : આજે વાપી મહાનગરપાલિકાનું અંદાજિત બજેટ વહીવટદાર અને વાપી મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનરની હાજરીમાં મંજૂરી આપવામાં આવશે આ બજેટમાં વાપીના વિકાસ માટે અનેક નવા પ્રોજેક્ટ હશે તેના પર નગરજનોની નજર રહેશે. વાપી મહાનગરપાલિકા બન્યા બાદ સતત બીજા વર્ષે વાર્ષિક બજેટ વહીવટદાર અને મ્યુનિસિપલ કમિશનર રજૂ કરી રહ્યા છે લગભગ અગામી ૨૬મી માર્ચના રોજ ચૂંટણી જાહેર થાય તે પહેલા નાણાકીય વર્ષ ૨૦૨૬ ૨૭ ના વાર્ષિક બજેટનું વાપી મહાનગરપાલિકાના વહીવટદાર અને વલસાડ જિલ્લાના કલેક્ટર ભવ્ય વર્મા તેમજ મ્યુનિસિપલ કમિશનર યોગેશ ચૌધરી દ્વારા આજે તારીખ ૧૬ ૩ ૨૦૨૬ ને સોમવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે વાપી મહાનગરપાલિકાના સભાખંડમાં નગરજનો સમક્ષ રજુ કરશે જે બજેટ માં વાપીના વિકાસ માટે તૈયાર કરેલ રૂપરેખાઓ માં મોટા પ્રોજેક્ટની કે પ્રાથમિક સુવિધાઓ માટે રોડ રસ્તા પાણી ડ્રેનેજ આરોગ્ય તેમજ સ્ટ્રીટ લાઈટ અને સાફ સફાઈ પર ખૂબ જ ધ્યાન આપવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે.

વલસાડમાં વિરાટ હિંદુ સંમેલન યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૫ : વલસાડ નગરના હાલર વિસ્તારમાં વિરાટહિન્દુ સંમેલન યોજાયુંહિન્દુ એકતા સંઘ વલસાડ દ્વારા હાલર વિસ્તારમાં વિરાટ હિન્દુ સંમેલનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સંમેલનનો મુખ્ય ઉદ્દેશહિન્દુ ધર્મ, સંસ્કૃતિઅને પરંપરાનું રક્ષણ સાથે યુવા પેઢીને રાષ્ટ્રપ્રેમ, સમાજસેવા અને ધર્મ ગૌરવના માર્ગે-રિત કરવાનો હતો.કાર્યક્રમ દરમિયાન ઈસ્કોન મંદિરનાસંત રવિલોચનદાસ પ્રભુજીએ પોતાના પ્રવચનમાં હિન્દુ સંસ્કૃતિના રક્ષણ માટેશસ્ત્ર સાથે શાસ્ત્રનું જ્ઞાન પણ આવશ્યક હોવાનું જણાવ્યું હતું. તેમણે ખાસ કરીને શ્રીમદ ભગવદ્ ગીતાના નિયમિત વાંચન અને જીવનમાં તેની મૂલ્યોને અપનાવવા પર ભારમૂક્યો હતો. આ પ્રસંગે રાજસ્થાન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ ભીમસિંહ રાજપૂતે પોતાનાસંબોધનમાં સમાજમાં રહેલા જાતપાતના ભેદભાવને છોડીને સમગ્ર હિન્દુ સમાજે એકતા અનેસંગઠન સાથે આગળ વધવાની જરૂરિયાત વ્યક્ત કરી હતી. કાર્યક્રમમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનામુખ્ય વક્તાએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે સંઘની ૧૦૦ વર્ષની યાત્રા વ્યક્તિ નિર્માણથીરાષ્ટ્ર નિર્માણ સુધીની યાત્રા છે. તેમણે વર્તમાન સમયમાં ભારત સામે પડકારોઅને તેના સમાધાન અંગે વિસ્તૃત વિચાર રજૂ કર્યા હતા. કાર્યક્રમને સાંસ્કૃતિક રંગ આપવા દીકરીઓ દ્વારા ભારત માતાની વેશભૂષા રજૂ કરવામાં આવી હતી. ઉપરાંત નાના બાળકો દ્વારાનાટ્ય પ્રસ્તુતિ થકી જનજાગૃતિનો સંદેશ, પિરામિડ રચના, ભજનઅને દેશભક્તિ ગીતો દ્વારા ઉપસ્થિત સૌને દેશપ્રેમ અને સંસ્કૃતિ પ્રત્યે પ્રેરિતકરવામાં આવ્યા હતા. આકાર્યક્રમમાં બહોળી સંખ્યામાં હિન્દુ ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા અને સમાજપરિવર્તન તથા સંગઠન ભાવનાનો સંકલ્પ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે હિન્દુએકતા સંઘના યુવાનો, કાર્યકર્તાઓતેમજ સમાજના આગેવાનોનો સક્રિય સહકાર મળ્યો હતો. હિંદુ એકતા સંઘ દ્વારા અબ્રામા, રેલવેયાર્ડ, તીથલરોડ, શહીદચોક, મોગરાવાડી જેવા વિસ્તારોમાં પણ હિંદુ સંગઠનમાટે સંમેલનના કાર્યક્રમો પુર્ણ કર્યા હતા.

ગેસ સિલિન્ડર ન હોય એવા પરિવારો માટે અનોખી પહેલ

દમણની સોસાયટીમાં સાર્વજનિક ગેસ ચૂલો સ્થાપિત કરાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૧૫ : રાંધણ ગેસની સંભવિત અછત વચ્ચે, કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં આનંદ સોસાયટી ખાતે એક અનોખી પહેલ શરૂ કરવામાં આવી છે. સોસાયટીના પરિસરમાં એક જાહેર ગેસ સ્ટવ મૂકવામાં આવ્યો છે, જેનાથી ગેસ સિલિન્ડર વિનાના પરિવારો મફતમાં રસોઈ બનાવી શકે છે. રવિવાર હોવાથી, સોસાયટીના ઘણા પરિવારો ભેગા થયા અને સ્થળ પર જ ભોજન રાંધ્યું. આ સમય દરમિયાન, મહિલાઓએ એકબીજા સાથે ચર્ચા કરી કે ઓછા ગેસનો ઉપયોગ કરીને પણ સારો ખોરાક કેવી રીતે બનાવી શકાય.

સોસાયટીનું પ્રતિનિધિત્વ કરતા સતીશ શર્માએ સમજાવ્યું કે દમણમાં હાલમાં ઘરેલુ રસોઈ ગેસની કોઈ મોટી સમસ્યા નથી, પરંતુ ચાલુ આંતરરાષ્ટ્રીય યુદ્ધ ભવિષ્યમાં સંભવિત સમસ્યા ઊભી કરી શકે છે. આ એક એવી પ્રથા પણ છે જે ભવિષ્યમાં ગેસની અછત સર્જાય તો સોસાયટીના સભ્યો ભોજન રાંધવા માટે ભેગા થઈ શકે તે સુનિશ્ચિત કરવા માટે રચાયેલ છે. તેમણે સમજાવ્યું કે આનંદ સોસાયટીમાં ઘણા લોકો ભાડા પર રહે છે. તેમની સુવિધા માટે, સોસાયટીએ ગેસ અને ચૂલાની વ્યવસ્થા કરી છે, જેથી જરૂર પડ્યે તેઓ મફતમાં રસોઈ બનાવી શકે.

યુઆઈએની ચૂંટણી માટે ૨૭ ઉમેદવારો વચ્ચે જંગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા. ૧૫ : ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની આવનારી ચૂંટણીને લઈને પ્રક્રિયા તેજ બની છે. આજે ઉમેદવારી ફોર્મ ભરવાના અંતિમ દિવસે સાંજે ૫ વાગ્યે ચૂંટણી સમિતિ દ્વારા ઉમેદવારોની અંતિમ યાદી જાહેર કરવામાં આવી હતી.

ફોર્મ ચકાસણી દરમિયાન ત્રણ ઉમેદવારોના ફોર્મ રદ થતાં કુલ ૩૪માંથી ૩૧ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં રહ્યા હતા.

ત્યારબાદ આજે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખે ચાર ઉમેદવારોએ પોતાનું ઉમેદવારી ફોર્મ પરત ખેંચ્યું હતું. ફોર્મ પરત ખેંચનાર ઉમેદવારોમાં ચિરાગભાઈ (ચંદન સ્ટીલ), પ્રવીણભાઈ જૈન (ચંદન સ્ટીલ), કેતન પંચાલ (કિલુ ફેબ્રિકેશન) અને વિવેક શાહ (શુભ લક્ષ્મી મેટલ એન્ડ ટ્યુબ પ્રાઈવેટ લિમિટેડ) નો સમાવેશ થાય છે.

આ ચાર ઉમેદવારો દ્વારા ફોર્મ પરત ખેંચાતા હવે ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની ચૂંટણીમાં કુલ ૨૭ ઉમેદવારો વચ્ચે સીધી ચૂંટણી જંગ જામશે. ચૂંટણીને લઈને ઉદ્યોગકારોમાં પણ ભારે રસ જોવા મળી રહ્યો છે.

ડાંગમાં પૂર્વ રાષ્ટ્રપતિ કોવિંદ દ્વારા ૬ મંદિરોનું લોકાર્પણ

ભારતના ૧૪માં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજી આજથી બે દિવસીય દંડકારણ્યની પાવન ધરા ડાંગ જિલ્લાના મહેમાન બન્યા છે, ત્યારે આ બે દિવસ દરમિયાન તેઓના વરદ હસ્તે કુલ ૮ હનુમાન મંદિરોનો ૨૫મો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાય રહ્યો છે. ૩૧૧ હનુમાન મંદિરોના નિર્માણ યજ્ઞ ડાંગ પ્રયાગ હનુમાન યાગ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવના પ્રથમ દિવસે શનિવારે આહવા તાલુકામાં આવેલા કુલ ૬ મંદિરનું લોકાર્પણ કર્યું હતું.

આ પ્રસંગે તેમની સાથે ૩૧૧ મંદિર નિર્માણનો સંકલ્પ લેનાર રાજ્યસભાના સાંસદ ગોવિંદભાઈ ધોળકિયા અને હનુમાન મંદિર નિર્માણના પ્રેરણામૂર્તિ ડાંગના પ્રયોશા પ્રતિષ્ઠાનના સંસ્થાપક પી.પી. સ્વામીજી ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

ડાંગ જિલ્લાના ૩૧૧ ગામોના સર્વાંગી વિકાસ અને બાળકોમાં સંસ્કારના બીજ રોપાય તેમજ ગ્રામજનો વચ્ચે એકતા અને સંગઠનનો ભાવ વિકસે તે માટે સેવાના ભેખધારી અને રાજ્યસભાના સાંસદ ગોવિંદભાઈ ધોળકિયાએ ડાંગના પ્રયોશા પ્રતિષ્ઠાનના સંસ્થાપક પી.પી. સ્વામીજી પાસેથી પ્રેરણા મેળવી ૩૧૧ મંદિર બનાવવાનો સંકલ્પ લીધો હતો. જે પૈકી અત્યાર સુધીમાં ૧૭૫ મંદિરો નિર્માણ થઈ ચૂક્યા છે. મંદિર ક્રમાંક ૧૬૮થી ૧૭૫ - આઠ મંદિરોના ૨૫ માં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો આદિવાસી સંસ્કૃતિ સાથે ભવ્ય પ્રારંભ થયો હતો. પહેલા દિવસે પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે તેમની પત્ની અને પુત્રી, રાજ્યસભાના સાંસદ ગોવિંદભાઈ અને દાતાઓ સાથે બોરથડા, બહેડાનામાળ, ડોન, મુરમબારી, કોદમાળ અને કલમવિહિર ગામમાં નિર્માણ થયેલા હનુમાન દાદાના મંદિરોનું લોકાર્પણ કર્યું હતું. પૂર્વ રાષ્ટ્રપતિ અને રાજ્યસભાના સાંસદએ પણ આ ધાન્યની ટોકરી માથા પર મૂકી આદિવાસી રંગે રંગાયા હતા. દરેક મંદિરોમાં હનુમાન દાદાની આરતી અને હનુમાન ચાલીસાનું પઠન કરી ધન્યતા અનુભવી હતી. આ મુલાકાત વેળા ગામમાં આદિવાસી સમાજના લાભાર્થીઓને સહાય પણ વિતરણ કરવામાં આવી હતી. ડાંગ જિલ્લાના ગામોમાં પ્રજાજનોની સુવિધા માટેના વિકાસકાર્યો અંગે પણ પૂર્વ રાષ્ટ્રપતિએ માહિતી મેળવી હતી.

આદિવાસી બાંધવોને સંબોધી પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે જણાવ્યું કે, બાળકો દેશનું ભવિષ્ય છે. આ જ બાળકમાંથી ભવિષ્યમાં કોઈ મુખ્યમંત્રી, વડાપ્રધાન કે રાષ્ટ્રપતિ બની શકે છે. જેથી બાળકોમાં શિક્ષણની સાથે સંસ્કારના પણ બીજ રોપાય એ જરૂરી છે. બાળકોને શિક્ષણથી વંચિત ન રાખતા એવી શીખ આપી વધુમાં જણાવ્યું કે, બાળકો શિક્ષણ મેળવશે તો જ ગામની, રાજ્યની અને રાષ્ટ્રની ઉન્નતી થશે. આ વેળા ડાંગ પ્રયાગ, હનુમાન યાંગ ૩૧૧ હનુમાન મંદિરોના નિર્માણ કાર્યના યજમાનો, દાતાઓ, તથા સેવાભાવી સ્વયંસેવકો, હનુમાનભકતો, તથા ગ્રામજનો સહિત પી.પી.સ્વામીજી ઉપસ્થિત રહ્યા હતા.

ખેરગામ-વાવના ખેડૂતોનું રાજ્યપાલ દેવવ્રત દ્વારા સન્માન કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ખેરગામ, તા. ૧૫ : ખેરગામ-વાવના પ્રગતિશીલ ખેડૂતો મહેશભાઈ / મનિષાબેન પટેલ રાજ્યપાલ આચાર્ય દેવવ્રત દ્વારા સઆજના સમયમાં વધુ પાક, કમાણી માટે રાસાયણિક ખાતરોનો ભરપૂર ઉપયોગ થાય છે. જેનાથી પાકેલા અનાજના વપરાશથી અનેક લોકો વિવિધ રોગ, જીવલેણ કર્ક રોગનો ભોગ બની રહ્યા છે. ત્યારે કુદરતી ખાતરોના વપરાશ પર ભાર મુકતા દેશના એકમાત્ર સાચા ધરતીપુત્ર મહા મહિમ રાજ્યપાલ માનનીય આચાર્ય દેવવ્રતજી અવલંબિત પ્રાકૃતિક ખેતી માટે રાજ્યભરના પ્રવાસમાં ખેડૂત આલમને માધ્યમ બનાવે છે. રાજકોટ ખાતે મોરારીબાપુની રામકથામાં પણ તેમણે ઘરડાઘર અને વૃક્ષ ઉછેર માટે થયેલી રામકથામાં પણ ખૂબ જ સુંદર વક્તવ્ય દ્વારા પ્રેરણા આપી હતી. તમામ ખેડૂતો માટે સારુ જીવન જીવવાની આશાનું કિરણ પ્રાકૃતિક ખેતી તરફ પગલાં ભરવા જણાવ્યું હતું.

આછવણી ગ્રામ પંચાયતના સભ્ય અને પ્રગતિશીલ ખેડૂત મહેશ ગુલાબભાઈ પટેલ તથા વાવ ગામના મનીષાબેન પટેલ પ્રગતિશીલ મહિલા ખેડૂતને રુમલા ખાતે પધારેલા રાજ્યપાલ મહામહિમ આચાર્ય દેવવ્રતના હસ્તે પ્રાકૃતિક ખેતી કરવા બદલ સન્માન કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. જિલ્લા પંચાયત પ્રમુખ રાકેશ દેસાઈ તથા જિલ્લા વિકાસ અધિકારી સુસરી પુષ્પા લતા એ પણ અભિનંદન આપ્યા હતાં. બંને ખેડૂત ખેરગામ તાલુકાનું ગૌરવ છે. જેમને પોતપોતાના ગામના આગેવાનોએ અભિનંદન પાઠવ્યા હતા.

આહવામાં જીલ્લા કક્ષાનો પી.એમ. કિસાન ઉત્સવ દિવસ ઉજવાયો

ડાંગ જિલ્લાના ૨૨,૬૬૭ ખેડૂતોના બેંક ખાતામાં કિસાન સમ્માન નિધિ યોજનાના ૨૨ મા હપ્તાની રકમ પેટે કુલ રૂ.૫.૮૯ કરોડ જમા થયા

(દમણગંગા ટાઈમ્સ)

આહવા, તા. ૧૫ : વડાપ્રધાન નરેંદ્રભાઈ મોદીની પ્રેરણાદાયી જનસેવા યાત્રાના કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય, ભારત સરકાર દ્વારા ગુવાહાટી આસામ ખાતે ૧૩ માર્ચ ૨૦૨૬ના રોજ વડાપ્રધાનની ઉપસ્થિતમાં પી. એસ. કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૨ મો હપ્તો રિલીઝ કરવાંનો કાર્યક્રમ યોજાયો હતો. જે અંતર્ગત આહવાના ડાંગ સેવા મંડળ ખાતે ગુજરાત વિધાનસભા નાયબ મુખ્ય દંડક ડાંગના ધારાસભ્ય વિજયભાઈ પટેલની ઉપસ્થિત પી.એમ. કિસાન ઉત્સવ દિવસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં પી.એમ. કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ ડાંગ જિલ્લાના ૨૮ હજાર ૬૬૭ ખેડૂતના બેંક ખાતામાં ૨૨મા હપ્તાની રકમ પેટે કુલ રૂ. પ. ૮૯ કરોડ જમા થયા હતા. પીએમ કિસાન ઉત્સવ દિવસની ઉજવણી પ્રસંગે પીએમ કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ ૨૨ મો હપ્તો જમા થવા જઈ રહ્યો છે. જે અંતર્ગત દેશભરમાં ૧૮.૬૫૦ કરોડ જે કુલ ૯. ૩૨ ખેડૂતોના બેંક ખાતામાં જમાં થયા, જેમાં ગુજરાતમાં ૪૯, લાખ ૫૯ હજાર ૯૩૭ ખેડૂતોના ખાતામાં રૂ. ૧,૦૨૮ કરોડ, અને ડાંગ જિલ્લાના ૨૨,૬૬૭ ખેડૂતોના ખાતામાં રૂ.૫.૮૯ કરોડની સહાય રકમ જમા થઈ છે.

આ ઉજવણીમાં ડાંગ જિલ્લા પંચાયતના ઉત્પાદન, સહકાર અને સિંચાઈ સમિતિના અધ્યક્ષ શ્રી હરેશભાઈ પી.બચ્છાવ, જિલ્લા કલેક્ટર સુશ્રી શાલિની દુહાન, જિલ્લા વિકાસ અધિકારી કે.એસ.વસાવા, સહિત મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતાં.

સ્વાગત પ્રવચન જિલ્લા ખેતીવાડી અધિકારી બાલુભાઈ પટેલે કર્યું હતું. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન નાયબ પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી વિજયકુમાર પ્રભુદાસ ખાંભુએ કર્યું હતું.

ગણદેવીની લોકઅદાલતમાં ૩૫ વર્ષ જુના ભંડારી પરિવારનું સુખદ સમાધાન કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ગણદેવી, તા. ૧૫ : ગણદેવી સિવિલ કોર્ટમાં યોજાયેલી લોક અદાલતમાં ખેરગામના ભંડારી પરિવાર વચ્ચે છેલ્લા સાડા ત્રણ દાયકાથી ચાલતો જમીન મિલકતનો દિવાની વિવાદ આખરે સમાધાનથી પૂર્ણ થયો હતો. વર્ષ ૧૯૯૧થી અદાલતી કાર્યવાહીમાં અટવાયેલા પાંચ ભાઈઓ વચ્ચેના જૂના પારિવારિક ઝઘડાનો અંત આવતા પરિવારમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ન્યાયાધીશ અને વકીલોના સંયુક્ત પ્રયાસોથી વર્ષો જૂનો આ જટિલ કેસ સૌહાર્દપૂર્ણ રીતે ઉકેલીને લોક અદાલતના માધ્યમથી ન્યાયનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું.

નવસારી જિલ્લા મુખ્ય ન્યાયાધીશ પી.જે. તમાકુવાલા અને ડિસ્ટ્રિક્ટ લીગલ સર્વિસિસ ઓથોરિટીના સચિવ કે. ડી. દ્વિવેદીના માર્ગદર્શન હેઠળ શનિવારે ગણદેવીમાં લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગણદેવીના પ્રિન્સિપલ સિનિયર સિવિલ જજ ડી.પી. ઓઝાએ વિશેષ રસ દાખવતા વર્ષ ૧૯૯૧થી ચાલતા વિવાદમાં મધ્યસ્થી કરાઈ હતી. આ સમગ્ર પ્રક્રિયામાં સિનિયર એડવોકેટ તુષાર વશી, ગણદેવી વકીલ મંડળના પ્રમુખ જીગ્નેશ નાયક અને સિનિયર એડવોકેટ બી.એ. ભંડારીએ હકારાત્મક ભૂમિકા ભજવી કાયદાકીય ગૂંચ ઉકેલી હતી. ૩૫ વર્ષ બાદ વિવાદનો અંત આવતા પાંચેય ભાઈઓ અને તેમનો પરિવાર એકસાથે જોવા મળ્યો હતો.જે સાબિત કરે છે કે લોક અદાલત સમય અને નાણાં બચાવવાની સાથે તૂટેલા સંબંધો જોડવામાં પણ અસરકારક સાબિત થાય છે.

SBI ગણદેવી શાખા દ્વારા CSR પ્રવૃત્તિ અંતર્ગત

કછોલી કન્યાશાળામાં ૧૭ જેટલા ટોયલેટના કામ માટે ગ્રાન્ટ ફાળવાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા. ૧૫ : ભારતીય સ્ટેટ બેંક ગણદેવી શાખા અને રીજીયોનલ ઓફિસ નવસારીના સંયુક્ત સહયોગથી સામાજિક જવાબદારીના ભાગરૂપે ગાંધીઘર કછોલી ખાતે આવેલી બધિર કન્યા નિવાસી શાળામાં સેનેટરી બ્લોકના નવીનીકરણ અને રિપેરિંગની કામગીરી હાથ ધરવામાં આવનાર છે. આ પ્રોજેક્ટ અંતર્ગત બેંક દ્વારા કુલ ૧૭ જેટલા ટોયલેટના કામ માટે ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ સુવિધાનો સીધો લાભ બધિર કન્યા શાળા તેમજ ત્યાં કાર્યરત બાલમંદિરની દીકરીઓને મળશે,

જેનાથી શાળામાં સ્વચ્છતા અને આરોગ્યપ્રદ વાતાવરણ વધુ સુદ્રઢ બનશે.આ સેવાકીય કાર્યના લોકાર્પણ પ્રસંગે SBI ગણદેવી શાખાના મેનેજર જીતેન્દ્ર કુંભાણી તથા બેંકનો અન્ય સ્ટાફ વિશેષ ઉપસ્થિત રહ્યો હતો. બેંકની આ ઉમદા કામગીરીને નિવાસી શાળાના સંચાલકો અને સ્ટાફ મિત્રોએ બિરદાવી હતી. શાળા પરિવાર દ્વારા દીકરીઓની પાયાની જરૂરિયાત સમજીને કરવામાં આવેલી આ મદદ બદલ લ્ત ગણદેવી શાખાનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

સુબીરની મહિલાઓ માટે સેનેટરી પેડ બનાવવાની તાલીમ કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

આહવા, તા. ૧૫ : ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, કાકરાપાર દ્વારા ડાંગ જિલ્લાના સુબિર તાલુકાના ગ્રામ્ય મહિલાઓને આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશ્યથી સખી સ્વાવલંબન યોજના - સેનેટરી પેડ બનાવવાની તાલીમ અને સ્વરોજગાર ઉપલબ્ધતા કાર્યક્રમનું આયોજન સુબીર ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ મહિલાઓમાં માસિક સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવાનો તેમજ તેમને સ્વરોજગારની તક પૂરી પાડવાનો છે.

કાર્યક્રમમાં સખી મંડળની બહેનોને સેનેટરી પેડ બનાવવાની તાલીમ આપવામાં આવી હતી. સાથે સાથે સેનેટરી પેડ બનાવવાના મશીન અને વિતરણ માટે વેન્ડીંગ મશીનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં મહિલાઓને ઉત્પાદન પ્રક્રિયા, ગુણવત્તા નિયંત્રણ, પેકેજિંગ તેમજ માર્કેટિંગ અંગે માર્ગદર્શન આપવામાં આપવામાં આવ્યું હતું. તેમજ તાલીમ પૂર્ણ થયા બાદ મહિલાઓને મશીન તથા જરૂરી કાચામાલની વ્યવસ્થા કરીને સ્વરોજગાર માટે પ્રોત્સાહિત કરવામાં પણ આવશે. કાર્યક્રમમાં ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, કાકરાપારના સાઈટ ડાયરેક્ટર સંજયકુમાર માલવીયા ખાસ ઉપસ્થિત રહી જણાવ્યું હતું કે, આ યોજના દ્વારા મહિલાઓનું સશક્તિકરણ અને આત્મનિર્ભરતા પ્રાપ્ત કરી આર્થિક વિકાસ સાધશે. આ પ્રકારની તાલીમ દ્વારા મહિલાઓ માત્ર પોતાને જ નહીં પરંતુ પોતાના પરિવાર અને સમાજના વિકાસમાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપી શકશે. આ પ્રસંગે ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, કાકરાપારના સી.એસ.આર. ચેરમેન અશોકકુમાર સાહુ, પ્રોજેકટ કો.ઓડીનેટર શોનિયા ત્યાગી અને કુ.પ્રિયા ગુપ્તા, અને રોજગાર અધિકારી - આહવા-ડાંગ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

ડાંગમાં ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માનાનો ભવ્ય રોડ શો યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સાપુતારા, તા. ૧૫ : ગુજરાત ભાજપના નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ પદભાર સંભાળ્યા બાદ પ્રથમ વખત ડાંગ જિલ્લાની મુલાકાત લીધી હતી. આ પ્રવાસ દરમિયાન આહવા ખાતે આયોજિત ભવ્ય રેલી અને બુથ સમિતિ સંમેલનમાં ભાજપના કાર્યકરોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.શબરી ધામની પવિત્ર ભૂમિ ગણાતા ડાંગમાં પ્રદેશ અધ્યક્ષનું પરંપરાગત શૈલીમાં ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આહવાના બિરસામુંડા સર્કલથી એક વિશાળ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલી શહેરના મુખ્ય માર્ગો પર ફરીને સ્વરાજ આશ્રમ ખાતે પહોંચી હતી. રેલીમાં જિલ્લા પ્રભારી મંત્રી જયરામ ગામીત, દક્ષિણ ઝોન પ્રભારી પ્રશાંત કોરાટ, સાંસદ ધવલ પટેલ અને સ્થાનિક ધારાસભ્ય વિજય પટેલ, ડાંગ ભાજપા પાર્ટી પ્રમુખ કિશોરભાઈ ગાવીત, પ્રભારી રાજેશભાઈ દેસાઈ સહિતના આગેવાનો જોડાયા હતાં. સ્વરાજ આશ્રમ ખાતે ડાંગના રાજા

ધનરાજસિંહજી દ્વારા પ્રદેશ અધ્યક્ષને પરંપરાગત સાફો પહેરાવી અને આદિવાસી સંસ્કૃતિનું પ્રતિક એવું તીર-કમાન અર્પણ કરી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. બુથ સમિતિ કાર્યકર્તા સંમેલનને સંબોધતા જગદીશ વિશ્વકર્મા ભાવુક થયા હતા. તેમણે જણાવ્યું હતું કે, માતા શબરીની આ પવિત્ર ભૂમિ પર જે સ્નેહ મળ્યો છે તે અવિસ્મરણીય છે. તેમણે ડાંગના શૌર્યમય ઈતિહાસ અને લોકોની ભગવાન રામ પ્રત્યેની અતૂટ શ્રદ્ધાને બિરદાવી હતી. પોતાના સંબોધનમાં તેમણે વિપક્ષ પર નિશાન સાધતા કહ્યું કે,ભાજપ સરકારે હંમેશા વિકાસની રાજનીતિ કરી છે, જ્યારે કોંગ્રેસે માત્ર વિરોધ કર્યો છે. ગેસ સિલિન્ડરના મુદ્દે દેખાવો કરનારા રાહુલ ગાંધી પર પ્રહાર કરતા તેમણે સરકારની જનકલ્યાણકારી યોજનાઓની યાદ અપાવી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે ભાજપ સરકારે જ આદિવાસી જનજાતિના મહાનાયક ભગવાન બિરસા મુંડાને સાચું સન્માન અપાવ્યું છે. પ્રદેશ અધ્યક્ષે બુથ સ્તરના કાર્યકરોને સંગઠનની કરોડરજ્જુ ગણાવ્યા હતાં. તેમણે કહ્યું કે બુથ પ્રમુખથી લઈને નાનામાં નાના કાર્યકરની મહેનતને કારણે જ ભાજપ આજે આટલું મજબૂત બન્યું છે.

સુપ્રભાતમ્

આજનું પંચાગ

તા. ૧૬-૦૩-૨૦૨૬, **વાર :** સોમવાર **તિથિ :** ફાગણ, બારસ **સૂર્યોદય :** ૦૬ : ૫૧ **સૂર્યાસ્ત** ૧૮ : ૪૫, **ચંદ્રોદય** - ૦૪:૫૭ **ચંદ્રાસ્ત** - ૦૪:૨૦ **ચંદ્ર રાશિ :** મકર, **નક્ષત્ર** -ધનિષ્ઠા

આજનું રાશિભવિષ્ય

મેષ(અ.લ.ઈ) : સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે.

વૃષભ(બ.વ.ઉ) : તમારી જાતે જ કોઈ દવા લેવાનું ટાળજો કેમ કે એવું કરવાથી ડ્રગ ડિપેન્ડન્સીની શક્યતા વધી શકે છે.

મિથુન(ક.છ.ઘ) : આજે ગરદન -કમરમાં સતત દુખાવાથી તમે પીડાવ એવી શક્યતા છે. જો આ દુખાવા સાથે તમે સામાન્ય નબળાઈ પણ અનુભવતા હો તો તેની અવગણના કરશો નહીં.

કર્ક(ડ.હ) : આજના દિવસે કોઈ મિત્ર દ્વારા જ્યોતિષ માર્ગદર્શન તમારૂં સ્વાસ્થ્ય સુધારવા માટે તમને પ્રોત્સાહિત કરશે.

સિંહ(મ.ટ.) : તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કેલેરીયુક્ત આહાર ટાળો. તમે તેજસ્વી નવા વિચારો સાથે સામે આવશો.

કન્યા(પ.ઠ.ણ.) : આજના દિવસે તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ.

તુલા (ર.ત.) : આજે નાની-નાની બાબતોને તમારા મગજ પર અસર કરવા ન દેતા. આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થઈ શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે.

વૃશ્ચિક(ન.ય.) : અસુરક્ષિતતા/દિશાહિનતાની ભાવના અસ્થિરતા સર્જી શકે છે.

ધન(ભ.ધ.ફ.ઢ.) : આજના દિવસે તમારી આશા કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે.

મકર(જ.ખ) : વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસા ની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે.

કુંભ(ગ.શ.સ.) : આજે વધુ પડતી ચિંતા તથા તાણ તમારા સ્વાસ્થ્યને બરબાદ કરી શકે છે.માનસિક સ્પષ્ટતા જાળવવા માટે તમારે મૂંઝવણ તથા હતાશા ટાળવી જોઈએ.

દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી — સોમવાર

સવારની પ્રથમ સભા : ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

સાંજે : ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

સુડોકુ નં.૫૩૩

9			3					2
8		4				3		5
	6		4		9		8	
1				6				3
			8		1			
5				4				9
	7		6		3		2	
3		5				9		4
6				8				7

અહીં એક ચોકઠું આપ્યું છે

જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેકબોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

સુડોકુ નં.૫૩૨નો ઉકેલ

4	5	2	7	8	3	6	1	9
9	3	1	6	4	2	5	7	8
6	7	8	5	9	1	4	2	3
5	2	4	9	1	7	3	8	6
1	8	3	4	5	6	7	9	2
7	6	9	2	3	8	1	5	4
3	1	7	8	2	4	9	6	5
2	4	5	1	6	9	8	3	7
8	9	6	3	7	5	2	4	1

વાપી, વલસાડ, દમણ અને સેલવાસમાં વિ-મહિલા મંડળનો ગંગૌર મહોત્સવ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૫ : વાપી વલસાડ-દમણ-સિલ્વાસા સ્થિત વિ - મહિલા મંડળ દ્વારા આયોજિત ભવ્ય ગંગૌર મહોત્સવ ૧૪ માર્ચ, ૨૦૨૫, શનિવારના રોજ રોયલ શેલ્ટર હોલ ખાતે ઉત્સાહ અને પરંપરાગત ઉત્સાહ સાથે યોજાયો હતો. મોટી સંખ્યામાં મંડળના સભ્યો અને મહેમાનોએ ભાગ લીધો હતો, જેનાથી ઉત્સવની ભવ્યતામાં વધારો થયો હતો.

મંડળના પ્રમુખ મંજુ શર્માએ ઉપસ્થિત તમામ મહેમાનો અને સભ્યોનું સ્વાગત કરીને કાર્યક્રમની શરૂઆત કરી હતી. ત્યારબાદ, તમામ સમિતિના સભ્યોએ દીપ પ્રગટાવીને કાર્યક્રમની ઔપચારિક શરૂઆત કરી હતી. પરંપરાગત લોકગીતો, નૃત્ય પ્રદર્શન અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓએ સમગ્ર કાર્યક્રમ દરમિયાન ઉત્સવનું વાતાવરણ જાળવી રાખ્યું હતું. મંડળના સભ્યોએ ઉત્સાહપૂર્વક કાર્યક્રમમાં ભાગ લીધો હતો, મનમોહક નૃત્ય અને ગીત રજૂ કર્યા હતા, જેની ઉપસ્થિત સૌએ ખૂબ પ્રશંસા કરી હતી. ભારતીજી દ્વારા તૈયાર કરાયેલ સુંદર ગંગૌર ટેબ્લો એક ખાસ આકર્ષણ હતું. શ્રુતિ દયામા અને સ્વાતિ દયામાએ તેમના મનમોહક શિવ-પાર્વતી ટેબ્લોથી બધાને મંત્રમુગ્ધ કરી દીધા હતા. કાર્યક્રમનું સફળ અને અસરકારક સંચાલન કુસુમ પારીક દ્વારા કરવામાં આવ્યું હતું, જેના માટે તેમને ખાસ પ્રશંસા મળી હતી. તેમના સુગમ અને સુવ્યવસ્થિત વર્તનથી સમગ્ર કાર્યક્રમ સુગમ રીતે ચાલી રહ્યો હતો. કાર્યક્રમના અંતે, આયોજકોએ કાર્યક્રમની સફળતામાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે યોગદાન આપનારા તમામ સભ્યો, સહભાગીઓ અને મહેમાનોનો આભાર વ્યક્ત કર્યો.

ગુજરાત સ્ટેટ દ્વારા ગાંધીનગરમાં યોજાયેલ

વાપી રોફેલ યુનિ.ની વિદ્યાર્થીનીઓ Rugby લીગમાં રનર્સઅપ બની

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૫ : અસ્મિતા Rugby લીગ ગુજરાત સ્ટેટ દ્વારા ગાંધીનગર ખાતે તારીખ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વલસાડ એસોસિએશન જિલ્લાની ૨૭બીની ટીમમાં રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીની વિદ્યાર્થીનીઓ જેમકે સાધના પ્રસાદ (SYB BA), આંચલ માલ (FY BBA) અને કુમકુમ યાદવ (FYBA) આ વિદ્યાર્થીનીઓએ સેકન્ડ રનર અપ બન્યા હતાં. તેથી વલસાડ જિલ્લાનું અને રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીનું નામ રોશન કર્યું છે. આ વિદ્યાર્થીનીઓને રોફેલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ. વિકાસ દેસાઈ, ઈન્ચાર્જ રજિસ્ટ્રાર ડૉ. પ્રિયકાન્ત વેદ અને મેનેજમેન્ટ વિભાગના ડીન ડૉ. કેદાર શુક્લા તેમજ શારીરિક શિક્ષણના અધ્યાપક ડૉ. દિલીપ ઘોલપે માર્ગદર્શન આપી અભિનંદન પાઠવ્યા હતાં.

દમણમાં વોલીબોલ-ફુટબોલ ટુર્ના. યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૧૫ : ખેલો ઇન્ડિયા ૨૦૨૬ નામના સ્વચ્છતા અભિયાનના ભાગ રૂપે, દમણ નગરપાલિકાએ વોલીબોલ અને ફૂટબોલ ટુર્નામેન્ટનું આયોજન કર્યું. રમતવીરોમાં સ્વચ્છતાના મહત્વ અને સ્વસ્થ જીવનશૈલી વિશે જાગૃતિ લાવવા માટે એક ખાસ કાર્યક્રમ યોજવામાં આવ્યો.

કાર્યક્રમ દરમિયાન, ખેલાડીઓને પ્રોત્સાહિત કરતી વખતે, તેમને કહેવામાં આવ્યું કે સ્વચ્છતા અપનાવવાની સાથે, તેમણે પોતાના પરિવાર અને આસપાસના લોકોને પણ સ્વચ્છતા અપનાવવા અને સમાજમાં જાગૃતિ ફેલાવવા માટે પ્રેરણા આપવી જોઈએ.

ટુર્નામેન્ટમાં વિજેતા અને ઉપવિજેતા ટીમોને ટ્રોફી અને મેડલથી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

આ પ્રસંગે દમણ નગરપાલિકાના પ્રમુખ દીપિકાબેન ટંડેલ અને વોર્ડ નં. ૬ના કાઉન્સિલર એસ.પી. ભાઈ દમણિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ખેલાડીઓને ટ્રોફી અને મેડલ અર્પણ કર્યા હતાં.

સેલવાસની લોક અદાલતમાં ૪૨૧ કેસોનો નિકાલ કરાયો

કુલ રૂ. ૨.૩૬ કરોડનું સેટલમેન્ટ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સેલવાસ, તા. ૧૫ : રાષ્ટ્રીય વિધિક સેવા પ્રાધિકરણ, નવી દિલ્હી અને રાજ્ય વિધિક સેવા પ્રાધિકરણના માર્ગદર્શન હેઠળ જિલ્લા વિધિક સેવા પ્રાધિકરણ, દાદરા અને નગર હવેલી દ્વારા શનિવારે સિલવાસા જિલ્લા ન્યાયાલય પરિસરમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ લોક અદાલતનું સફળ આયોજન જિલ્લા વિધિક સેવા પ્રાધિકરણની અધ્યક્ષ તથા પ્રિન્સિપલ જિલ્લા અને સત્ર ન્યાયાધીશ વિભા ઈંગલેના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. લોક અદાલતમાં ચેક બાઉન્સ કેસો, મજૂર વિભાગના કેસો, મોટર અકસ્માત કેસો, જમીન અધિગ્રહણ કેસો, રેવન્યુ કેસો, વૈવાહિક વિવાદો, ફોજદારી કમ્પાઉન્ડેબલ કેસો, બેંક, ગ્રાહક કેસો, ગ્રામ પંચાયત તેમજ પ્રી-લિટિગેશન કેસો સહિતના વિવિધ પ્રકારના વિવાદોને સમાધાનથી ઉકેલવાના પ્રયાસો કરવામાં આવ્યા.

આ પ્રસંગે પેનલ જજ તરીકે જયદેવ ઘુલે અને એ.આર. વ્યાવહારે હાજર રહી કેસોના નિકાલમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

લોક અદાલતમાં કુલ ૨૨૬૭ કેસો રજૂ કરવામાં આવ્યા હતા, જેમાંથી ૪૨૧ કેસોનો સમાધાનથી નિકાલ કરવામાં આવ્યો હતો. આ કેસોમાં કુલ રૂ. ૨,૩૬,૨૦,૦૨૦નું સેટલમેન્ટ થયું હતું. લોક અદાલતના આયોજનથી અનેક કેસોમાં ઝડપથી ન્યાય મળતા પક્ષકારોને રાહત મળી હતી.

સેલવાસ જીએનએલયુમાં ચર્ચા સ્પર્ધા સાથે મહિલા સપ્તાહ સંપન્ન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સેલવાસ, તા. ૧૫ : આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૨૦૨૬ની ઉજવણીમાં, ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, સિલ્વાસા કેમ્પસની જાતિ સંવેદના સમિતિએ લિંગ સમાનતા અને સામાજિક જાગૃતિને સમર્પિત કાર્યક્રમોની એક વ્યાપક શ્રેણી મહિલા સપ્તાહનું સફળતાપૂર્વક આયોજન કર્યું. ૧૨ માર્ચ, ૨૦૨૬ના રોજ યોજાયેલ પ્રતિષ્ઠિત આંતર-કોલેજ ચર્ચા સ્પર્ધા સાથે આ સપ્તાહનું સમાપન થયું. ગેઇન ટુ ગેઇનની વ્યાપક થીમ હેઠળ આયોજિત, સ્પર્ધામાં ૧૦ માર્ચના રોજ એક તીવ્ર પ્રારંભિક રાઉન્ડ જોવા મળ્યો, જેમાં ૨૬ સહભાગીઓ હતા, અને ટોચના ૧૦ વક્તાઓ અંતિમ તબક્કામાં પહોંચ્યા. પ્રીતિ જૈન અને ઉદિત કૃષ્ણ દ્વારા શરૂ કરાયેલ અંતિમ સત્ર એક પડકારજનક થીમ પર કેન્દ્રિત હતું. આ ગૃહ માને છે કે લાંબા ગાળાની સમાનતા માટે મહિલા-કેન્દ્રિત હકારાત્મક પગલાં કરતાં લિંગ-તટસ્થ કાયદો વધુ અસરકારક છે.

કાર્યક્રમની બૌદ્ધિક ઊંડાણ જ્યુરીની કુશળતા દ્વારા મેળ ખાતી હતી, જેમાં બે દાયકાથી વધુનો અનુભવ ધરાવતા વરિષ્ઠ શૈક્ષણિક વ્યૂહરચનાકાર અને માસ્ટર એજ્યુકેટર કમલિકા મુખોપાધ્યાય અને લેખક અને શૈક્ષણિક પ્રશિક્ષક વિજયા જેફરીનો સમાવેશ થતો હતો.

સમગ્ર ચર્ચા દરમિયાન, સહભાગીઓએ લિંગ-તટસ્થતાના આદર્શવાદ અને માળખાકીય અસમાનતાઓના સામનોમાં મહિલા-કેન્દ્રિત કાયદાઓની વ્યવહારિક જરૂરિયાત વચ્ચેના જટિલ તણાવને ઉકેલવાનો પ્રયાસ કર્યો. દલીલો પછી, ન્યાયાધીશોએ અમૂલ્ય પ્રતિસાદ આપ્યો. મુખોપાધ્યાયે પિતૃસત્તાક માળખાના સતત પ્રભાવ પર ધ્યાન આપ્યું, જ્યારે જેફરીએ વિદ્યાર્થીઓના આત્મવિશ્વાસની પ્રશંસા કરી અને તેમને કાનૂની માળખામાં વધુ જિજ્ઞાસુ સંશોધન કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતાં.

સ્પર્ધા વિજેતાઓની જાહેરાત સાથે સમાપ્ત થઈ, જેમાં હવેલી ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચના સચિન શાહ અને GNLU સિલ્વાસાના ખુશીને શ્રેષ્ઠ વક્તાનો ખિતાબ મળ્યો. GNLU સિલ્વાસાના દિવ્યાંશી જરિયાને પ્રથમ રનર-અપ તરીકે પસંદ કરવામાં આવ્યા હતાં.

ચણવઈ અને કચીગામમાં રસાયણ મુક્ત ખેતીના ફાયદા સમજાવાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૫ : વલસાડ તાલુકાના ચણવઈ ગામમાં પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધ્ધ નિતેશભાઈ પટેલ અને કૃષિ સખી કાન્તાબેન પટેલ દ્વારા પ્રાકૃતિક ખેતીની માહિતી આપવામાં આવી હતી.

એ જ રીતે વલસાડના કચીગામમાં પણ જેમાં પ્રાકૃતિક ખેતીની તાલીમ આપવામાં આવી હતી. જેમાં કોમ્યુનિટી રિસોર્સ પર્સન નેહાબેન અને કૃષિ સખી નિરાલીબેન દ્વારા પ્રાકૃતિક ખેતી એ એવી કૃષિ પદ્ધતિ છે, જેમાં કોઈ રાસાયણિક ખાતર કે ઝેરી દવાઓ વગર, કુદરતી ઘટકો જેમ કે, ગાયનું ગોબર અને ગૌમૂત્ર જૈવિક અવશેષો અને ભૂમિની સ્વાભાવિક ઉપજ ક્ષમતા પર આધાર રાખી જમીન અને પર્યાવરણને બચાવી ઉત્પાદન લેવામાં આવે છે તે અંગે ખેડૂતોને માહિતી આપવામાં આવી હતી. રાસાયણિક ખાતરો અને ઝેરી દવાઓના ઉપયોગના કારણે લોકોનું સ્વાસ્થ્ય ખુબ જ બગડ્યું છે. તેથી પ્રાકૃતિક ખેતીથી રસાયણમુક્ત ઉત્પાદન લઈ શકાય છે. આવનારી ભવિષ્યની પેઢીને વારસામાં રસાયણમુક્ત અને ઉપજાઉ જમીન આપી શકાય છે તે અંગે ખેડૂતોને માહિતી આપવામાં આવી હતી.

સેલવાસમાં કોંગ્રેસ સમિતિની બેઠક યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સેલવાસ, તા. ૧૫ : ગોવા, દાદરા નગર હવેલી અને દમણ-દીવ માટેના અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના પ્રભારી માણિકરાવ ઠાકરે એ દાદરા નગર હવેલીના પ્રશાસન અને ભાજપ પર કડક પ્રહાર કરતા આરોપ લગાવ્યો કે અહીંની જનતાની જમીન અને હકો છીનવવાની કોશિશ થઈ રહી છે. પ્રદેશ કોંગ્રેસ સમિતિ રચાયા બાદ યોજાયેલી પ્રથમ બેઠકમાં હાજરી આપવા સિલવાસા આવેલા ઠાકરે જણાવ્યું કે કોંગ્રેસ જનતા સાથે ઉભી છે અને અન્યાય સામે મોટું આંદોલન ઊભું કરવામાં આવશે.

તેમણે પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ પ્રભુ ટોકિયાના નેતૃત્વની પ્રશંસા કરતા કહ્યું કે તેમણે સંગઠનને મજબૂત બનાવતાં સાથે જનતાના પ્રશ્નોને જોરદાર રીતે ઉઠાવ્યા છે. ઠાકરે આરોપ લગાવ્યો કે આંદોલન દરમિયાન પ્રભુ ટોકિયાની ખોટી રીતે ધરપકડ કરવામાં આવી અને તેમના પર ખોટા આરોપો મૂકવામાં આવ્યા, જેના કોંગ્રેસ કડક નિંદા કરે છે.

તેમણે ગેસ સિલિન્ડરની સમસ્યા અને કેન્દ્ર સરકારની નીતિઓ પર પણ સવાલ ઉઠાવ્યા અને જણાવ્યું કે આ નીતિઓના કારણે ઉદ્યોગ અને વેપાર પર અસર પડી રહી છે અને સામાન્ય જનતા પરેશાન થઈ રહી છે. તેમણે વડાપ્રધાન Narendra Modi ની સરકારની નીતિઓની ટીકા કરી. તેમણે ચેતવણી આપી કે જો જનતાના હકો પર આ રીતે હુમલો ચાલુ રહેશે તો કોંગ્રેસ ગામે ગામે આંદોલન તેજ કરશે અને પ્રશાસન સામે મોટું જનઆંદોલન ઊભું કરશે.

વાપી મનપાની ચૂટણી સંદર્ભમાં ભાજપાની બેઠક મળી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૫ : ભારતીય જનતા પાર્ટી વાપી શહેરની અગત્યની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આગામી મહાનગરપાલિકાની ચૂંટણીના સંદર્ભે વલસાડ જિલ્લાના નવનિયુક્ત પ્રભારી વિનય ભાઈ શુકલાના પ્રવાસ સંદર્ભે ભારતીય જનતા પાર્ટી વલસાડ જિલ્લાના પ્રમુખ હેમંતભાઈ કંસારાની અધ્યક્ષતામાં અને કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈની વિશેષ ઉપસ્થિતિમાં વાપી શહેર મંડળ અને વાપી મહાનગરપાલિકામાં જોડાયેલા વાપી તાલુકાના ગામોના કાર્યકર્તા મિત્રો સાથે પરિચય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ, પ્રદેશ મંત્રી સોનલબેન સોલંકી, વલસાડ જિલ્લા ભાજપ મહામંત્રી નિખિલભાઈ ચોકસી, ગણેશભાઈ બીરારી, કમલેશભાઈ પટેલ, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ, તેમજ પ્રદેશ ચૂંટણી સમિતિના સદસ્ય સીલ્પેશભાઈ દેસાઈ સહિત વાપી શહેર અને વાપી તાલુકાના કાર્યકર્તા મિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. નવનિયુક્ત પ્રભારી વિજયભાઈ શુક્લાએ દરેક કાર્યકર્તાઓનો પરિચય મેળવ્યો હતો. ઉપરાંત તેમને આગામી મહાનગરપાલિકાની ચૂંટણી સંદર્ભે માર્ગદર્શન આપ્યું હતું અને ૧૩ વોર્ડની બધી પર બેઠક ભારતીય જનતા પાર્ટીને મળે એવી તૈયારીઓ પાર પાડવા જણાવ્યું હતું.

તરમાલિયામાં શિક્ષિકાની બદલી કરવા માંગ

શિક્ષિકા સામે વિદ્યાર્થીને માનસિક ટોર્ચરનો આક્ષેપ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા. ૧૫ : પારડી તાલુકાના તરમાલિયા ગામમાં આવેલ ભેંસુ ફળિયાની વર્ગ પ્રાથમિક શાળાની શિક્ષિકા સામે વિદ્યાર્થીને માનસિક ટોર્ચરનો આક્ષેપ કરી શિક્ષિકાની બદલી કરવા માટે માંગણી કરવામાં આવી છે અને જો બદલી કરવામાંના આવે તો ઉપવાસ પર ઉતરી જવાની ચીમકી અપાય છે. તરમાલિયા ભેંસુ ફળિયા ગામના રહેવાસી દિનેશભાઈ અખ્ખુભાઈ પટેલે જિલ્લા શિક્ષણ અધિકારીને લેખિત અરજી આપી શાળાની ઉપશિક્ષિકા હેમલતાબેન સામે ગંભીર આક્ષેપો કર્યા છે અને તેમની તાત્કાલિક બદલી કરવાની માંગ કરી છે અરજી મુજબ દિનેશભાઈ પટેલના પૌત્ર કેનિલ ચંદ્રવદન પટેલ, જે હાલ તરમાલિયા ભેંસુ ફળિયાની વર્ગ શાળામાં ધોરણ-૫માં અભ્યાસ કરે છે, પોતાના નાનીના અવસાનને કારણે તા. ૬ અને ૭ માર્ચે શાળામાં હાજર રહી શક્યો નહોતો. આ પછી શાળાની ઉપશિક્ષિકા હેમલતાબેને અન્ય વિદ્યાર્થીઓને સૂચના આપી કે કેનિલ સાથે કોઈ વાતચીત ન કરે તેમજ રિસેસ દરમિયાન પણ તેની સાથે જમવાનું કે મિત્રતા ન રાખે.

પરિવારનું કહેવું છે કે આ બાબતની જાણ શાળાના મુખ્ય શિક્ષક અને સંબંધિત અધિકારીઓને ટેલિફોન દ્વારા કરવામાં આવી હતી, છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

દિનેશભાઈ પટેલે અરજીમાં વધુમાં આક્ષેપ કર્યો છે કે શિક્ષિકા ગામમાં ખુલ્લેઆમ કહે છે કે તેમની સામે કોઈ ફરિયાદ કરવાથી કંઈ અસર નહીં થાય અને તેઓ રાજકીય તથા અધિકારીક સ્તરે પહોંચ ધરાવે છે.

અરજદારે જિલ્લા શિક્ષણ અધિકારીને માંગ કરી છે કે સમગ્ર મામલે તપાસ કરી શાળાના વિદ્યાર્થીઓના નિવેદનો લેવામાં આવે અને હેમલતાબેનની તાત્કાલિક બદલી અન્યત્ર કરવામાં આવે. સાથે સાથે જિલ્લાના તમામ શિક્ષકોને વિદ્યાર્થીઓ સાથે માનસિક હેરાનગતિ ન કરવા અંગે સૂચના આપવા પણ માંગ કરવામાં આવી છે જો યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો અરજદાર શાળાની બહાર આમરણાંત ઉપવાસ કરવા અથવા આત્મવિલોપન જેવા પગલાં લેવા મજબૂર બનશે અત્યારે સમગ્ર મામલો જિલ્લા શિક્ષણ અધિકારી સમક્ષ પહોંચતા આગળ શું કાર્યવાહી થાય એ ચર્ચાનો વિષય બની છે.

સેલવાસમાં વધતી ગરમીને લઈ આરોગ્ય વિભાગે વિશેષ કાળજી રાખવા ભલામણ કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સેલવાસ, તા. ૧૫ : પ્રદેશમાં દિવસેને દિવસે વધી રહેલી ગરમીને ધ્યાનમાં રાખીને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે નાગરિકોને સતર્ક રહેવા અપીલ કરી છે. વિભાગે જણાવ્યું છે કે ઉકળાટભર્યું વાતાવરણ અને ઊંચું તાપમાન આરોગ્ય પર ગંભીર અસર કરી શકે છે. ખાસ કરીને નવજાત શિશુઓ, બાળકો, વૃદ્ધો તેમજ લાંબા સમય સુધી ધુપમાં કામ કરતા મજૂરો, ખેડૂતો, રસ્તા અને બાંધકામ ક્ષેત્રે કાર્યરત શ્રમિકો, રમતગમત પ્રવૃત્તિઓમાં જોડાયેલા યુવાનો અને પોલીસ કર્મચારીઓને વિશેષ કાળજી રાખવાની જરૂર છે. વિભાગના જણાવ્યા અનુસાર વધુ ગરમીના સીધા સંપર્કમાં આવવાથી હીટ સ્ટ્રોકનો ખતરો વધી જાય છે. તેના મુખ્ય લક્ષણોમાં શરીરનું તાપમાન ૧૦૪ ડિગ્રી ફેરનહાઇટથી વધુ થવું, ભારે માથાનો દુખાવો, ચક્કર આવવું, ઉકળાટ હોવા છતાં ઓછો પસીનો આવવો, ત્વચા લાલ, ગરમ અને સૂકી લાગવી, સાથે જ હળવા અને સૂતી કપડાં પહેરવા, ધુપથી બચવા સ્કાર્ફનો ઉપયોગ કરવા તેમજ ગરમીના દિવસોમાં લીંબુ પાણી, છાશ અને નાળિયેર પાણી જેવા પ્રવાહી પીણાં વધુ પ્રમાણમાં લેવા સલાહ આપવામાં આવી છે. હરી પત્તાવાળી શાકભાજી અને ફળોનો ઉપયોગ વધારવાની પણ ભલામણ કરાઈ છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે જણાવ્યું છે કે નાગરિકો આ સૂચનોનું પાલન કરીને પોતાને અને પોતાના પરિવારને સુરક્ષિત રાખી શકે છે। વધુ માહિતી માટે ૧૦૪ પર સંપર્ક કરવા અથવા નજીકના આરોગ્ય અધિકારીની સલાહ લેવા અપીલ કરવામાં આવી છે.

વાપી મનપાની નવી સીટી બસ સેવાનો પ્રારંભ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૫ : વાપી મહાનગરપાલિકા દ્વારા નવી સીટી બસ સેવાનો નાણામંત્રી કનુભાઈ દેસાઈએ કરાવ્યો પ્રારંભ ૨૦ જેટલી બસો વાપીના પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ વિસ્તારના વિવિધ ગામોમાં ફરશે અને ૧૨ જેટલા રૂટો ઉપર આ ૨૦ બસ માત્ર રૂપિયા ૧૦માં મુસાફરોને મુસાફરી કરાવશે. સાથે તમામ રૂટ ઓનલાઇન અને મોબાઇલ એપ પર જાણી શકાશે.

વાપી મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ૨૦ જેટલી સીટી બસ સેવાનો શુભારંભ નાણામંત્રી કનુભાઈ દેસાઈ અને મ્યુનિસિપલ કમિશનર યોગેશ ચૌધરીના હસ્તે કરાવાયો હતો. આ પ્રસંગે વાપી શહેર ઉદ્યોગ નગર અને ગ્રામ્ય વિસ્તારમાં જે બસ સેવાનો કોન્ટ્રાક્ટ અપાયો છે તે આઝાદ રોડવેઝ પંજાબના સંચાલકો તેમજ વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષ દેસાઈ, વીઆઈએ પ્રમુખ સતિષભાઈ પટેલ, મિતેશભાઈ દેસાઈ, અભયભાઈ શાહ, હેમંતભાઈ પટેલ, વિઠ્ઠલભાઈ પટેલ, વલસાડ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ મુકેશ તિવારી, સરીગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ કૌશિકભાઈ પટેલ અને વાપી નગરપાલિકાના માજી કારોબારી અધ્યક્ષ મનોજ પટેલ સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતાં.

છરવાડામાં રસાયણમુક્ત ખેતીના ફાયદા સમજાવાયા

(દમણગંગા ટાઈમ્સ)

વાપી, તા. ૧૫ : વલસાડ જિલ્લાના વાપી તાલુકાના છરવાડા ગામમાં આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં કોમ્યુનિટી રિસોર્સ પર્સન કમલેશભાઈ પટેલ અને કૃષિ સખી હેમિક્ષાબેન દ્વારા પ્રાકૃતિક ખેતીની માહિતી આપવામાં આવી હતી. જેમાં રાસાયણિક ખાતરો અને ઝેરી દવાઓના ઉપયોગના કારણે લોકોનું સ્વાસ્થ્ય ખુબ જ બગડી રહ્યુ હોવાથી માહિતગાર કરાયા હતાં. પ્રાકૃતિક ખેતીથી રસાયણમુક્ત ઉત્પાદન લઈ શકાય છે તથા આવનારા ભવિષ્યની પેઢીને વારસામાં રસાયણમુક્ત અને ઉપજાઉ જમીન આપી શકાય છે તે અંગે ખેડૂતોને માહિતી આપવામાં આવી હતી.

વલસાડમાં ટેન્કરના કેબિનમાં છુપાવેલો દારૂ સાથે બે મહિલા સહિત ચારની ધરપકડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૫ : વલસાડ સીટી પોલીસની ટીમ હાઈવે પર પેટ્રોલિંગમાં હતી. કે દરમિયાન બાતમી મળી છે એક ટેન્કરમાં દારૂ લઈ જવાઈ રહ્યો હોય જે બાકી આધારે વલસાડ સીટી પોલીસની ટીમ વલસાડના ધરમપુર ચોકડી હાઈવે ઓવરબ્રીજ પર વોચ ગોઠવી ઊભા રહેતા બાતમી ટેન્કર નંબર GJ-16-AY-7897 ને અટકાવી તેની અંદર કેબિનમાંથી દારૂ બિયરને બાટલી ૫૮૭ કિંમત રૂપિયા ૧,૮૬,૩૧૬ રૂપિયા તથા ટેન્કરની કિંમત ૧૦ લાખ મોબાઇલની કિંમત ૫૦૦૦ મળી કુલ ૧૧,૮૧,૩૧૬ના મુદ્દામાલ સાથે ટેન્કર ચાલક દિનેશ શિવલાલ રાવ રહે. રાજસ્થાન, સુમીત અજયભાઈ પટેલ રહે.પલસાણા, મનિષાબેન અજયભાઈ પટેલ અને મંજુબેન નટુભાઈ પટેલની સ્થળ પરથી ધરપકડ કરી પોલીસે પ્રોફેશન એક્ટ હેઠળ ગુનો નોંધી દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યા પીએ અંગેની તપાસ હાથ ધરી છે.

જનતાનો વિશ્વાસ વિપક્ષોને આ રીતે મળશે ?

તમામ સભ્યોએ ટેકો આપ્યો નથી અને ઓવૈસીનો સંપર્ક - સમર્થન માગવામાં આવ્યું નથી. પણ, વિપક્ષો - રાહુલ ગાંધી હોય કે મમતા બેનરજીને વિપક્ષી એકતા બતાવ્યાનો અને મુખ્ય ચૂંટણી કમિશનર ઉપરાંત મોદી સરકાર ઉપર આક્રમક પ્રહાર કર્યાનો સંતોષ મળશે, પણ આ રીતે જનતાનો વિશ્વાસ મેળવી શકશે ? સંસદીય લોકશાહીના સ્તંભો ઉપર આક્ષેપોનો કાદવ ઉછાળવાનું વિપક્ષો ટાળી શક્યા હોત

વિશ્લેષણ

કુન્દન વ્યાસ

લોકસભાના સ્પીકર ઓમ બિરલા સંસદીય કાર્યવાહીમાં પક્ષપાત કરે છે અને શાસકપક્ષની તરફેણમાં નિર્ણય લઈ રહ્યા છે એવી ફરિયાદ - આક્ષેપના આધારે એમનામાં અવિશ્વાસ દર્શાવતો ઠરાવ લોકસભામાં ચર્ચાયો અને નામંજૂર થયા પછી હવે ચૂંટણીપંચના વડા - મુખ્ય કમિશનર સામે મહાભિયોગ - એમને પદ ઉપરથી હટાવવાની પ્રક્રિયા શરૂ કરવાનો પ્રસ્તાવ લોકસભામાં રજૂ થયો છે. વિપક્ષી નેતાઓ જાણે છે કે એમનો આ પ્રસ્તાવ પણ નામંજૂર થશે, ઊડી જશે તો પણ તેઓ શા માટે આક્રમક બની રહ્યા છે ? વિપક્ષી નેતાઓ જાણે છે કે વારંવાર ચૂંટણી થઈ તેમાં તેઓ જનતાનો વિશ્વાસ જીતી શક્યા નથી, છતાં મોદી સરકાર સામે અવિશ્વાસ વ્યક્ત કરીને એમને હટાવવાના પ્રયાસ કરી રહ્યા છે ! લોકસભાના સ્પીકર સામે ઠરાવ પસાર થાય કે મુખ્ય ચૂંટણી કમિશનર સામે થાય તો તે સરકારનો પરાજય ગણાય અને રાજીનામાંની માગણી થાય. રાજીનામું આપવું પડે. આમ, વિપક્ષની નજર અને લક્ષ્ય વડાપ્રધાન મોદી ઉપર જ છે ! સ્પીકર સામેનો અવિશ્વાસ ઠરાવ ઊડી જશે એ બાબત શંકા ન હતી. શાસકપક્ષો પાસે સંખ્યાબળ છે તેથી ઠરાવ પસાર થવાની આશા જ નહોતી, તેથી જ વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ વિધિસર ચર્ચામાં ભાગ લીધો નહીં અને મતદાન વખતે અખિલેશ યાદવ પણ હાજર રહ્યા નહીં. વિપક્ષી સભ્યોએ ધાંધલ કરી તેથી વિધિસર મતદાનને બદલે ધ્વનિમતથી ઠરાવ નામંજૂર થયો ! કોંગ્રેસની ગણતરી હતી કે ભલે ઠરાવ મંજૂર થાય નહીં, છતાં ચર્ચામાં સરકાર ઉપર પ્રહાર તો કરી શકાશે. વિપક્ષ કહી શકે ટાઇગર અભી ઝિંદા હૈ! વિપક્ષી એકતા અને વિપક્ષી નેતા રાહુલ ગાંધીનો પ્રભાવ બતાવી શકાય. ઠરાવ ભલે ઓમ બિરલા સામે હોય, નિશાના ઉપર મોદી જ હોય ! રાહુલ ગાંધીએ ચૂંટણીપંચ અને કમિશનર સામે એટમ બોમ્બ ફોડવાની જાહેરાત કરી હતી, પણ ફિયાસ્કો થયો ! આ પહેલાં સંવિધાનની નકલ હાથમાં લઈને સંવિધાન, શાસનતંત્ર, ચૂંટણીપંચ અને સરકારી તપાસ સંસ્થાઓ તથા મીડિયા પણ મોદીભક્ત અથવા ગુલામ હોવાના આક્ષેપ કર્યા, પણ ચૂંટણીમાં ફાવ્યા નહીં, આ પછી એમનાં નિશાન ઉપર સંસદ છે. સ્પીકર ઉપર અવિશ્વાસમાં નિષ્ફળ ગયા, પણ ચર્ચાનાં કેન્દ્રમાં વડાપ્રધાન ! ટ્રમ્પે રશિયન તેલ ખરીદવાની છૂટ કેવી રીતે આપી ? મોદીએ શરણાગતિ સ્વીકારી ?! હવે ફરી ફરીને પાછા મુખ્ય ચૂંટણી કમિશનર ઉપર આવ્યા છે ! ચૂંટણીમાં પરાજય બદલ રાહુલજી નહીં, ચૂંટણી કમિશનર જવાબદાર છે એવો સંદેશો જનતાને આપવો છે. કોંગ્રેસ કાર્યકરો અને વિપક્ષી ભાગીદારોને પણ ખાતરી કરાવવી છે ! ભારતીય ચૂંટણી અને સંસદના ઈતિહાસમાં આ પ્રથમ વખત મુખ્ય ચૂંટણી કમિશનરને પદભ્રષ્ટ કરવા માટે વિરોધપક્ષોએ ઠરાવ રજૂ કર્યો છે. લોકસભાના સ્પીકર સામે પક્ષપાતનો આક્ષેપ અને અવિશ્વાસનો ઠરાવ હતો. ચૂંટણી કમિશનર ઉપર પણ પક્ષપાત સહિત આક્ષેપો મૂકીને મહાભિયોગ - પદ ઉપરથી દૂર કરવાનો પ્રસ્તાવ છે. પ્રસ્તાવ આખરી તબક્કામાં નામંજૂર થશે, પણ ચર્ચા થાય ત્યારે ચૂંટણીપંચ અને વડાપ્રધાન ઉપર આક્ષેપો તો થશે. ભૂતકાળમાં વર્ષ ૧૯૯૧માં ચૂંટણી કમિશનર ટી. એન. શેષન અને ૨૦૦૬માં નવીન ચાવલા ઉપર સંસદમાં વિરોધ પક્ષોએ પસ્તાળ પાડી હતી, પણ આ વખતે મર્યાદા ઓળંગીને પ્રસ્તાવ લાવી રહ્યા છે. જનતાનો વિશ્વાસ મેળવી શક્યા નહીં, તેથી હવે સંવિધાનની લોકતાંત્રિક સંસ્થાઓ અને સરકાર સામે અવિશ્વાસ વ્યક્ત કરી રહ્યા છે.મુખ્ય ચૂંટણી કમિશનર સામેનાં આક્રમણમાં પશ્ચિમ બંગાળનાં મુખ્યપ્રધાન મમતા બેનરજીની આગેવાની છે. પશ્ચિમ બંગાળમાં મતદારયાદીઓની ફેરતપાસ - ચકાસણીમાં ઘણી મોટી સંખ્યામાં નામ પકડાયાં અને રદ કરવામાં આવ્યાં, તેથી મમતા ધૂંધવાઈ રહ્યાં છે. સુધારેલી યાદીના આધારે એમને બહુમતી મળવાની આશા દેખાતી નથી. સુપ્રીમ કોર્ટે એમની કેટલીક ફરિયાદ સ્વીકારીને પંચને સૂચના આપી હતી, પણ મમતાજીએ કેન્દ્ર સરકાર સામે જંગ છેડયો છે. એમના માટે તો રાજકીય ભવિષ્યનો સવાલ છે.અત્યારે સંસદમાં ચાલતા વિવાદ અને સત્તાના સંગ્રામમાં રાજકીય શતરંજ છે. સ્પીકર સામેના ઠરાવમાં મમતાનો સહકાર મેળવાયો અને હવે ચૂંટણી કમિશનર સામે ઈન્ડિ મોરચાને મમતાજીનો ટેકો મળ્યો છે ! મુખ્ય ચૂંટણી કમિશનર સામે મહાભિયોગ-ઈમ્પિચમેન્ટની કાર્યવાહી આસાન નથી. સુપ્રીમ કોર્ટના કોઈ મુખ્ય ન્યાયમૂર્તિ સામે કામ ચલાવવાની જે પ્રક્રિયા છે, તે અહીં લાગુ પડે છે અને તેનો પ્રબંધ સંવિધાનમાં છે. વર્તમાન મુખ્ય ચૂંટણી કમિશનરની નિમણૂંક ૧૫મી માર્ચ, ૨૦૨૪માં થઈ છે અને ૧૯મી ફેબ્રુઆરી, ૨૦૨૫ના એમણે કાર્યભાર સંભાળ્યો છે. ૨૦૨૯ના જાન્યુઆરી સુધી તેઓ જવાબદારી સંભાળશે, પણ એમને દૂર કરવાની કાર્યવાહી મમતા બેનરજીએ શરૂ કરી છે. ચૂંટણીમાં મતદારોની યાદીમાં જે કાપકૂપ થઈ, ગેરકાયદે મતદાર બની બેઠેલા ઘરજમાઈઓનાં નામ રદ કરવામાં આવ્યાં, તે સામે વિરોધ છે. ભારતીય સંવિધાન - રાજય બંધારણની કલમ ૩૨૪ (૫) અનુસાર સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિને હટાવવા માટે જે જોગવાઈઓ છે, તે લાગુ પડે છે. સૌપ્રથમ તો લોકસભાના ૧૨૦ અને રાજ્યસભા ૫૦ સભ્યએ નોટિસ ઉપર સહી કરી હોવી જોઈએ. આ નોટિસમાં વિપક્ષોએ સાત મુખ્ય આક્ષેપ કર્યા છે, જેમાં સ્પષ્ટ ભેદભાવ રખાયા હોવાનો અને રાજય સરકારની કામગીરીમાં દખલ કરાતો હોવાનો આક્ષેપ મુખ્ય છે. આવી નોટિસ મળ્યા પછી સ્પીકર અથવા રાજ્યસભાના અધ્યક્ષ નક્કી કરે કે નોટિસ સ્વીકારવી કે નહીં. સ્વીકાર્યા, દાખલ થયા પછી સ્પીકર ત્રણ સભ્યની વિશેષ તપાસ સમિતિ નીમે. તેમાં સુપ્રીમ કોર્ટના એક જજ, કોઈપણ હાઈકોર્ટના એક ચીફ જસ્ટિસ અને એક કાયદાનિષ્ણાતનો સમાવેશ થાય છે. ફરિયાદો - આક્ષેપોની તપાસ કરીને અહેવાલ આપે તે લોકસભા / રાજ્યસભામાં સુપ્રત થાય, ચર્ચા થાય અને પછી રાષ્ટ્રપતિજીને અહેવાલ મોકલી આપવામાં આવે. આમ, આ પ્રક્રિયા લાંબી છે અને સાવધાની અનિવાર્ય છે. રાષ્ટ્રપતિને મોકલતાં પહેલાં ગૃહમાં હાજર રહેલા સભ્યોમાંથી બે તૃતીયાંશ સભ્યોનું સમર્થન મળે તો જ ઠરાવ પસાર થયો ગણાય. આ પ્રક્રિયા શરૂ થયા પછી મહિનાઓ નીકળી જાય અને ત્યાં સુધીમાં પશ્ચિમ બંગાળ, તામિલનાડુ, કેરળ, આસામ અને પુડુચેરીમાં ચૂંટણી પ્રક્રિયા પૂરી થઈ હશે. મુખ્ય ચૂંટણી કમિશનર આ રાજ્યોમાં ચૂંટણીની તારીખ - કાર્યક્રમ જાહેર કરે, આચારસંહિતા લાગુ પાડે તે પહેલાં - સમય જોઈને સંસદમાં મહાભિયોગની નોટિસ આપવામાં આવી છે ! મમતા બેનરજી સાથે કોંગ્રેસ અને અન્ય પક્ષો જોડાયા છે, પણ બીજુ જનતા દળ, બીઆરએસ અને વાયએસઆર કોંગ્રેસ અલગ રહ્યા છે. આમ આદમી પાર્ટીના સભ્યોમાં મતભેદ છે. તમામ સભ્યોએ ટેકો આપ્યો નથી અને ઓવૈસીનો સંપર્ક - સમર્થન માગવામાં આવ્યું નથી. પણ, વિપક્ષો - રાહુલ ગાંધી હોય કે મમતા બેનરજીને વિપક્ષી એકતા બતાવ્યાનો અને મુખ્ય ચૂંટણી કમિશનર ઉપરાંત મોદી સરકાર ઉપર આક્રમક પ્રહાર કર્યાનો સંતોષ મળશે, પણ આ રીતે જનતાનો વિશ્વાસ મેળવી શકશે ? સંસદીય લોકશાહીના સ્તંભો ઉપર આક્ષેપોનો કાદવ ઉછાળવાનું વિપક્ષો ટાળી શક્યા હોત. ટીકા કરો, ભૂલ બતાવો, કાન પકડો, પણ નાક અને મસ્તક કાપવાના પ્રયાસ નિષ્ફળ હોય તો પણ સંસદીય લોકશાહી માટે લાંછનરૂપ છે. જનતાએ વિરોધપક્ષોમાં અવિશ્વાસ દર્શાવ્યા પછી વિરોધપક્ષો લોકતંત્ર અને સરકારમાં અવિશ્વાસ પ્રદર્શિત કરવા માગે છે !

પુરુષને તેની ચાળીસીમાં સૌથી વધુ ડર શેનો લાગે છે ?

પૌરુષ

અંકિત દેસાઇ,
ટુકવાડા

ચાળીસીનો ઉંબરો ઓળંગ્યા પછી પુરુષના જીવનમાં એક અજીબ -કારનો ખાલીપો અને એક અજાણ્યો ભય પ્રવેશતો હોય છે. ૨૦ કે ૩૦ વર્ષની ઉંમરે જે જગત જીતી લેવાની જીદ હતી, તે ૪૦ વર્ષે પહોંચતા સુધીમાં સ્થિરતા અને જવાબદારીઓના ગઠબંધનમાં ફેરવાઈ જાય છે. આ અવસ્થાએ પહોંચેલા પુરુષ માટે સૌથી મોટો ડર કયો? શું તે આર્થિક અસલામતી છે? શું તે વધતી જતી ઉંમર અને ઘટતી જતી શારીરિક ક્ષમતા છે? કે પછી સામાજિક પ્રતિષ્ઠા ગુમાવવાનો ભય છે? જો ઊંડાણપૂર્વક વિચારવામાં આવે, તો આ તમામ ભયની ઉપર એક એવો ડર બેઠો છે જેની ચર્ચા અવારનવાર થતી નથી, પણ તે હરક્ષણે હૃદયના કોઈ ખૂણે ધબકતો રહે છે—અને તે છે પોતાના માતા-પિતાને ગુમાવવાનો ડર.

ચાળીસીમાં પ્રવેશતા પુરુષ માટે માતા-પિતા માત્ર વડીલો નથી હોતા, પરંતુ તે તેના જીવનનું છેલ્લું સુરક્ષા કવચ (Safety Net) હોય છે. આ તે ઉંમર છે જ્યારે પુરુષ પોતે પિતા બની ગયો હોય છે, તેના સંતાનો સ્કૂલે જતા થયા હોય છે અને તેની પત્ની સાથે તે ઘરના રથને ખેંચી રહ્યો હોય છે. જગતની નજરમાં તે હવે ઘરનો મોભી છે, પણ તેની પોતાની નજરમાં તે હજી પણ એક દીકરો છે જેની પાસે પાછા વળીને જોવાની જગ્યા તેના માતા-પિતાનું ઘર છે. જ્યારે માતા-પિતાની તબિયત લથડવાનું શરૂ થાય અથવા તેમના ચહેરા પર કરચલીઓ અને ચાલમાં લથડિયું દેખાવા લાગે, ત્યારે ૪૦ વર્ષના પુરુષને પહેલીવાર એવો અહેસાસ થાય છે કે તેની ઉપરથી છત્ર ઓછું થઈ રહ્યું છે. આ ડર મૃત્યુનો એટલો નથી હોતો, જેટલો અનાથ થઈ જવાની લાગણીનો હોય છે. ભલે તે પોતે પચાસ માણસોને સંભાળતો મેનેજર હોય કે મોટો ઉદ્યોગપતિ હોય, પણ માતા-પિતાની ગેરહાજરી તેને એ સત્ય સમજાવે છે કે હવે તે પંક્તિમાં પ્રથમ હરોળમાં આવી ગયો છે. હવે તેની ઉપર કોઈ નથી જે તેને ભૂલ કરે તો ઠપકો આપે અથવા મુશ્કેલીમાં કહે કે તું ચિંતા ન કર, હું બેઠો છું ને!

આ ડરની પાછળ એક પસ્તાવો પણ છુપાયેલો હોય છે. ૨૦ થી ૩૦ વર્ષની ઉંમર દરમિયાન જ્યારે કરિયર બનાવવાની દોડધામ હતી, ત્યારે કદાચ તે માતા-પિતાને પૂરતો સમય આપી શક્યો નહોતો. ચાળીસીએ પહોંચ્યા પછી જ્યારે આર્થિક સ્થિરતા આવે છે અને સંતાનો થોડા મોટા થાય છે, ત્યારે તેને ઈચ્છા થાય છે કે તે માતા-પિતા સાથે નિરાંતે બેસીને વાતો કરે, તેમને દુનિયા ફેરવે અને તેમના જૂના શોખ પૂરા કરે. પરંતુ બરાબર આ જ સમયે માતા-પિતાની ઉંમર તેમને શારીરિક રીતે અશક્ત બનાવી દેતી હોય છે.

આથી, પુરુષને એવો ડર સતાવે છે કે શું તે પૂરતો સમય મેળવી શકશે? શું તે પોતાની બધી ઈચ્છાઓ પૂરી કરી શકશે? આ મથામણ ચાળીસીના પુરુષને સતત અજંપામાં રાખે છે. ઘણીવાર ઓફિસમાં બેઠો હોય ત્યારે અચાનક ઘરેથી ફોન આવે અને હૃદયના ધબકારા વધી જાય, તે આ ડરનું જીવતું-જાગતું પ્રમાણ છે.

વળી, આ ડર માત્ર ભાવનાત્મક નથી, પણ તે અસ્તિત્વના સંઘર્ષ સાથે જોડાયેલો છે. માતા કે પિતાનું જવું એ પુરુષ માટે તેની બાળપણની છેલ્લી કડી તૂટવા સમાન છે. જ્યાં સુધી માતા-પિતા જીવતા હોય છે, ત્યાં સુધી પુરુષને લાગે છે કે તે હજી નાનો છે. તેમની વિદાય તેને અચાનક વૃદ્ધત્વની નજીક લાવીને મૂકી દે છે. તેને અહેસાસ થાય છે કે હવે પછીનો વારો તેનો જ છે. આ સત્યનો સ્વીકાર કરવો ૪૦ વર્ષના પુરુષ માટે ખૂબ જ કપરું હોય છે. તે પોતાના સંતાનો માટે આદર્શ પિતા બનવાની મથામણ કરતો હોય છે, પણ તેની અંદર રહેલો નાનો બાળક હજી પણ પિતાના માર્ગદર્શનની અને માતાના હાથના જમવાની આશા રાખતો હોય છે. જ્યારે આ સ્રોત સુકાવા લાગે, ત્યારે તે એકલતા અનુભવવા લાગે છે. આ એકલતા તેને ભીડમાં પણ સતાવે છે. સમાજમાં પુરુષને હંમેશા પથ્થર જેવો મજબૂત રહેવાની તાલીમ આપવામાં આવે છે. તે પોતાની ભાવનાઓ વ્યક્ત કરી શકતો નથી. પિતાની માંદગી વખતે હોસ્પિટલના બિલ ભરવાથી લઈને ડોક્ટરો સાથે વાત કરવા સુધીની તમામ દોડધામમાં તે મક્કમ દેખાય છે, પણ અંદરખાને તે ધ્રૂજતો હોય છે. તેને ડર લાગે છે કે જો પિતાને કંઈ થઈ જશે તો ઘરની પરંપરાઓ કોણ સાચવશે? તહેવારોમાં વડીલની ખોટ કોણ પૂરશે? અને સૌથી મહત્વનું, તેની ભૂલોને માફ કરનારું નિઃસ્વાર્થ હૃદય બીજે ક્યાં મળશે? પત્ની અને બાળકો સાથેનો પ્રેમ શરતી હોઈ શકે છે અથવા તેમાં અપેક્ષાઓ હોય છે, પણ માતા-પિતાનો પ્રેમ એકમાત્ર એવી જગા છે જ્યાં તેણે કશું સાબિત કરવાનું હોતું નથી. આ બિનશરતી સ્વીકારના આશ્રયસ્થાનને ગુમાવવાનો ડર જ તેને સૌથી વધુ પીડે છે.

ચાળીસીના ગાળામાં આસપાસના મિત્રો કે સંબંધીઓના માતા-પિતાના નિધનના સમાચાર અવારનવાર મળતા રહે છે. આ સમાચાર પુરુષ માટે માત્ર માહિતી નથી હોતા, પણ એક ચેતવણી જેવા હોય છે. તે દરેક અંતિમ સંસ્કારમાં પોતાની જાતને ઊભેલી જુએ છે. તે વિચારે છે કે જ્યારે તેના પર આ પહાડ તૂટી પડશે ત્યારે તે કેવી રીતે સંભાળશે? ઘણીવાર પુરુષો આ ડરને છુપાવવા માટે વધુ પડતા કામમાં ડૂબી જાય છે અથવા ગુસ્સામાં પરિવર્તિત થઈ જાય છે, પણ મૂળમાં તો તે અસુરક્ષાની લાગણી જ હોય છે. માતા-પિતાની સેવા કરવામાં જે સંતોષ મળે છે, તેની સામે તેમને ગુમાવવાની કલ્પના જ હૃદયને કંપાવી દે તેવી હોય છે.

ચાળીસીના પુરુષ માટે માતા-પિતાને ખોવાનો ડર એ માત્ર એક વ્યક્તિને ગુમાવવાનો ડર નથી, પણ તે તેની જિંદગીના સૌથી નિખાલસ અને પવિત્ર પ્રકરણના અંતનો ડર છે. તે પોતાની ઓળખ, પોતાનો ભૂતકાળ અને પોતાની સુરક્ષાના અંતિમ કિલ્લાને બચાવી રાખવાની એક નિષ્ફળ પણ ભાવનાત્મક લડાઈ લડતો હોય છે. આ ડર તેને અંદરથી નરમ બનાવે છે અને કદાચ એટલે જ, આ ઉંમરે પહોંચ્યા પછી પુરુષ પોતાના પિતા સાથે વધુ નિકટતા અનુભવવા લાગે છે અને તેમની વાતોમાં સચ્ચાઈ દેખાવા લાગે છે. જીવનની ભાગદોડમાં ભલે ગમે તેટલી સિદ્ધિઓ મળે, પણ માતા-પિતાના આશીર્વાદનો હાથ હટી જવાનો ભય એ જ પુરુષના જીવનનો સૌથી મોટો માનસિક સંઘર્ષ બની રહે છે. આ ડરમાંથી મુક્તિ નથી, પણ માતા-પિતા સાથે વિતાવેલી દરેક ક્ષણને જીવી લેવી એ જ તેનો એકમાત્ર ઉપાય છે.

બોર્ડની પરીક્ષા પૂરી, હવે શું?

બોર્ડની પરીક્ષા પૂરી હવે શું? - તેનો જવાબ ખૂબ સરળ છે બોર્ડની પરીક્ષા પૂર્ણ થયા પછી આરામ, વિચાર અને વિકાસ - ત્રણેયનો સુમેળ સાધીને નવી આશાઓ સાથે આગળ વધવાનું, નવા જ્ઞાનનો સ્વીકાર કરવાનો અને પોતાના સપનાઓ સાકાર કરવાની દિશામાં પગલાં ભરવાના છે. એ બધું જ પરિશ્રમ, સંસ્કાર અને સંકલ્પથી એ શક્ય થઈ શકે.

મનનમ્

ડો. યોગેશ ગોરાને
આચાર્ય
વિનય મંદિર, દાંડી

विद्या ददाति विनयं विनयाद् याति पात्रताम।
पात्रत्वात् धनमाप्नोति धनात् धर्मं ततः सुखम॥

અર્થાત્ વિદ્યા વિનય આપે છે, વિનયથી પાત્રતા મળે છે, પાત્રતાથી ધન મળે છે અને ધનથી ધર્મ અને અંતે સુખ પ્રાપ્ત થાય છે. આ સૂક્તિ વિદ્યાર્થી જીવનનો સાર રજૂ કરે છે.

આધુનિક શિક્ષણ પદ્ધતિમાં વિદ્યાર્થીઓનાં જીવનમાં પરીક્ષા, તેમાંય બોર્ડની પરીક્ષા ખૂબ જ અગત્યનો હિસ્સો છે. બોર્ડની જાહેર પરીક્ષા માટે વિદ્યાર્થીઓને શરૂઆતથી જ માનસિક અને શૈક્ષણિક દબાણ સાથે જીવવું પડે છે

ત્યારે જ્યારે બોર્ડની પરીક્ષા પૂર્ણ થઈ છે અને લાંબા સમયથી ચાલતી રહેલી તૈયારી, મહેનત અને તણાવ બાદ હવે નવરાશનો સમય આવ્યો છે ત્યારે વિદ્યાર્થીનાં મનમાં એક સ્વાભાવિક પ્રશ્ન થાય છે કે બોર્ડની પરીક્ષા તો પૂરી હવે શું? વિદ્યાર્થીઓનાં જીવનમાં બોર્ડની પરીક્ષા માત્ર એક પરીક્ષા નથી;

તે મહેનત, શિસ્ત અને ધૈર્યની કસોટી છે. ખાસ કરીને ધોરણ ૧૦ અથવા ૧૨ની પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ દિવસ-રાત મહેનત કરે છે, શિક્ષકોનાં માર્ગદર્શન હેઠળ તૈયારી કરીને પેપરને શ્રેષ્ઠ રીતે લખવાનો પ્રયત્ન કરે છે - આથી છેલ્લું પેપર પૂર્ણ થતાં જ મનમાં અદ્ભુત હળવાશ અને આનંદ અનુભવાય તો હરી પણ મનમાં એક ગૂંચવણ પણ ઊભી થાય કારણ કે પરીક્ષા પૂર્ણ થતાં જ પરીક્ષા દરમિયાનની દૈનિક ગતિશીલતા અચાનક અટકી જાય, હવે ન તો સવારના અભ્યાસનું દબાણ હોય કે ન તો પેપરની ચિંતા. તેથી મૂંઝવણ થાય છે કે હવે શું કરવું? તો ચાલો, આ પ્રશ્નોનો જવાબ શોધીએ.

સૌપ્રથમ તો પરીક્ષા પછીનો સમય થોડા વિશ્રામ અને આનંદ માટે હોવો જોઈએ. લાંબા સમય સુધી સતત મહેનત કર્યા પછી શરીર અને મનને થોડો આરામ આપવો જોઈએ. પુસ્તકો કે પરીક્ષાને કારણે પરિવાર સાથે સમય ન વિતાવી શકવાને કારણે હવે પરિવાર સાથે સમય વિતાવીએ, મિત્રો સાથે મુલાકાત કરીએ, દાદા-દાદીના સ્નેહની મજા માણીને મનને તાજગી આપીએ. આ ઉપરાંત નાનો મોટો કોઈ પ્રવાસ કરીએ, કુદરત સાથે થોડો સમય વિતાવીએ અથવા પોતાના શોખને સમય આપીએ - આ બધું જ મનને -ફુલ્લિત બનાવશે.

આમ, સખત પરિશ્રમ પછીનો થોડો વિશ્રામ ઠીક છે પરંતુ બધો જ સમય આરામમાં પસાર કરવો એ યોગ્ય છે? **उद्यमेन हि सिद्ध्यन्ति कार्याणि न मनोरथै** :- અર્થાત્, માત્ર કલ્પનાઓથી નહીં પરંતુ પ્રયત્નોથી જ કાર્ય સિદ્ધ થાય છે. તેથી જ તો થોડા આરામ પછી સમયનો થોડોક ઉપયોગ સ્વવિકાસ માટે કરવો જોઈએ ને ? પરીક્ષા પછીનો આ સમયગાળો પોતાને ઓળખવાનો છે કે મને શું આવડે છે, કયા વિષયમાં રસ છે? મારી શક્તિઓ શું છે? હું ભવિષ્યમાં કયા ક્ષેત્રમાં આગળ વધી શકું? ધોરણ ૧૦ પછી માત્ર વિષય કે પ્રવાહની પસંદગી નથી થતી પરંતુ ભવિષ્યનો માર્ગ નક્કી થાય છે. તેથી ભવિષ્ય માટે વિચારપૂર્વક યોગ્ય નિર્ણય કરવા માટે આ સમય દરમિયાન નવા કૌશલ્યો શીખવા તરફ પણ ધ્યાન આપી શકાય. આજના આધુનિક યુગમાં પાઠ્યપુસ્તકોના જ્ઞાનની સાથે સાથે વિવિધ કૌશલ્યોની પણ જરૂર છે. તેથી આ સમયનો ઉપયોગ કરી કમ્પ્યુટર, ભાષા અભ્યાસ, સંગીત, ચિત્રકામ, રમતગમત, વક્તૃત્વ કલા, લેખન કૌશલ્ય વગેરે પ્રવૃત્તિઓ દ્વારા વ્યક્તિત્વને વધુ સમૃદ્ધ બનાવીએ. પરીક્ષામાં પુષ્કળ વાંચીને કંટાળ્યા હોય એટલે વાંચવાનું ન ગમે પણ જીવનમાં વાંચન અત્યંત મહત્વનું છે.

કારણ કે મહાન વ્યક્તિઓનાં જીવનચરિત્રો વાંચવાથી પ્રેરણા મળે છે. વિજ્ઞાન અને ઈતિહાસના પુસ્તકો વાંચવાથી જ્ઞાનનો વિસ્તાર થાય છે. સાહિત્યના ગ્રંથો વાંચવાથી ભાષા અને વિચારશક્તિ વિકસે છે.

परोपकाराय फलन्ति वृक्षाः, परोपकाराय वहन्ति नद्यः કહેનારી ભારતીય સંસ્કૃતિ સેવા અને પરોપકારને વિશેષ મહત્વ આપે છે. તેથી આ સમય દરમિયાન સેવાભાવના વિકાસાવવાનો પ્રયત્ન કરવો જોઈએ ને ? સેવામાં વિદ્યાદાન જેવું બીજું શ્રેષ્ઠ કઈ નથી. તેથી પોતાનો થોડો સમય નાનાં બાળકોને ભણાવવામાં, વૃક્ષારોપણમાં અથવા સ્વચ્છતા અભિયાનમાં આપીએ તો તે એક ઉત્તમ સેવા બની શકે.

આજના ડિજિટલ યુગમાં ઈન્ટરનેટ અને ઓનલાઈન શિક્ષણનાં અનેક સાધનો ઉપલબ્ધ છે. તેથી વિવિધ ઓનલાઈન કોર્સિસ દ્વારા નવા વિષયો શીખી શકાય પરંતુ આ સાધનોનો ઉપયોગ સમજદારીપૂર્વક કરવો પણ જરૂરી છે.

જેથી સમયનો યોગ્ય ઉપયોગ થાય અને જ્ઞાનમાં વધારો થાય. આ બધા વચ્ચે શિસ્ત અને નિયમિતતા ક્યારેય ન ભૂલીએ. જીવનમાં સફળતા મેળવવા માટે આ બંને ગુણો અત્યંત જરૂરી છે.

જો આ સમય દરમિયાન થોડો સમય અભ્યાસ, વાંચન અને સ્વવિકાસ માટે અપાય તો તેનો લાભ ભવિષ્યમાં ચોક્કસ મળશે.

ટૂંકમાં, પરીક્ષા પૂરી થયા પછી થોડા ક્ષણો માટે આરામ કરવાનો અધિકાર છે, પરંતુ ત્યારબાદ નવી ઉર્જા સાથે આગળ વધવું જોઈએ. કારણ કે જીવનની સફર લાંબી છે અને તેમાં અનેક મુકામો આવે છે. જીવનની સફર તો ચાલ્યા જ કરે છે કારણ કે **चरैवेति चरैवेति** - એટલે સતત આગળ વધતા રહો એ જ જીવન છે.

દમણગંગા ટાઈમ્સ - ઈ-પેપર દૂનિયાના કોઈપણ ખૂણેથી ડાઉનલોડ અથવા ઓનલાઈન વાંચવા માટે વેબસાઈટની મુલાકાત લો. : www.damangangatimes.com

ધરમપુરમાં તાલુકા કક્ષાનો મિલેટ મેળો અને પી.એમ. કિસાન ઉત્સવ યોજાયો

ખેડૂતોને પોષક અનાજ અને ખેતીમાં મૂલ્યવર્ધન અંગે માર્ગદર્શન અપાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા. ૧૫ : આંતરરાષ્ટ્રીય પોષક અનાજ વર્ષ-૨૦૨૩ના ઉપલક્ષ્યે મિલેટ ડેવલોપમેન્ટ યોજના અંતર્ગત ધરમપુર ખાતે તાલુકા કક્ષાનો મિલેટ મેળો તથા પી.એમ. કિસાન ઉત્સવ કાર્યક્રમ સ્થાનિક મેરેજ હોલ ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમનું આયોજન વલસાડ જિલ્લા પંચાયતની ખેતીવાડી શાખા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ખેડૂતોને પોષક અને હલકા ધાન્ય પાકોના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કૃષિ વૈજ્ઞાનિકો તેમજ પ્રગતિશીલ ખેડૂતો દ્વારા નાગલી, વરી, કાંગ અને કોદરા જેવા મિલેટ પાકોના પોષણમૂલ્ય, આરોગ્યલક્ષી ફાયદા અને તેની ખેતીથી ખેડૂતોને મળતા આર્થિક લાભ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત પાકોમાં મૂલ્યવર્ધન કરીને ખેડૂતો પોતાની આવકમાં વધારો કરી શકે તે અંગે પણ સમજણ આપવામાં આવી હતી.

આ પ્રસંગે ધરમપુરના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ ખેડૂતોને મળતો રૂ. ૨૦૦૦નો હપ્તો ખેતીના ખર્ચમાં સહાયરૂપ બને છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા રસ્તા, પાણી, વીજળી અને રોજગાર જેવી સુવિધાઓમાં સતત વિકાસ કરવામાં આવી રહ્યો છે અને સરકારી કચેરીઓમાં પણ અગાઉની સરખામણીએ સુવિધાઓમાં સુધારો થયો છે. કાર્યક્રમ દરમિયાન જણાવાયું હતું કે ધરમપુર તાલુકામાં અત્યાર સુધી ૩૯,૩૫૮ ખેડૂત લાભાર્થીઓને ૨૧ હપ્તામાં કુલ રૂ.૧૧૨.૫૦ કરોડથી વધુની સહાય ડીબીટી મારફતે આપવામાં આવી છે.

કાર્યક્રમનો પ્રારંભ દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ધરમપુરના પ્રાંત અધિકારી આર.સી. પટેલ, વલસાડ જિલ્લા પંચાયતના સભ્ય કાકડભાઈ, ખેતીવાડી અધિકારી માહલા સહિત અગ્રણીઓ અને ખેડૂતો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં. કાર્યક્રમ દરમિયાન વિવિધ સરકારી યોજનાઓના લાભાર્થીઓને સહાય વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ ખેડૂતોને પ્રધાનમંત્રીના સંવાદ કાર્યક્રમ સાથે વર્ચ્યુઅલ રીતે જોડવામાં આવ્યા હતાં.

કપરાડા-નાનાપોંઢામાં આદિવાસી લગ્ન પ્રસંગોમાં 'તૂર' વાદ્યની બોલબાલા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

કપરાડા, તા. ૧૫ : વલસાડ - ડાંગ જિલ્લાના આદિવાસી વસ્તી ધરાવતા તાલુકામાં વિવિધ પ્રકારના આદિવાસી વાધ્યો જોવા મળે છે. પ્રસંગો અનુરૂપ વાધ્યો વગાડવાની આદિવાસી સંસ્કૃતિ અને પરંપરા વર્ષોથી ચાલી આવી હોવાનું જાણવા મળે છે. જેમાં ડાંગ, વાંસદા, ચીખલી, પારડી, કપરાડા, નાનાપોંઢા તાલુકાઓમાં ધોડિયા અને વારલી સમાજ ના લગ્ન પ્રસંગોમાં તૂર વાદ્યની બોલબાલા જોવા મળે છે. તૂર અને થાળીના તાલનો સામન્વય સાથે અલૌકિક અને કર્ણપ્રિય સૂર રેલાવવામાં આવે છે. ખાસ કરીને ધોડિયા અને વારલી સમાજના લગ્ન ઉપરાંત શુભ પ્રસંગો માં તૂર વાદ્ય વગાડવા માં આવે છે. મહેમાનોનું સ્વાગત કરવાના હેતુથી પણ આ તૂર વાદ્યનો વિશેષ ઉપયોગ થતો હોવાનું જાણવા મળે છે. તૂર અને થાળી વાદ્ય બે જ વ્યક્તિ વગાડે છે. અને અનોખો તાલ મેળવે છે. આ વાદ્ય વગાડનારાઓ સાથે અનોખી સ્પર્ધા થાય છે. અનેક રીતે કલાત્મક રીતે સુર રેલાવી બીજા તૂરવાળા સામે ચેલેન્જ કરવા માં આવતી હોય છે. ત્યારે લોકો માટે એક જોવાનું અને સાંભળવાનું આનોખું આકર્ષણ જોવા મળે છે.

આમ હાલે ચાલી રહેલા લગ્ન પ્રસંગોમાં તૂર વાદ્ય ની બોલબાલા મોટા પ્રમાણમાં જોવા મળી રહી છે.

અંભેટીની આંગણવાડીના અકસ્માતમાં તૂટેલી દિવાલ અને દરવાજો ક્યારે સુધરશે?

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

નાનાપોંઢા, તા. ૧૫ : વલસાડ જિલ્લાના અંભેટી ગામના જાના ફળિયામાં આવેલી આંગણવાડીની દીવાલ અને ગેટ તા.૨૦ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ રાત્રે અંદાજે ૧૧:૦૦ વાગ્યે થયેલા કાર અકસ્માતમાં તૂટી ગયા હતાં. અકસ્માત દરમિયાન કાર ચાલકે નિયંત્રણ ગુમાવતા આંગણવાડીની બહારની દીવાલ તથા પ્રવેશદ્વારને નુકસાન પહોંચાડ્યું હોવાનું સ્થાનિકોએ જણાવ્યું છે.

આ બનાવ પછી આંગણવાડીની વર્કર બહેને સમગ્ર મામલે તલાટી કમ મંત્રીને લેખિત અરજી આપી કાર્યવાહી કરવાની માંગ કરી હતી. પરંતુ વર્કર બહેનનું કહેવું છે કે તલાટી કમ મંત્રીએ તેમની અરજી સ્વીકારવાનો ઇનકાર કર્યો હતો અને અરજી સુપરવાઈઝરને આપવા જણાવ્યું હતું. આ પ્રસંગે ગામના યોગેશભાઈ એસ. પટેલ અને ચંદુભાઈ એન. પટેલ હાજર હતાં.

સ્થાનિકોના જણાવ્યા મુજબ તલાટી કમ મંત્રી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આંગણવાડીની મિલકત પંચાયતની મિલકત ગણાતી નથી, તેથી તેની મરામત અંગે પંચાયત જવાબદાર નથી. આ નિવેદન બાદ ગામલોકોમાં પ્રશ્નો ઊભા થયા છે કે હવે આંગણવાડીની તૂટી ગયેલી દીવાલ અને ગેટનું રીપેર કોણ કરશે.

આંગણવાડી મુખ્ય રસ્તાની બાજુમાં આવેલી હોવાથી અહીં અભ્યાસ માટે આવતા નાના બાળકો માટે હાલ જોખમજનક સ્થિતિ ઊભી થઈ છે. દીવાલ અને ગેટ તૂટેલા હોવાથી બાળકો રસ્તા તરફ દોડી જાય તો અકસ્માત સર્જાવાની ભીતિ સ્થાનિકોમાં વ્યક્ત થઈ રહી છે.

ગામલોકોએ તંત્રને તાત્કાલિક ધ્યાન આપી આંગણવાડીની સુરક્ષા સુનિશ્ચિત કરવા અને નુકસાનની મરામત કરાવવા માંગ કરી છે.

માલનપાડામાં ભાજપનું બુથ કાર્યકર્તા સંમેલન યોજાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા. ૧૫ : વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના માલનપાડા ખાતે ભારતીય જનતા પાર્ટી દ્વારા બુથ કાર્યકર્તા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા સહિત રાજ્યના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં અને આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીને લઈ કાર્યકરોમાં ઉત્સાહ ભરી જીતનો હુંકાર કર્યો હતો. કાર્યકરોને સંબોધતા પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે ધરમપુરના દીકરા-દીકરીઓને આંતરરાષ્ટ્રીય કક્ષાએ આગળ વધારવા માટે અહીં વિશ્વસ્તરીય રમતગમત સ્ટેડિયમ બનાવવાની યોજના છે. તેમણે કહ્યું કે આવું સ્ટેડિયમ બનશે જ્યાંથી ધરમપુરના ખેલાડીઓ કોમનવેલ્થ અને ઓલિમ્પિક જેવી વૈશ્વિક સ્પર્ધાઓમાં ભાગ લઈ શકે તેવા સશક્ત ખેલાડીઓ તૈયાર થશે.

કોંગ્રેસ પર પ્રહાર કરતાં તેમણે કહ્યું કે કોંગ્રેસે વર્ષો સુધી માત્ર વોટ બેંકની રાજનીતિ કરી છે. ૬૦ વર્ષ સુધી દેશમાં શાસન કર્યા છતાં તેમણે આદિવાસી સમાજના ભોળા ભાઈ-બહેનોને માત્ર છેતરવાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારે આદિવાસી સમાજના વિકાસ માટે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. ભગવાન બિરસા મુંડાજીને યોગ્ય સન્માન આપવાનું કામ, મફત અનાજ યોજના, આયુષ્યમાન ભારત યોજના તેમજ ૨૪ કલાક વીજળી આપવાનું કામ ભાજપ સરકારે કર્યું હોવાનું તેમણે જણાવ્યું હતું. આગામી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણી અંગે બોલતા તેમણે કહ્યું કે રાજ્યમાં ૧૦ હજારથી વધુ બેઠકો પર ચૂંટણી આવવાની છે, પરંતુ કોંગ્રેસ પાસે ૧૦ હજાર કાર્યકરો પણ નથી. તેમની રેલીઓમાં ૧૦૦ લોકો ભેગા કરવા પણ મુશ્કેલ પડે છે. તેમણે કોંગ્રેસની સરખામણી કરતાં કહ્યું કે જેમ ચોમાસું આવતાં દેડકા બહાર આવે છે, તેમ ચૂંટણી આવતાં જ કોંગ્રેસના નેતાઓ દેખાવા લાગે છે.

વિરોધ પક્ષના કેટલાક નેતાઓને ટકોર કરતા તેમણે કહ્યું કે આ વિસ્તારમાં કેટલાક બહુરૂપી લોકો આદિવાસી સમાજના નામે લોકોને ભ્રમિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. જેમ રાવણે બહુરૂપી બની સીતાજીનું અપહરણ કર્યું હતું તેમ કેટલાક લોકો સમાજને ભટકાવવાનો પ્રયાસ કરી રહ્યા હોવાનું તેમણે કહ્યું.

આ સંમેલનમાં રાજ્યના નાણામંત્રી કનુ દેસાઈ, આદિજાતિ વિકાસ વિભાગના મંત્રી નરેશભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારા, પ્રદેશ મહામંત્રી પ્રશાંતભાઈ, ધારાસભ્ય ભરતભાઈ પટેલ, અરવિંદભાઈ પટેલ, જીતુભાઈ ચૌધરી તેમજ સંગઠનના હોદ્દેદારો મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં.

શેરીમાળમાં કુદરતી ખેતી અંગે માર્ગદર્શન અપાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા. ૧૫ : ધરમપુર તાલુકાના શેરીમાળ ગામમાં કોમ્યુનિટી રિસોર્સ પર્સન બચુભાઈ ગાંવિત અને કૃષિ સખી કમળાબેન પટેલ દ્વારા પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાકૃતિક ખેતીને ઓછા ખર્ચની કુદરતી ખેતી તરીકે પણ ઓળખવામાં આવે છે. તેના મૂળભૂત સિદ્ધાંત મુજબ ખેડૂતે બહારના સંસાધનો બિલકુલ વાપરવાના નથી અને તેની પાછળ ખર્ચ પણ કરવાનો નથી. પોતાના ખેતરમાંથી પકવેલાં બિયારણનો જ ખેતી માટે ઉપયોગ કરવાનો છે. માત્ર એક દેશી ગાયના ગોબર-ગૌમૂત્રથી ૩૦ એકર જમીનમાં ખેતી થઈ શકે, નહીવત ઉત્પાદન ખર્ચ, રસાયણમુક્ત ખેત પેદાશ, વધારે ભાવ, પાણી અને વિજળીની બચત, મિત્ર કીટકનું રક્ષણ, જમીનની ભેજ સંગ્રહ ક્ષમતા, ફળદ્રુપતા અને ઉત્પાદન ક્ષમતામાં વધારો થાય છે એવી સમજ ખેડૂતોને આપવામાં આવી હતી.

૧૯ વર્ષથી ધરમપુર-કપરાડામાં મહિલા સશક્તિકરણનું કામ કરતું

ખોબાનું લોકમંગલમ્ ચેરિટેબલ ટ્રસ્ટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ચીવલ, તા. ૧૫ : આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે વલસાડ જિલ્લાના પારડી નગરપાલિકા ખાતે મહિલા સશક્તિકરણ અને સામાજિક જાગૃતિને કેન્દ્રમાં રાખીને યોજાયેલા વિશેષ કાર્યક્રમમાં મહિલા સશક્તિકરણના ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી કરનાર વ્યક્તિઓ અને સંસ્થાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે છેલ્લા લગભગ ૧૯ વર્ષથી ધરમપુર અને કપરાડા તાલુકામાં સમાજસેવાના વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત લોકમંગલમ્ ચેરિટેબલ ટ્રસ્ટ, ખોબાને પણ ગૌરવપૂર્ણ સન્માન અપાયું હતું. ટ્રસ્ટને સન્માનપત્ર અને ટ્રોફી અર્પણ કરીને તેમની સેવાકીય કામગીરીને બિરદાવવામાં આવી હતી.

લોકમંગલમ્ ચેરિટેબલ ટ્રસ્ટ છેલ્લા ઘણા વર્ષોથી આદિવાસી અને ગ્રામ્ય વિસ્તારોમાં શિક્ષણ, કન્યા કેળવણી, મહિલા સશક્તિકરણ, સ્વ-રોજગાર પ્રોત્સાહન, આરોગ્ય જાગૃતિ, પર્યાવરણ સંરક્ષણ અને ગૃહ ઉદ્યોગના વિકાસ માટે સતત કાર્ય કરી રહ્યું છે. ટ્રસ્ટ દ્વારા વિવિધ ગામોમાં જાગૃતિ કાર્યક્રમો, તાલીમ શિબિરો અને માર્ગદર્શન કેમ્પોનું આયોજન કરવામાં આવે છે. જેથી ખાસ કરીને ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારોની મહિલાઓને સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળી શકે અને તેઓ આત્મનિર્ભર બની શકે.

લોકમંગલમ્ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રતિનિધિ તરીકે અજયભાઈ સહિતના સમર્પિત કાર્યકર્તાઓએ કાર્યક્રમમાં હાજરી આપી સન્માન સ્વીકાર્યું હતું.

આ અવસરે ટ્રસ્ટના કાર્યકર્તાઓએ જણાવ્યું હતું કે આ સન્માન સમગ્ર લોકમંગલમ પરિવાર માટે ગૌરવની ક્ષણ છે અને આ સન્માન સમાજ સેવા ક્ષેત્રે વધુ ઉત્સાહ અને જવાબદારી સાથે કાર્ય કરવા પ્રેરણા આપે છે.

ટ્રસ્ટના કાર્યકર્તાઓએ જણાવ્યું કે સમાજના અંતિમ સ્તરે રહેલા લોકો સુધી શિક્ષણ, આરોગ્ય અને રોજગારીના અવસર પહોંચે તે માટે તેઓ સતત પ્રયત્નશીલ છે. ખાસ કરીને મહિલાઓને આત્મનિર્ભર બનાવવાનું અને તેમને ગૃહ ઉદ્યોગ તથા નાના વ્યવસાય તરફ પ્રોત્સાહિત કરવાનું ટ્રસ્ટનું મુખ્ય ધ્યેય રહ્યું છે. આ માટે વિવિધ તાલીમ કાર્યક્રમો અને જાગૃતિ અભિયાન પણ ચલાવવામાં આવે છે.

ટ્રસ્ટને મળેલું આ સન્માન સમાજસેવાના માર્ગ પર આગળ વધવા માટે નવી પ્રેરણા આપનારું છે અને ભવિષ્યમાં પણ ટ્રસ્ટ દ્વારા શિક્ષણ, આરોગ્ય, મહિલા સશક્તિકરણ અને સ્વ-રોજગાર જેવા ક્ષેત્રોમાં વધુ વ્યાપક કામગીરી કરવામાં આવશે.

આશ્રમશાળા કર્મચારીઓને હવે અવસાન કિસ્સામાં આશ્રિત કુટુંબોને ઉચ્ચક નાણાકીય સહાય મળશે

ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલ મહત્વપૂર્ણ નિર્ણયથી રાજ્યભરની ગ્રાન્ટ ઇન એઈડ આશ્રમ શાળાઓમાં ફરજ બજાવતા શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓમાં આનંદની લાગણી જોવા મળી છે. સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૫/૦૭/૨૦૧૧ ના ઠરાવ મુજબ કર્મચારીના અવસાનના કિસ્સામાં તેમના આશ્રિત કુટુંબને ઉચ્ચક નાણાકીય સહાય આપવાની જોગવાઈ કરવામાં આવી હતી. પરંતુ લાંબા સમયથી ગ્રાન્ટ ઇન એઈડ આશ્રમ શાળાઓના કર્મચારીઓ આ લાભથી વંચિત રહ્યા હતાં.

ગુજરાત રાજ્ય આશ્રમ શાળા કર્મચારી સંઘ દ્વારા આ મુદ્દે સરકાર સમક્ષ સતત રજૂઆતો તથા પ્રયત્નો કરવામાં આવતા અંતે સરકાર દ્વારા આ પ્રશ્નનું સુખદ નિરાકરણ લાવવામાં આવ્યું છે. જેના પરિણામે હવે રાજ્યભરની આશ્રમ શાળાઓમાં ફરજ બજાવતા શૈક્ષણિક તથા બિન શૈક્ષણિક કર્મચારીઓના ચાલુ નોકરી દરમ્યાન અવસાન થવાના કિસ્સામાં તેમના આશ્રિત કુટુંબને સરકાર દ્વારા ઉચ્ચક નાણાકીય સહાય મળવાની જોગવાઈ અમલમાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ કર્મચારીના અવસાનના કિસ્સામાં તેમના આશ્રિતને રહેમ રાહે

કપરાડાનો પત્ર

જગદીશ ભોયા, કપરાડા

નોકરી આપવાની જોગવાઈ હતી. પરંતુ સરકારશ્રી દ્વારા આ જોગવાઈ રદ કરી તેના સ્થાને ઉચ્ચક નાણાકીય સહાય યોજના અમલમાં મૂકવામાં આવી હતી.

ગુજરાત રાજ્ય આશ્રમ શાળા કર્મચારી સંઘના કાર્યકારી પ્રમુખ યોગેશ પટેલે જણાવ્યું હતું કે સંઘના સતત પ્રયત્નો અને રજૂઆતોના પરિણામે લાંબા સમયથી પડતર રહેલા આ પ્રશ્નનું નિરાકરણ આવતા રાજ્યભરના કર્મચારીઓમાં આનંદની લાગણી વ્યાપી છે. રાજ્ય સંઘ દ્વારા સરકારનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે. સાથે જ તેમણે જણાવ્યું હતું કે ગૃહપતિ/ગૃહમાતાની જોગવાઈ અને ગ્રેડ પે સહિતના બાકી રહેલા મુદ્દાઓના નિરાકરણ માટે રાજ્ય સંઘ સતત પ્રયત્નશીલ રહેશે.

સંઘના ભૂતપૂર્વ પ્રમુખ તથા સલાહકાર નરસિંહ મહિડા અને મહામંત્રી રસિકભાઈ ચૌધરી દ્વારા રાજ્ય ભરના જિલ્લા ઘટક સંઘોના પ્રતિનિધિઓ સાથે મળી, સરકારના સંબંધિત વિભાગોને, કર્મચારીઓના પડતર પ્રશ્નોના નિરાકરણ માટે લાંબા સમયથી સતત પ્રયત્નો અને રજૂઆતો કરી રહ્યા છે. ગુજરાત રાજ્ય કર્મચારી સંઘના પ્રમુખ યોગેશભાઈ પટેલ સહિતના કર્મચારીઓએ સરકારના આ મહત્વપૂર્ણ નિર્ણયને બિરદાવી આભારની લાગણી વ્યક્ત કરી હતી. ગુજરાત રાજ્યમાં આદિજાતિ વિભાગ દ્વારા સંચાલિત આશ્રમશાળાના કર્મચારીઓની અન્ય વિવિધ માંગણીઓ સરકાર સત્વરે પૂર્ણ કરે એવી આશા વ્યક્ત કરી હતી.

વાજવડ ભવાનીમાતા મંદિરે શ્રીમદ્ ભાગવત કથાનો પ્રારંભ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ચીવલ, તા. ૧૫ : વાજવડ ગામે ભવાની માતા મંદિરે શ્રીમદ્ ભાગવતની વિશાળ પોથી યાત્રા નીકળી નાનાપોંઢા તાલુકાના વાજવડમાં ૧૫થી ૨૧ માર્ચ સુધી શ્રીમદ્ ભાગવત કથાનો ધાર્મિક મહોત્સવ યોજાશે.

વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકાના વાજવડ ગામે ભવાની માતા મંદિરે ધાર્મિક ભાવના અને આધ્યાત્મિકતા પ્રસરાવવા માટે શ્રીમદ્ ભાગવત કથાની વિશાળ પોથી યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તો અને ગામજનો ઉત્સાહભેર જોડાયા હતાં. પોથી યાત્રા બાદ દીપ પ્રગટ્ય કાર્યક્રમ યોજાયો હતો, જેમાં કપરાડા ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, પ્રકાશભાઈ પટેલ તેમજ ભક્તમંડળ દ્વારા દીપ પ્રગટાવી કાર્યક્રમનો શુભ પ્રારંભ કરવામાં આવ્યો હતો.

વાજવડ ગામના ભક્તમંડળ અને સત્સંગીઓના સંયુક્ત પ્રયાસોથી આ ધાર્મિક મહોત્સવ ૧૫ માર્ચથી ૨૧ માર્ચ ૨૦૨૫ સુધી યોજાશે. આ પ્રસંગે વિખ્યાત કથાકાર પ.પૂ. સંતશ્રી વિજય બાપુ દ્વારા ભગવાન શ્રીકૃષ્ણના જીવન-સંગો, ધર્મ અને ભક્તિના તત્વો પર આધારિત શ્રીમદ્ ભાગવત કથાનું પાવન વચનામૃત ભક્તોને સંભળાવવામાં આવશે.

કથાના માધ્યમથી ભક્તોને આધ્યાત્મિક જીવનના મૂલ્યો, સદાચાર અને સંસ્કારો અંગે માર્ગદર્શન આપવામાં આવશે. આયોજકોના જણાવ્યા મુજબ આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ગામ તેમજ આસપાસના વિસ્તારોમાં ધાર્મિક ચેતના ફેલાવવાનો અને નવી પેઢીમાં સારા સંસ્કારોનો સંદેશ પહોંચાડવાનો છે.

આ ધાર્મિક કાર્યક્રમ દરમિયાન ભજન-કીર્તન, પૂજા-અર્ચના અને ધાર્મિક પ્રવચનોનું પણ આયોજન કરવામાં આવ્યું છે, જેના કારણે સમગ્ર વિસ્તાર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠશે. ભક્તો માટે બેસવાની વ્યવસ્થા સહિત જરૂરી સુવિધાઓ પણ કરવામાં આવી રહી છે. ગામના આગેવાનો દ્વારા સમગ્ર વિસ્તારના ભક્તોને પરિવાર સાથે ઉપસ્થિત રહી શ્રીમદ્ ભાગવત કથાનો લાભ લેવા હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.

CSC સેન્ટર પર ટેલી-લો યોજના અંતર્ગત

હનુમતમાળ ખાતે કાનૂની જાગૃતિ સેમિનાર યોજાયો

ધરમપુર, તા.૧૫ : ધરમપુર તાલુકાના હનુમતમાળ ગામે આવેલા કોમન સર્વિસ સેન્ટર (CSC) ખાતે ભારત સરકારના ન્યાય વિભાગ દ્વારા અમલમાં મુકાયેલી ટેલી-લો યોજના અંતર્ગત કાનૂની જાગૃતિ અને સલાહ માટે એક માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો.

સેમિનારમાં CSCના ડિસ્ટ્રીક મેનેજર, નિવૃત્ત મામલતદાર, ગામના એડવોકેટ તેમજ ગામના ડેપ્યુટી સરપંચ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન ગ્રામજનોને વિવિધ કાનૂની મુદ્દાઓ અંગે સરળ ભાષામાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ઉપરાંત નાગરિકોના કાનૂની અધિકારો અને ફરજો વિશે માહિતી આપવામાં આવી અને ટેલી-લો યોજના દ્વારા મળતી મફત કાનૂની સલાહ સેવા વિશે વિસ્તૃત સમજણ આપવામાં આવી હતી.

આ પ્રસંગે CSC ડિસ્ટ્રીક મેનેજર મનીષ પ્રજાપતિએ જણાવ્યું હતું કે સરકારની આ યોજના દ્વારા સામાન્ય નાગરિકોને સરળતાથી કાનૂની માર્ગદર્શન મળી શકે છે. તેમણે ગ્રામજનોને CSC સેન્ટર મારફતે મળતી વિવિધ સરકારી સેવાઓનો વધુમાં વધુ લાભ લેવા અપીલ કરી હતી.

કાર્યક્રમ દરમિયાન નાગરિકોમાં કાનૂની જાગૃતિ વધારવા માટે માહિતીપ્રદ પેમ્ફલેટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન CSC VLE યાજ્ઞિક ગાયકવાડ દ્વારા કરવામાં આવ્યું હતું. ગામના નાગરિકોએ ઉત્સાહપૂર્વક હાજરી આપી અને કાનૂની જાગૃતિ તરફ મહત્વપૂર્ણ પગલું ભર્યું હતું.

દમણગંગા ટાઈમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Monday 16, March 2026

ખાતર પર યુદ્ધની કાતર

ઈરાન સામેનાં ઇઝરાયલ-અમેરિકાનાં યુદ્ધને કારણે ક્રૂડતેલ અને એલપીજી અને સીએનજી ગેસના પુરવઠા પર અસર થવાની શરૂઆત થઈ ગઈ છે. જો કે, ભારત માટે આ ઉપરાંત પણ એક ચિંતાની વાત છે, કેમ કે, આ બાબત દેશની ખાદ્ય સુરક્ષા સાથે જોડાયેલી છે. ભારત ખાતર-યુરિયાના કુલ વપરાશમાંથી ચોથા ભાગની આયાત કરે છે અને એમાંથી ૪૦ ટકા જેટલો પુરવઠો એકલા પશ્ચિમ એશિયામાંથી આવે છે. વળી, ભારતમાં જે યુરિયાનું ઉત્પાદન થાય છે, તેમાંથી ૮૫ ટકા જેટલા પ્રોડક્શનનો મદાર આયાતી કુદરતી ગેસ પર છે, જે મોટાભાગે કતાર, યુએઈ, સાઉદી અરેબિયા અને કુવૈતથી આવે છે. રશિયાની ઓઇલ રિફાઇનરીઝ પર યુક્રેનના ડ્રોન હુમલાઓને કારણે વિશ્વના અગ્રણી સલ્ફરના નિકાસકારોએ નિર્યાત પર પ્રતિબંધ મૂક્યો છે. વળી, ઈરાન યુરિયા અને એમોનિયાનું મોટું નિકાસકાર છે અને યુદ્ધ વચ્ચે સપડાવા સાથે હોર્મુઝની ખાડીમાંથી થતા કુદરતી ગેસનો પુરવઠો પણ ખોરવાયો હોવાથી ખાતર ઉદ્યોગને બમણો માર પડયો છે. ઈરાનનો સીધો હિસ્સો ભારતના ખાતર ઉત્પાદનમાં બહુ ઓછો છે. આંતરરાષ્ટ્રીય બજારોમાં છેલ્લે ચાર વર્ષ પહેલાં ખાતરના ભાવ ઊછળ્યા હતા, જ્યારે રશિયાએ યુક્રેન પર હુમલો કર્યો. ભારત-ચીન વચ્ચેના સંબંધોમાં આવતા તાનપલટાને કારણે પણ ભીંસ વધી શકે છે, કેમ કે, ૨૦૨૩-૨૪ સુધી ચીન યુરિયા અને ડિ-એમોનિયમ ફોસ્ફેટનું સૌથી મોટું સપ્લાયર હતું, પણ બાર્જિંગ પર મદાર ઘટાડવા માટે ભારતે ગલ્ફ દેશો પાસેથી આયાત વધારી. ભારત નાઈઝેરિયા, ઉઝબેકિસ્તાન તથા ઇન્ડોનેશિયા પાસેથી પણ યુરિયાની આયાત કરે છે, પણ એનું પ્રમાણ બહુ ઓછું છે. આમ, ભારતીય કૃષિ ક્ષેત્ર પર ભૂરાજકીય હલચલો અને રાજદ્વારી સંબંધોની સીધી અસર થવાની સ્થિતિ સર્જાઈ છે. ભારતમાં ૨૦૧૨થી સરકારે યુરિયા અને ડિ-એમોનિયમ ફોસ્ફેટની કિંમતો સ્થિર કરી રાખી છે. ઓછી કિંમતોને કારણે યુરિયાનો ઉપયોગ બેફામ થાય છે. પરિસ્થિતિ એવી છે કે, એક તબક્કે પાકની ઊપજ વધારવા માટે રાસાયણિક ખાતરનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહન આપવું પડતું, પણ હવે ચિત્ર સદંતર ઊંધું છે. આથી, હવે સરકારે ખેડૂતોને ખાતર તરીકે રસાયણોનો ઉપયોગ ઓછો કરવા માટેના પ્રયાસો હાથ ધરવાની નોબત આવી છે. ભારત માટે ધરપતની વાત એ છે કે, ગયાં વર્ષે ફેબ્રુઆરી મહિનાના અંતમાં ભારત પાસે યુરિયાનો જેટલો અનામત જથો હતો, એનાથી વધુ આ વખતે આ સમયગાળા દરમિયાન હતો. વળી, આગામી ખરીફ મોસમ જૂનના મધ્યથી શરૂ થવાની હોવાથી અત્યારે માંગ તીવ્ર નથી. ભારત પાસે એક વિકલ્પ ઘરઆંગણે ઉત્પાદન વધારવાનો છે, જેથી વિદેશી ધરતી પર સંઘર્ષોની કટોકટીના કાળમાં ભીંસમાં ન આવી જવાય. યુદ્ધની અનિશ્ચિતતા અને એ પછી બધું થાળે પડતાં કેટલો સમય લાગશે, એ વિશે કશું જ ખાતરીપૂર્વક કહી શકાય એમ ન હોવાથી માથાં પર તલવાર ઝળૂંબતી રહેવાની.

કોરોમંડલે ૧૨ રાજ્યોમાં ગ્રોમોર ગ્રામ પહેલ શરૂ કરી

વાપી, તા. ૧૫ : ભારતની અગ્રણી એગ્રી-સોલ્યુશન્સ પ્રોવાઇડર્સ પૈકીની એક અને મુરુગપ્પા ગ્રુપનો ભાગ એવી કોરોમંડલ ઇન્ટરનેશનલ લિમિટેડે ૧૨ રાજ્યો (ગુજરાત)માં ૧૦૧ ગામોમાં ગ્રોમોર ગ્રામ મોડલ પહેલ શરૂ કરી છે.

આ સાથે કંપનીએ ખેડૂત સમુદાયને કૃષિ આધારિત અર્થતંત્રની નિપુણતા, વ્યવહારુ પ્રદર્શન અને ટેક્નોલોજી સંચાલિત સેવાઓ પૂરી પાડવા માટે સમર્પિત સ્થાનિક કેન્દ્રો ઊભા કર્યા છે.

આ પ્રસંગે કોરોમંડલ ઇન્ટરનેશનલ લિમિટેડના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ અને હેડ -સેલ્સ એન્ડ માર્કેટિંગ (ફર્ટિલાઇઝર્સ અને એસએસપી) માધબ અધિકારીએ જણાવ્યું હતું કે, ગ્રોમોર ગ્રામ કૃષિ કુશળતા અને ટેકનોલોજી-આધારિત ઉકેલોને જોડીને ખેડૂતોની નજીક જવાની અમારી પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

દરેક ગ્રોમોર ગ્રામ ગામ ખેડૂતોને માટી અને પાંદડાનું પરીક્ષણ, પાક સલાહ,નિદર્શન માટે પ્લોટ અને એગ્રી-ડ્રોન સ્પ્રેઈંગ જેવી સેવાઓ પ્રદાન કરશે. આ પહેલ વૈજ્ઞાનિક કૃષિ સંશોધન અને ખેતરમાં ખેત પદ્ધતિઓ વચ્ચેના લાંબા સમયથી ચાલતા અંતરને દૂર કરે છે.

ભારતીય કૃષિ પ્રત્યે કોરોમંડલની ઊંડી સમજણ પર આધારિત,ગ્રોમોર ગ્રામ સંશોધન-આધારિત આંતરદ્રષ્ટિને સરળ,કાર્યક્ષમ પદ્ધતિઓમાં રૂપાંતરિત કરીને કૃષિ વિસ્તરણને મજબૂત બનાવવા માટે બનાવવામાં આવી છે જેને ખેડૂતો વિશ્વાસ સાથે અપનાવી શકે છે. ગ્રોમોર ગ્રામ કાર્યક્રમના વર્તમાન ધ્યાન ક્ષેત્રો ૭૫,૦૦૦ થી વધુ ખેડૂતોને સામૂહિક રીતે જોડે છે.

અબુ ધાબીની તમામ અને દુબઈની ૫ ફ્લાઈટ્સ રદ

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૫ : મધ્ય પૂર્વ (Middle East) માં યુદ્ધના ઘેરાતા વાદળોની અસર હવે આંતરરાષ્ટ્રીય હવાઈ સેવાઓ પર સ્પષ્ટપણે જોવા મળી રહી છે. સંયુક્ત આરબ અમીરાત (UAE) એરપોર્ટ ઓથોરિટીના નવા નિર્દેશોને પગલે, ૧૫ માર્ચ ૨૦૨૬ ના રોજ એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસની અબુ ધાબી અને દુબઈ જતી મોટાભાગની ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે.

વૈશ્વિક અશાંતિને કારણે અનેક દેશોએ તેમના એરસ્પેસ (હવાઈ ક્ષેત્ર) બંધ કરી દીધા છે અથવા કડક નિયંત્રણો લાદ્યા છે. આ ફેરફારોને કારણે સેંકડો ભારતીય મુસાફરો એરપોર્ટ પર અટવાયા છે.

દુબઈમાં એર ઈન્ડિયાની પાંચમાંથી ચાર અને એર ઈન્ડિયા એક્સપ્રેસની છમાંથી પાંચ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. દિલ્હી-દુબઈ રૂટ પર માત્ર એક જ રિટર્ન ફ્લાઈટ કાર્યરત રહેશે. એર ઈન્ડિયા એક્સપ્રેસની તમામ ૫ ફ્લાઈટ્સ રદ કરી દેવામાં આવી છે.

પાંચ રાજ્યની વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૫ : પશ્ચિમ બંગાળ, આસામ, તમિલનાડુ, કેરળ અને પુડુચેરીની વિધાનસભાની ચૂંટણીની તારીખો ભારતીય ચૂંટણી પંચ દ્વારા જાહેર કરી દેવામાં આવી છે. નવી દિલ્હી ખાતે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે અન્ય ચૂંટણી કમિશનરોની સાથે મળીને પશ્ચિમ બંગાળ, આસામ, તમિલનાડુ, કેરળ અને પુડુચેરી વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર કરી દીધી છે. આપને જણાવી દઈએ કે, ૪ રાજ્યોમાં વિધાનસભાનો કાર્યકાળ મે ૨૦૨૬માં પૂરો થઈ રહ્યો છે, જ્યારે કેન્દ્ર શાસિત પ્રદેશ પુડુચેરીમાં વિધાનસભાનો કાર્યકાળ જૂન મહિનામાં પૂરો થઈ રહ્યો છે.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર કરતા કહ્યું કે, આસામ, કેરળ અને પુડુચેરીમાં ૯ એપ્રિલે મતદાન થશે, જેના પરિણામો ૪ મેના રોજ આવશે. આસામ, કેરળ, પુડુચેરીમાં ૯ એપ્રિલે એક તબક્કામાં ચૂંટણી યોજાશે. જ્યારે મતગણતરી ૪ મે ૨૦૨૬ના રોજ હાથ ધરાશે.

પશ્ચિમ બંગાળ અને તમિલનાડુ વિધાનસભાની ચૂંટણીની તારીખો જાહેર કરતા તેમણે કહ્યું કે, પશ્ચિમ બંગાળમાં ૨૩ અને ૨૯ એપ્રિલના રોજ બે તબક્કમાં મતદાન થશે. જ્યારે ૪ મે ૨૦૨૬ના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે. તમિલનાડુમાં એક જ તબક્કામાં ૨૩એપ્રિલના રોજમતદાન થશે, જ્યારે ૪ મે ૨૦૨૬ના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે.

૨૦૨૧ની વિધાનસભા ચૂંટણીના પરિણામો ૨ મેના રોજ જાહેર કરવામાં આવ્યા હતા. આ ચૂંટણીઓમાં મમતા બેનર્જીના નેતૃત્વ હેઠળની તૃણમૂલ કોંગ્રેસ ૨૯૪ વિધાનસભા બેઠકોમાંથી ૨૧૩ બેઠકો જીતીને સત્તામાં પાછી આવી હતી.

જે ૨૦૧૬ની ચૂંટણીઓ કરતા શ્રેષ્ઠ પ્રદર્શન હતું. ૭૭ બેઠકો જીતીને ભાજપ પ્રથમ વખત રાજ્યમાં મુખ્ય વિપક્ષી પક્ષ તરીકે ઉભરી આવ્યો.

ડાબેરી અને કોંગ્રેસ પક્ષનું ગઠબંધન - જે લાંબા સમય સુધી પશ્ચિમ બંગાળમાં સત્તા પર હતું, જે શૂન્ય બેઠકો પર સમેટાયું. ભારતીય ધર્મનિરપેક્ષ મોરચા અને સ્વતંત્ર ઉમેદવારોએ એક-એક બેઠક મેળવી હતી.

૨૦૨૧માં આ પાંચેય રાજ્યોની ચૂંટણીઓ ૨૬ ફેબ્રુઆરીએ યોજાઈ હતી. અગાઉના પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીઓ આઠ તબક્કામાં યોજાઈ હતી. ૨૦૨૧માં પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, આસામ અને કેરળ વિધાનસભાઓની મુદત અનુક્રમે ૭ મે, ૧૦ મે, ૨૦ મે અને ૨૩ મેના રોજ સમાપ્ત થઈ રહી છે. પુડુચેરી વિધાનસભાનો કાર્યકાળ છેલ્લે ૧૫ જૂને સમાપ્ત થઈ રહ્યો છે.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે જણાવ્યું કે, "અંતિમ યાદી મુજબ, આસામમાં આશરે ૨.૫૦ કરોડ, કેરળમાં ૨.૭૦ કરોડ, પુડુચેરીમાં ૯.૪૪ લાખ, તમિલનાડુમાં ૫.૬૭ કરોડ અને ૨૮ ફેબ્રુઆરીએ જાહેર કરાયેલ અંતિમ યાદી મુજબ પશ્ચિમ બંગાળમાં ૬.૪૪ કરોડ મતદારો છે.

"ચૂંટણી પંચે પશ્ચિમ બંગાળ, આસામ, તમિલનાડુ, કેરળ અને પુડુચેરીમાં શાંતિપૂર્ણ, સુરક્ષિત અને નિષ્પક્ષ ચૂંટણીઓ યોજવા માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. પત્રકાર પરિષદ દરમિયાન જાહેર કરાયેલા આંકડા મુજબ, આ વિશાળ ચૂંટણી પ્રક્રિયાની સફળતા સુનિશ્ચિત કરવા માટે કુલ આશરે ૨૫ લાખ ચૂંટણી અધિકારીઓ અને સુરક્ષા કર્મચારીઓને તૈનાત કરવામાં આવશે.

ગેસ ભરેલા બે જહાજ જલ્દી જ ગુજરાતના દરિયા કિનારે પહોંચશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૫ : ઈરાન અમેરિકા યુદ્ધ વચ્ચે હાલ દરેક ઘરમાં એક જ ચિંતા ફેલાઈ છે અને તે છે LPG સિલિન્ડર. કેમ કે LPGની અછતની અફવા ફેલાતા હાલ ચારે તરફ ગેસ એજન્સીઓની બહાર લાંબી લાઈનો જોવા મળી રહી છે. પરંતુ આજે LPG અને સિલિન્ડરને લઈને એક સારા સમાચાર આવ્યા છે. જે બાદ LPG અંગે ઉભા થયેલા બધા સવાલોના જવાબ તમને મળી જશે. મહત્વની વાત એ છે કે, આ જહાજ સૌથી પહેલા દરિયાઈ માર્ગે ગુજરાત પહોંચશે. ૧૬ અને ૧૭ માર્ચે ગેસથી ભરેલા બંને જહાજ ગુજરાતના દરિયા કિનારે આવી પહોંચશે. હવે સવાલ એ છે કે, શું આ બે જહાજથી આખા દેશનું સિલિન્ડર સંકટ દૂર થઈ જશે? બીજા જહાજ ક્યારે નીકળશે?

ભારત છેલ્લા કેટલાક દિવસોથી પ્રયત્ન કરી રહ્યું હતું કે યુદ્ધની અસર દેશ પર ન પડે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઈરાનના રાષ્ટ્રપતિ સાથે વાત કરી હતી. તો બીજી તરફ વિદેશ મંત્રી સુબ્રમણ્યમ જયશંકર પણ ઈરાનના વિદેશ મંત્રી સાથે સતત સંપર્કમાં હતા. આ કૂટનીતિક વાતચીતનો અસર એવી થઈ કે, ભારતના બે LPG ટેક્કર શિવાલિક અને નંદા દેવીને સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી પસાર થવાની ઈરાને મંજૂરી આપી છે.

આ બંને LPG ટેક્કર ભારત તરફ આવી રહ્યા છે. જે દર્શાવે છે કે LPGને લઈને ફેલાયેલ અફવા હવે ટૂંક સમયમાં સમાપ્ત થઈ શકે છે. એવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે કે આ બંને ટેક્કર આગામી બે દિવસમાં ભારત પહોંચી જશે. આ સફળતા ભારતને ત્યારે મળી છે જ્યારે ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મૂઝને લગભગ બંધ કરી દીધો છે. ત્યાંથી પસાર થતા ઘણા જહાજો પર હુમલા પણ કરવામાં આવ્યા છે. ૧૦૦૦થી વધુ જહાજો ત્યાં ફસાયા હોવાનું કહેવાઈ રહ્યું છે. પરંતુ આ બધાની વચ્ચે ભારત માટે એક મોટી કૂટનીતિક જીત માનવામાં આવી રહી છે. જેના કારણે ભારતના બંને જહાજો સુરક્ષિત રીતે ત્યાંથી પસાર થઈ ભારત તરફ આવી રહ્યા છે.

એક પ્રેસ કોન્ફરન્સમાં સરકારે માહિતી આપતા કહ્યું કે, ગલ્ફમાં તમામ ભારતીયો સુરક્ષિત છે. ૧૬ અને ૧૭ માર્ચના રોજ કંડલા અને મુન્દ્રા પર એલપીજીના બે શિપ પહોંચી રહ્યાં છે. હાલ તેઓ સ્ટેટ ઓફ હોર્મુઝથી આગળ નીકળી ગયા છે. આગામી ૧૬ અને ૧૭ માર્ચે પહોચી જશે. પોર્ટ પર આદેશ આપી દેવાયા છે કે, એલપીજી કાર્ગો શિપને પ્રાથમિકતા આપવામાં આવે. જે લોકો ઈરાનમાં ફસાયેલા છે તેમને પરત લાવવા માટે ચાર્ટર્ડ ફ્લાઈટ મોકલવામાં આવી છે. ગલ્ફમાં ભારતીયોની સુરક્ષા અમારી પ્રાથમિકતા છે. તેથી ફેક વીડિયો અને માહિતીથી દૂર રહો. જ્યાં એક તરફ ગેસને લઈને મોટી રાહતની આશા જાગી છે, ત્યાં બીજી તરફ આજે પણ અફવાઓનો અસર દેશના વિવિધ ભાગોમાં જોવા મળી.

આસામમાં ભાજપ રેકોર્ડ સંખ્યા સાથે વાપસી કરશે: અમિત શાહ

(જી.એન.એસ) તા. ૧૫
રવિવારે ચૂંટણી પંચ દ્વારા ચૂંટણી કાર્યક્રમની જાહેરાતના કલાકો પહેલાં, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે આસામમાં શાસક ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ની આગેવાની હેઠળની સરકાર આગામી વિધાનસભા ચૂંટણીમાં રેકોર્ડ બહુમતી સાથે સત્તામાં પાછી આવશે.

શ્રી અમિત શાહ, જે શનિવારથી રાજ્યના બે દિવસના પ્રવાસે હતા, તેમણે ગુવાહાટીમાં ભાજપના યુવા કાર્યકરોના મેળાવડાને સંબોધિત કર્યો. "આજે આસામમાંથી ૩૧,૪૦૦ મતદાન મથકો પરથી લગભગ ૧૨૫,૦૦૦ યુવાનો બેઠકમાં હાજર છે... કોઈપણ પક્ષના યુવા કાર્યકરોના મેળાવડા પરથી કોઈપણ ચૂંટણીનું પરિણામ જાણી શકાય છે," તેમણે કહ્યું.

"આજે ગુવાહાટીમાં યુવાનોનો મહાકુંભ સ્પષ્ટ કરે છે કે આગામી ચૂંટણીમાં હિમંત બિસ્વા શર્માના નેતૃત્વ હેઠળની સરકાર સત્તામાં આવશે. હું સરળતાથી આગાહી કરી શકું છું કે ભાજપ આ ચૂંટણીમાં રેકોર્ડ બહુમતી પ્રાપ્ત કરશે," તેમણે ઉમેર્યું.આસામ વિધાનસભાના ૧૨૬ નવા સભ્યોની પસંદગી માટે મતદાન આગામી મહિનાના પહેલા ભાગમાં થવાની ધારણા છે, અને ૨૦૧૬ અને ૨૦૨૧માં સત્તામાં આવેલી ભાજપ સતત ત્રીજી મુદત માટે સત્તા જાળવી રાખવાનો પ્રયાસ કરી રહી છે.

પાંચ વર્ષ પહેલાં, પાર્ટીએ ૬૦ બેઠકો મેળવી હતી અને સાથી પક્ષો આસોમ ગણ પરિષદ (એજીપી) અને યુનાઇટેડ પીપલ્સ પાર્ટી લિબરલ (યુપીપીએલ) ના સમર્થનથી સરકાર બનાવી હતી.

રાજ્યમાં ઉનાળામાં માવઠાની આગાહી

(જી.એન.એસ) તા. ૧૫
ગાંધીનગર,
હાલ રાજ્યમાં એક તરફ જ્યાં ગરમી નો પારો વધી રહ્યો છે ત્યારે હવામાન વિભાગે રાજ્યમાં માવઠાની આગાહી છે. હવામાન વિભાગ(સ્ઢ) અનુસાર, આગામી ૧૮થી ૨૦ માર્ચ દરમિયાન અનેર જિલ્લામાં મેઘગર્જના સાથે હળવો કમોસમી વરસાદ પડી શકે છે. હવામાન વિભાગે કરેલ આગાહી અનુસાર, આગામી ૧૮ માર્ચના રોજ સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના ૭ જિલ્લામાં માવઠાની આગાહી છે. જેમાં કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા જિલ્લાના છૂટાછવાયા સ્થળે ગાજવીજ સાથે હળવાથી મધ્ય કમોસમી વરસાદને લઈને યલો ઍલર્ટ જાહેર કર્યું છે. ૧૯ માર્ચે ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં કમોસમી વરસાદને લઈને યલો ઍલર્ટ જાહેર કર્યું છે. આ દિવસે કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર, રાજકોટ, બોટાદ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ મેઘગર્જના સાથે માવઠાની આગાહી છે.

૧૮-૧૯ માર્ચ દરમિયાન કમોસમી માવઠાની સાથે આ જિલ્લાઓમાં ૪૦-૫૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવવાની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

૨૦ માર્ચના રોજ કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર અને દાહોદ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવા કમોસમી વરસાદની આગાહી છે. રાજ્યમાં માવઠાની સ્થિતિને પગલે ખેડૂતોમાં ચિંતા છવાઈ છે.

નેતન્યાહૂના માથા પર નિશાન સાધો : ઈરાન

(જી.એન.એસ) તા. ૧૫
તેહરાન,અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે યુદ્ધ ચાલુ છે, ત્યારે ઇઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂ પર એક નવું નિશાન સાધવામાં આવ્યું છે.

ઈઝરાયલે પુષ્ટિ આપી છે કે નેતન્યાહૂ જીવિત છે, જ્યારે તેહરાને ઇઝરાયલી વડા પ્રધાનનો "પીછો કરીને મારી નાખવાની" ધમકી આપી છે.

તે પહેલા, બેન્જામિન નેતન્યાહૂની હત્યા અંગેની ઘણી અફવાઓ ઓનલાઈન સામે આવી હતી. જોકે, ઇઝરાયલી વડા પ્રધાન કાર્યાલયે આ અહેવાલોને "ખોટા સમાચાર" તરીકે ફગાવી દીધા હતા.બન્ને દેશોના સંઘર્ષ વચ્ચે, ઈરાનનાૈ ઇસ્ઝ એ હવે ઇઝરાયલી નેતાનો પીછો કરીને મારી નાખવાની ચેતવણી આપી છે, જેમને તેઓએ "યુદ્ધ ગુનેગાર અને બાળ-હત્યારો" ગણાવ્યા છે.નેતન્યાહૂને IRGC ની ચેતવણી ‘‘જો આ બાળ હત્યારો ગુનેગાર જીવતો છે, તો અમે તેનો પીછો કરીને તેને સંપૂર્ણ તાકાતથી મારી નાખીશું,’’ .

ચીન પણ તાઈવાન પર હુમલાની ફિરાકમાં?

(સંપૂર્ણ સમાચાર સેવા)
બેઈજીંગ, તા.૧૫ : તાઈવાનની આસપાસ ચીની સૈન્ય વિમાનોની સંખ્યામાં અચાનક મોટો ઉછાળો જોવા મળ્યો છે. છેલ્લા બે અઠવાડિયાથી ચીની ગતિવિધિઓમાં આવેલા ઘટાડા બાદ શનિવારે ફરી એકવાર ચીને શક્તિપ્રદર્શન કર્યું હતું. જેનાથી સંરક્ષણ નિષ્ણાતોમાં ફરી એકવાર ચિંતામા મુકાયા છે. તાઈવાનના સંરક્ષણ મંત્રાલયના જણાવ્યાનુસાર, શનિવારે ટાપુની આસપાસ ચીનના ૨૬ સૈન્ય વિમાનો જોવા મળ્યા હતા. જેમાંથી ૧૬ વિમાનોએ ઉત્તરી, મધ્ય અને દક્ષિણ-પશ્ચિમ એર ડિફેન્સ આઈડેન્ટિફિકેશન ઝોનમાં પ્રવેશ કર્યો હતો. આ ઉપરાંત, દરિયાઈ વિસ્તારમાં ચીનના ૭ નૌકાદળના જહાજો પણ જોવા મળ્યા હતા. અગાઉ ૨૭ ફેબ્રુઆરીથી ૫ માર્ચ સુધી તાઈવાને એક પણ ચીની વિમાનની ઘૂસણખોરી નોંધાઈ નહોતી.

નિષ્ણાતો આ ઘટાડા પાછળ ચીનની ધારાસભાની વાર્ષિક બેઠકને એક કારણ માની રહ્યા છે. જોકે, આ વર્ષનો ઘટાડો ભૂતકાળની સરખામણીએ ઘણો વધારે હતો, જેણે વિશ્લેષકોને મુંઝવણમાં મૂક્યા હતા.

આ ઘટાડા પાછળનું બીજું મહત્વનું કારણ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની સૂચિત ચીન મુલાકાત હોઈ શકે છે. વ્હાઈટ હાઉસના જણાવ્યા અનુસાર, પ્રમુખ ટ્રમ્પ ૩૧ માર્ચથી ૨ એપ્રિલ દરમિયાન ચીનની મુલાકાતે જવાના છે. વોશિંગ્ટન સાથેના સંબંધોમાં તણાવ ઘટાડવા માટે ચીને કદાચ આ વ્યૂહનીતિ અપનાવી હોય તેવી શક્યતા છે. જોકે, બેઈજિંગ દ્વારા હજી સુધી આ મુલાકાતની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.બીજી તરફ, કેટલાક નિરીક્ષકોનું માનવું છે કે ચીની સૈન્ય તેની તાલીમ અને આધુનિકીકરણના આગામી તબક્કામાં પ્રવેશ્યું હોઈ શકે છે, જ્યાં તે તેના વિવિધ દળો વચ્ચે સંયુક્ત તાલીમ માટે નવા મોડેલ પર કામ કરી રહ્યું છે.

ઈરાનના ઓઈલ ટાપુ પર મજા માટે ફરી હુમલો કરીશું:ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)
વોશિંગ્ટન, તા.૧૫ : અમેરિકા અને ઈઝરાયલના ઈરાન સાથેના યુદ્ધે હવે અત્યંત ખતરનાક વળાંક લીધો છે.
યુદ્ધના ત્રીજા સપ્તાહમાં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના મુખ્ય ઓઈલ એક્સપોર્ટ હબ ખાર્ગ આઈલેન્ડ પર વધુ હુમલા કરવાની ધમકી આપી છે. ટ્રમ્પે શનિવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અમેરિકન હુમલાઓએ આ ટાપુનો મોટો હિસ્સો પહેલેથી જ તબાહ કરી દીધો છે અને હજી વધુ હુમલા થઈ શકે છે. વિશ્વના કુલ તેલ પુરવઠાનો પાંચમો ભાગ જ્યાંથી પસાર થાય છે તે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ અત્યારે યુદ્ધનું કેન્દ્ર બન્યું છે.
ઈરાને આ મહત્વના દરિયાઈ માર્ગને બંધ કરી દેતા વૈશ્વિક બજારમાં ઊર્જા સંકટ ઊભું થયું છે અને તેલના ભાવમાં મોટો ઉછાળો આવ્યો છે.
ટ્રમ્પે સોશિયલ મીડિયા પર લખ્યું કે, "જે દેશો આ માર્ગે તેલ મેળવે છે, તેમણે તેની સુરક્ષાની જવાબદારી ઉઠાવવી પડશે, અમેરિકા તેમને ઘણી મદદ કરી છે." ટ્રમ્પે ચીન, ફ્રાંસ, જાપાન, દક્ષિણ કોરિયા અને બ્રિટન જેવા દેશોને પોતાના યુદ્ધ જહાજો આ વિસ્તારમાં તૈનાત કરવા વિનંતી કરી છે. જોકે, હજી સુધી કોઈ દેશે આ અંગે સ્પષ્ટ સંમતિ આપી નથી.
શનિવારે એનબીસી ન્યૂઝ સાથેની વાતચીતમાં પ્રમુખ ટ્રમ્પે અત્યંત આક્રમક વલણ અપનાવતા કહ્યું કે, અમેરિકી હુમલાઓએ ઈરાનના ખાર્ગ ટાપુને લગભગ સંપૂર્ણપણે તબાહ કરી દીધો છે.

સ્વિટ્ઝર્લેન્ડે યુએસ લશ્કરી વિમાનો માટે એરસ્પેસ બંધ કરી દીધું

(જી.એન.એસ) તા. ૧૫
મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે સ્વિટ્ઝર્લેન્ડે સશસ્ત્ર સંઘર્ષોમાં તટસ્થતાની પોતાની પરંપરાનો ઉલ્લેખ કરીને યુએસ લશ્કરી ફ્લાઇટ્સ માટે તેનું હવાઈ ક્ષેત્ર બંધ કરવાની જાહેરાત કરી.

આ ઘટનાક્રમ ત્યારે પણ આવ્યો છે જ્યારે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શનિવારે અન્ય દેશોને હોર્મુઝ સ્ટ્રેટમાં યુદ્ધ જહાજો મોકલવા વિનંતી કરી હતી, જ્યારે ઈરાને ખાર્ગ ટાપુ પર વોશિંગ્ટનના બોમ્બમારાનો બદલો લેવાની ધમકી આપી હતી.સ્વિટ્ઝર્લેન્ડ સરકારે કહ્યું કે રવિવારે સ્વિટ્ઝર્લેન્ડ ઉપરથી પસાર થવા માટે યુએસ જાસૂસી વિમાનો માટેની બે વિનંતીઓ નકારી કાઢવામાં આવી હતી. જોકે, ફેડરલ ઓથોરિટીએ બે પરિવહન વિમાનો સહિત ત્રણ અન્ય ફ્લાઇટ્સને મંજૂરી આપી હતી.

"સ્વિસ ફેડરલ કાઉન્સિલે આજે યુએસ લશ્કરી વિમાનો દ્વારા ઓવરફ્લાઇટ્સ માટેની ઘણી વિનંતીઓ પર નિર્ણય લીધો છે.

ઈરાનમાં યુદ્ધ સાથે જોડાયેલી બે વિનંતીઓ નકારી કાઢવામાં આવી છે, જ્યારે એક જાળવણી ફ્લાઇટ અને ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ માટે બે ઓવરફ્લાઇટ વિનંતીઓ મંજૂર કરવામાં આવી છે," એક સરકારી નિવેદન વાંચવામાં આવ્યું છે.દેશે કહ્યું કે યુએસ-ઇઝરાયલ જોડાણ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધમાં તટસ્થતાની દેશની પરંપરા લાગુ પડશે.

ટ્રમ્પે ચીન, યુકે અને અન્ય લોકોને હોર્મુઝ સ્ટ્રેટ ખોલવા માટે યુદ્ધ જહાજો મોકલવા વિનંતી કરી

(જી.એન.એસ) તા. ૧૫
વોશિંગ્ટન,
અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી છે કે, ઈરાન સાથે ચાલી રહેલા તણાવને કારણે હોર્મુઝ સ્ટ્રેટમાં વિક્ષેપોનો સામનો કરવો પડી શકે છે.

ટ્રૂથ સોશિયલ પરની એક પોસ્ટમાં, ટ્રમ્પે કહ્યું કે અમેરિકા, અન્ય દેશો સાથે મળીને, મહત્વપૂર્ણ જળમાર્ગ વૈશ્વિક વેપાર અને ઉર્જા શિપમેન્ટ માટે ખુલ્લો રહે તે સુનિશ્ચિત કરવા માટે યુદ્ધ જહાજો તૈનાત કરી શકે છે, અહેવાલો અનુસાર.

ટ્રમ્પે ચીન, ફ્રાન્સ, જાપાન, દક્ષિણ કોરિયા અને યુનાઇટેડ કિંગડમ સહિતના દેશોને આ ક્ષેત્રમાં જહાજો મોકલવા વિનંતી કરી. અહેવાલો અનુસાર, તેમના આહ્વાનનો હેતુ વિક્ષેપોને રોકવા અને સ્ટ્રેટ સંપૂર્ણપણે કાર્યરત રહે તે સુનિશ્ચિત કરવા માટે બહુરાષ્ટ્રીય હાજરી બનાવવાનો છે.

જ્યારે ટ્રમ્પે દાવો કર્યો હતો કે અમેરિકાએ "ઈરાનની ૧૦૦% લશ્કરી ક્ષમતા"નો નાશ કર્યો છે, ત્યારે તેમણે ચેતવણી આપી હતી કે ઈરાન હજુ પણ ડ્રોન, દરિયાઈ ખાણો અથવા ટૂંકા અંતરની મિસાઇલોનો ઉપયોગ કરીને નાના પાયે હુમલા કરી શકે છે, જે પસાર થતા જહાજો માટે જોખમ ઊભું કરી શકે છે, અહેવાલો અનુસાર.

યુએસ લશ્કરી તૈયારી

ટ્રમ્પે સંકેત આપ્યો હતો કે યુએસ દળો ઈરાનના દરિયાકાંઠાની નજીક લશ્કરી કાર્યવાહી ચાલુ રાખશે.

અન્ય સમાચારો

ગુજરાતમાં ચૂંટણીનો શંખનાદ વાગ્યો

ઉમરેઠના ધારાસભ્ય ગોવિંદ પરમારના નિધન બાદ ખાલી પડેલી બેઠક પર ચૂંટણી પંચ દ્વારા પેટાચૂંટણીની જાહેરાત

(સંપૂર્ણ સમાચાર સેવા)

ગાંધીનગર, તા.૧૫ : ૫ રાજ્યોની વિધાનસભા ચૂંટણીની તારીખો જાહેર થઈ ગઈ છે. પશ્ચિમ બંગાળમાં, કેરળ, આસામ, તમિલનાડુ અને પુડુચેરીમાં ચૂંટણીની તારીખો આવી ગઈ છે. તો પાંચેય રાજ્યોના ચૂંટણી પરિણામ ૪મેના રોજ આવશે. આ સાથે ગુજરાતની એક બેઠક પર પેટાચૂંટણીની જાહેરાત પણ થઈ ગઈછે. MLA ગોવિંદ પરમારના નિધનથી ખાલી પડેલી ઉમરેઠ બેઠક પર પેટાચૂંટણી યોજાશે.

આણંદની ઉમરેઠ બેઠક પર પેટાચૂંટણી યોજાશે. ૨૩ એપ્રિલે ઉમરેઠમાં મતદાન થશે. તો ૪ મેએ મતગણતરી થશે. MLA ગોવિંદ પરમારના નિધનથી આ બેઠક ખાલી પડી હતી. ૩૦ માર્ચે ચૂંટણીનું નોટિફિકેશન જાહેર કરાશે. ૬ એપ્રિલ સુધી ભરી શકાશે ઉમેદવારી ફોર્મ.૯ એપ્રિલ સુધી ઉમેદવારી પરત ખેંચી શકાશે.આ મહિનાના પ્રથમ સપ્તાહમાં આણંદ જિલ્લાના ઉમરેઠ વિધાનસભા બેઠક પર ભાજપના ધારાસભ્ય ગોવિંદ પરમારનું હૃદયરોગના હુમલા બાદ નિધન થયું હતું. ગોવિંદભાઈ પરમાર લાંબા સમયથી બીમાર હતા. તેમની સારવાર પણ ચાલી રહી હતી. આ વચ્ચે તેમને હાર્ટ એટેક આવતા આણંદની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જો કે, ડોક્ટરોના તમામ પ્રયાસો છતાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું. ગોવિંદભાઈ પરમાર જમીન સાથે જોડાયેલા ભાજપના મધ્ય ગુજરાતમાં મજબૂત નેતા ગણાતા હતા. તેમની રાજકીય કારકિર્દી પ્રભાવશાળી રહીછે. તેઓ છેલ્લી બે ટર્મ ૨૦૧૭ અને ૨૦૨૨થી ભારતીય જનતા પાર્ટીની ટિકિટ પર ઉમરેઠ બેઠક પરથી સતત ચૂંટાઈ રહ્યા હતા. ગોવિંદભાઈ પરમાર લાંબા સમયથી ભાજપ સાથે જોડાયેલા હતા. તેમજ ગોવિંદભાર પરમાર સહકારી ક્ષેત્રમાં પણ સક્રિય હતા. અગાઉ તેઓ રાજપા સરકારમાં મંત્રી પણ રહી ચૂક્યા છે. સ્થાનિક સ્તરે સહકારી ક્ષેત્ર અને સંગઠનમાં તેમનું મોટું પ્રભુત્વ હતું.

દ. ભારતમાં ચાર વંદે ભારત ટ્રેનોના સમયમાં સુધારો કર્યો

(જી.એન.એસ) તા. ૧૫

નવી દિલ્હી, : ભારતીય રેલ્વેએ દક્ષિણ ભારતમાં ચાલતી ચાર વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોના સમયપત્રકમાં ફેરફારની જાહેરાત કરી છે. સુધારેલા સમયપત્રક ૧૫ માર્ચ, ૨૦૨૬ થી અમલમાં આવશે, અને તે મુખ્યત્વે બેંગલુરુ, હૈદરાબાદ અને કલબુર્ગી જેવા શહેરો વચ્ચે મુસાફરી કરતા મુસાફરોને અસર કરશે તેવી અપેક્ષા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, વંદે ભારત નેટવર્ક સમગ્ર ભારતમાં ઝડપથી વિસ્તર્યું છે, જે દેશમાં બનેલી ઝડપી અને વધુ આરામદાયક સેમી-હાઈ-સ્પીડ ટ્રેનો દ્વારા મુખ્ય શહેરોને જોડે છે.

હાલમાં, લગભગ ૧૬૪ વંદે ભારત ટ્રેનો વિવિધ રૂટ પર દોડી રહી છે, જે મુખ્ય શહેરી કેન્દ્રો વચ્ચે દરરોજ હજારો મુસાફરોને લઈ જાય છે.

સમય ફેરફારો ચાર ચોક્કસ સેવાઓ પર લાગુ થશેઃ કાચેગુડા-યશવંતપુર વંદે ભારત એક્સપ્રેસ, યશવંતપુર-કચ્છેગુડા વંદે ભારત એક્સપ્રેસ, કાલાબુર્ગી-જીસ્ફ્ બેંગલુરુ વંદે ભારત એક્સપ્રેસ, અને જીસ્ફ્ બેંગલુરુ-કલાબુર્ગી વંદે ભારત એક્સપ્રેસ.

સુધારેલા સમયપત્રક હેઠળ, કેટલાક સ્ટેશનો પર આગમનનો સમય થોડો બદલાશે. ઉદાહરણ તરીકે, કાચેગુડા-યશવંતપુર સેવા હવે પહેલા કરતા થોડી મિનિટો મોડી હિન્દુપુર પહોંચશે. તેવી જ રીતે, યશવંતપુરથી કાચેગુડા જતી રીટર્ન ટ્રેન પણ તેના પહેલાના સમયપત્રક કરતા થોડી મોડી તે જ સ્ટેશન પર પહોંચશે.

કાલાબુરાગી-જીસ્ફ્ બેંગલુરુ સેવાનો શ્રી સત્ય સાંઈ પ્રશાંતિ નિલયમ સ્ટેશન પર આગમનનો સમય સુધારેલ હશે, જ્યારે જીસ્ફ્ બેંગલુરુ-કાલાબુરાગી ટ્રેન તેના પહેલાના સમયપત્રક કરતા યેલહંકા પહોંચશે. રેલ્વે અધિકારીઓ કહે છે કે આ ગોઠવણો નાના છે પરંતુ કામગીરી સુધારવા માટે મહત્વપૂર્ણ છે.

રાષ્ટ્રીય રસીકરણ દિવસ

ગુજરાતે એક વર્ષમાં ૧૧.૩૦ શિશુઓ અને ૨૪ લાખથી વધુ બાળકોનું રશીકરણ કરી રેકર્ડ બનાવ્યો

(જી.એન.એસ) તા. ૧૫

ગાંધીનગર, : વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ હંમેશા માતા અને શિશુ આરોગ્યને રાષ્ટ્રીય પ્રાથમિકતા આપી છે. તેમના આ વિઝનને અનુરૂપ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર આ ક્ષેત્રમાં અભૂતપૂર્વ કાર્ય કરી રહી છે. રાજ્યમાં 'સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ' સુદ્રઢ બન્યો છે, જેથી માતાઓ અને બાળકોને સુરક્ષાનું એક વ્યાપક કવચ મળી રહ્યું છે. ગુજરાત સરકારની આ નિરંતર અને અસરકારક પહેલોના પરિણામે, વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ૧૧.૩૦ લાખથી વધુ શિશુઓ અને ૨૪ લાખથી વધુ બાળકોનું સફળતાપૂર્વક રસીકરણ કરવામાં આવ્યું છે.

સ્વસ્થ બાળપણ, સુરક્ષિત ભવિષ્યઃ ગુજરાતના રાજ્યવ્યાપી અભિયાનના પ્રોત્સાહક પરિણામો જોવા મળ્યા

ગુજરાતના સાર્વત્રિક રસીકરણ અભિયાન હેઠળ એપ્રિલથી ફેબ્રુઆરી (૨૦૨૫-૨૬) દરમિયાન રાજ્યમાં એક વર્ષ સુધીના ૧૧ લાખ ૩૦ હજારથી વધુ શિશુઓને સંપૂર્ણ રસીકરણ કવરેજ આપવામાં આવ્યું હતું. આ સમયગાળા દરમિયાન, ૧૧ લાખ ૯૪ હજારથી વધુ બાળકોને બીસીજી રસી, ૧૧ લાખ ૫૯ હજાર બાળકોને પેન્ટાવેલેન્ટ (ડીપીટી-હેપેટાઇટિસ-બી-હિબ) રસી અને ૧૧ લાખ ૨૪ હજાર બાળકોને ઓરી-રુબેલા રસી આપવામાં આવી હતી.

તેવી જ રીતે, શિક્ષણ અને આરોગ્ય વિભાગના સંકલનથી શાળા અને બાલવાટિકા આધારિત રસીકરણ અભિયાન પણ શરૂ કરવામાં આવ્યું હતું. આ અભિયાન હેઠળ ૧૦ અને ૧૬ વર્ષના વિદ્યાર્થીઓને શાળાઓમાં રસી આપવામાં આવી, જ્યારે વર્ષ ૨૦૨૫માં ૫ વર્ષના બાળકોને બાલવાટિકાઓમાં ડીપીટીનો બીજો ડોઝ આપવામાં આવ્યો. આ બંને શ્રેણીઓમાં છેલ્લા એક વર્ષમાં ૨૪ લાખથી વધુ બાળકોનું સફળતાપૂર્વક રસીકરણ કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત, ૨૦૦૭થી ગુજરાતની પોલિયો મુક્ત રાજ્યની સિદ્ધિને ટકાવી રાખવા માટે વર્ષ ૨૦૨૫માં પણ રાજ્ય સરકાર દ્વારા ૧૪ જિલ્લાઓમાં વિશેષ અભિયાન ચલાવીને ૦ થી ૫ વર્ષની વયના ૨૪.૬૫ લાખ બાળકોને પોલિયોના ટીપાં પીવડાવવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ગુજરાત સરકાર "ટીકા એક્સપ્રેસ," "મોબાઇલ મમતા દિવસ" અને "ખિલખિલાટ વાહન"ના માધ્યમથી રસીકરણની આ વિવિધ પહેલોને લાગુ કરે છે, જેના માધ્યમથી રસીકરણની સેવાઓ અંતરિયાળ વિસ્તારો સુધી પણ પહોંચાડવામાં આવી રહી છે.

ઓડિશાના કાલાહાંડીમાં ડીસીએમ નકુલ સહિત ૧૧ માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું

(જી.એન.એસ) તા. ૧૫

કાલાહાંડી, : ઓડિશા પોલીસે જણાવ્યું હતું કે રવિવારે કાલાહાંડીમાં ઓડિશાના પોલીસ મહાનિર્દેશક (ડીસીએમ) નકુલ સહિત અગિયાર માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર, મહારાષ્ટ્રના વતની નકુલ પર ઓડિશા સ્ટેટ કમિટી ઓફ માઓવાદીઓના ડીસીએમ તરીકે ?૨૨ લાખનું ઈનામ હતું. અન્ય ૧૦ લોકોમાંથી, પાંચ એરિયા કમિટીના સભ્યો છે અને પાંચ પાર્ટીના કાર્યકરો છે, જેના કુલ ઈનામ ?૬૩.૨૫ લાખ છે.

માઓવાદીઓએ ૧૧ શસ્ત્રો સોંપ્યા હતા, જેમાં એક છદ્ધ-૪૭ રાઈફલ, એક ઈન્ડિયન સ્મોલ આર્મ્સ સિસ્ટમ (ઁજીછજી) રાઈફલ, ચાર સેલ્ફ-લોડિંગ રાઈફલ્સ (જીન્ઈ), ચાર સિંગલ-શોટ ફાયરઆર્મ્સ અને ૧૨-બોર ગનનો સમાવેશ થાય છે, જેમાં મોટી માત્રામાં દારૂગોળો પણ શામેલ છે.

આ જૂથ કાલાહાંડી, રાયગડા અને કંધમાલ જિલ્લાના કેટલાક ભાગોને આવરી લેતા માઓવાદીઓના બસધારા-ઘુમસર-નાગાબલી વિભાગમાં સક્રિય હતું. નકુલ મહારાષ્ટ્રનો છે, જ્યારે બાકીના છત્તીસગઢના છે, એમ ડીજીપી ખુરાનિયાએ જણાવ્યું હતું.

ભવાનીપટના શહેરમાં રિઝર્વ પોલીસ લાઈન્સમાં સભાને સંબોધતા, ખુરાનિયાએ કહ્યું કે વરિષ્ઠ કેડર નકુલનું શરણાગતિ આ પ્રદેશમાં ડાબેરી ઉગ્રવાદના "સતત નબળા પડી રહેલા પ્રભાવ"ને પ્રતિબિંબિત કરે છે. તેમણે ઉમેર્યું હતું કે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ, જિલ્લા સ્વૈચ્છિક દળ અને કેન્દ્રીય અર્ધલશ્કરી દળો જેમ કે સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ અને બોર્ડર સિક્યુરિટી ફોર્સ દ્વારા સતત કાર્યવાહીથી રાજ્યમાં માઓવાદી ઠેકાણાઓનો નોંધપાત્ર નાશ થયો છે.

એડિશનલ ડિરેક્ટર જનરલ (નક્સલ વિરોધી કામગીરી) સંજીબ પાંડાએ જણાવ્યું હતું કે તાજેતરના શરણાગતિ સાથે, ઓડિશામાં સક્રિય સશસ્ત્ર માઓવાદી કેડરની સંખ્યા ઘટીને લગભગ ૧૫ થઈ ગઈ છે, જેમાંથી મોટાભાગે કંધમાલના સરહદી વિસ્તારોમાં મર્યાદિત છે.

પાંડાએ ઉમેર્યું હતું કે શરણાગતિ સ્વીકારનારા માઓવાદીઓને ?૧.૨૩ કરોડનું વળતર મળશે, જેમાં ?૬૦ લાખના વધારાના રોકડ પ્રોત્સાહનનો સમાવેશ થાય છે.

પોલીસે જણાવ્યું હતું કે ડિસેમ્બર ૨૦૨૫ માં કંધમાલમાં કેન્દ્રીય સમિતિના સભ્ય ગણેશ ઉઇકેની હત્યા બાદ માઓવાદી કાર્યકરો વધુને વધુ હતાશ થઈ ગયા છે અને આ પ્રદેશમાં સુરક્ષા કામગીરી વધુ તીવ્ર બનાવી છે, અધિકારીઓએ જણાવ્યું હતું.

અમેરિકા-ઈરાન વચ્ચેના યુદ્ધમાં ફસાયો ત્રીજો દેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)

ઈરાક, તા.૧૫ : મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ઈરાક એવી સ્થિતિમાં ફસાઈ ગયું છે, જ્યાં તેને બંને તરફથી થઈ રહેલા હુમલાઓનો સામનો કરવો પડી રહ્યો છે. એક તરફ ઈરાન અને તેના સમર્થિત મિલિશિયા જૂથો અમેરિકન ઠેકાણાઓ અને હિતો પર હુમલા કરી રહ્યા છે, તો બીજી તરફ અમેરિકા પણ આ હુમલાના જવાબમાં ઈરાકની અંદર આવેલા મિલિશિયા ઠેકાણાઓને નિશાન બનાવી રહ્યું છે. આના કારણે ઈરાક ધીરે ધીરે એક મોટા સંકટ તરફ આગળ વધી રહ્યું હોય તેવા ભણકારા થઈ રહ્યા છે.

૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન પર મોટા પાયે હુમલા શરૂ કરવામાં આવ્યા બાદ સમગ્ર વિસ્તારમાં તણાવ વધી ગયો છે. ત્યારબાદ ઈરાન અને તેની સાથે જોડાયેલા સંગઠનોએ અનેક જગ્યાએ વળતી કાર્યવાહી શરૂ કરી દીધી છે. આ ભીષણ ટક્કરની સીધી અસર હવે ઈરાકમાં જોવા મળી રહી છે.

યુદ્ધ શરૂ થયા પછી ઈરાકમાં અમેરિકન સૈન્ય મથકો, દૂતાવાસો અને ઉર્જા સાથે જોડાયેલા માળખાઓને નિશાન બનાવવામાં આવ્યા છે. રાજધાની બગદાદ અને ઉત્તરી શહેર ઈરબિલના એરપોર્ટની આસપાસ પણ ડ્રોન અને મિસાઈલ હુમલાની ઘટનાઓ સામે આવી છે. આ ઈરાની હુમલાઓનું મુખ્ય લક્ષ્ય અમેરિકા અને તેના સહયોગીઓ રહ્યા છે. ઉત્તરી ઈરાકના કુર્દ વિસ્તારની રાજધાની ઈરબિલમાં લગભગ દરરોજ ડ્રોન હુમલાના પ્રયાસો જોવા મળી રહ્યા છે.

યુદ્ધની વચ્ચે ભારતીયોની દરિયાદિલીથી ઈરાન ગદગદ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૫ : ઈરાન હાલ યુદ્ધની સ્થિતિ વચ્ચે ઝઝૂમી રહ્યું છે, ત્યારે ભારતીયોએ પોતાની દરિયાદિલી બતાવી છે. યુદ્ધ વચ્ચે ભારતીયોએ મોટી સંખ્યામાં ઈરાનને મદદ માટે યોગદાન આપતા ઈરાન ગદગદ થયું છે. આ મામલે ઈરાનના દૂતાવાસે ભારતના લોકોનો આભાર વ્યક્ત કર્યો છે.

અમેરિકા ઈરાન યુદ્ધની સ્થિતિ દરમિયાન ઈરાન પર સંકટના સમયે ભારતીયોએ યોગદાનની રકમ ઈરાન દૂતાવાસના બેંક ખાતામાં જમા કરાવી છે. માનવતા દાખવી મદદરૂપ થનારા તમામ ભારતીયોનો દૂતાવાસે દીલથી આભાર માન્યો હતો. આ અંગે દૂતાવાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ મૂકી જાણકારી આપી હતી.

ઈરાની દૂતાવાસે ફંડ મોકલતી વખતે ટ્રાન્ઝેક્શનમાં કોઈ સમસ્યા ન સર્જાય તેને લઈને નવી ગાઈડલાઈન્સ જાહેર કરી છે. દૂતાવાસે સ્પષ્ટતા કરી છે કે, યોગદાન મેળવવા માટે તેમનું બેંક ખાતું સંપૂર્ણપણે કાર્યરત છે. આમ, કોઈ પણ વ્યક્તિ બેંક ખાતામાં સીધું ફંડ ટ્રાન્સફર કરી શકે છે.

અમેરિકન એજન્સીનો દાવો

અમદાવાદ પ્લેન ક્રેશ : પહેલાંથી જ ઈલેક્ટ્રિક સિસ્ટમમાં ખામી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૧૫ : જૂન ૨૦૨૫માં અમદાવાદમાં થયેલી ભયાનક વિમાન દુર્ઘટના, જેમાં ૨૬૦ થી વધારે લોકોએ જીવ ગુમાવ્યા હતા, તેને લઈને એક ચોંકાવનારો દાવો સામે આવ્યો છે. અમેરિકાના એવિએશન સેફ્ટી ફાઉન્ડેશને આરોપ લગાવ્યો છે કે, તપાસ અધિકારીઓને દુર્ઘટના સાથે જોડાયેલા કેટલાક અત્યંત મહત્વના દસ્તાવેજો સોંપવામાં આવ્યા નહોતા.

એવિએશન સેફ્ટી ફાઉન્ડેશનના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ઈડી પિયરસને તપાસકર્તાઓને મોકલેલા ઈમેલમાં દાવો કર્યો છે કે, તેમના હાથમાં કેટલાક એવા ગુમ દસ્તાવેજો આવ્યા છે જે દુર્ઘટનાનું અસલી કારણ ઈલેક્ટ્રિક ફેલ્યોર હોવાનું દર્શાવે છે. પિયરસનના દાવા અનુસાર બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર (VT-ANB) વિમાનના ઈલેક્ટ્રિક સિસ્ટમમાં દુર્ઘટનાના લાંબા સમય પહેલાથી જ ખામીઓ હતી. વિમાનમાં વારંવાર શોર્ટ સર્કિટ, ધુમાડો નીકળવો અને વાયરિંગની સમસ્યાઓ નોંધાઈ હતી. આ વિમાનને ઈલેક્ટ્રિક ફોલ્ટના કારણે ઘણી વખત ઈમરજન્સી લેન્ડિંગ કરાવવું પડ્યું હતું અને તેનું P100 પાવર પેનલ પણ બદલવામાં આવ્યું હતું.

પિયરસને ગંભીર આરોપ લગાવ્યો છે કે, એરક્રાફ્ટ એક્સિડન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB) એ ઘટનાના નવ મહિના પહેલા કોઈ ભલામણ કરી નહોતી. તેમણે વધુમાં જણાવ્યું કે તપાસકર્તાઓએ એવું નેરેટિવ સેટ કર્યું જેનાથી બધી જવાબદારી પાયલટ પર આવી જાય, જ્યારે હકીકતમાં વિમાનને ડિઝાઈન મોડિફિકેશન અને સોફ્ટવેર પ્રોટેક્શનની જરૂર હતી. જો આ દાવા સાચા સાબિત થાય, તો ૨૬૦ લોકોના મોત માટે જવાબદાર કોણ? તે સવાલ ફરી એકવાર ગુંજતો થયો છે.

મિડલ ઈસ્ટમાં બોમ્બમારા વચ્ચે સુરક્ષિત ભારતીય જહાજ જગ લાડકી

(સંપૂર્ણ સમાચાર સેવા)

તેહરાન, તા.૧૫ : મિડલ ઈસ્ટમાં બોમ્બમારા વચ્ચે સંયુક્ત આરબ અમીરાત(UAE)ના ફુજૈરાથી ભારતીય ધ્વજવાળું ક્રૂડ ઓઈલ ટેંકર સુરક્ષિત રીતે રવાના થયું છે. સરકારે રવિવારે(૧૫ માર્ચ) જણાવ્યું કે, ઓઈલ ટર્મિનલ પર હુમલો થયો હોવા છતાં જહાજે સુરક્ષિત રીતે ઓઈલનો કાર્ગો લોડ કર્યો અને ભારત માટે રવાના થયો. સરકાર મિડલ ઈસ્ટની પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે અને ઈંધણ પુરવઠો અને દરિયાઈ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા છે.

સરકાર દ્વારા જાહેર કરાયેલી માહિતી અનુસાર, જગ લડકી નામનું જહાજ ભારતીય સમય મુજબ સવારે ૧૦:૩૦ વાગ્યે ફુજૈરાથી રવાના થયું છે. જેમાં આશરે ૮૦,૮૦૦ ટન મુર્બન ક્રૂડ ઓઈલ છે. આ જહાજ હાલમાં ભારત તરફ આગળ વધી રહ્યું છે અને તેમાં સવાર તમામ ભારતીય ક્રૂ મેમ્બર સુરક્ષિત છે.

TORRENT POWER | DNHDD

વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

તારીખ અને વાર	સબસ્ટેશન	વિસ્તાર
૧૮/૦૩/૨૦૨૬, બુધવાર સમયઃ સવાર ૮:૦૦ થી સાંજના ૬:૦૦	૬૬ કેવી મસાટ એસએસ (૧૫ MVA PTR-૧ & ૨૦ MVA PTR-૨)	**૧૧ કેવી એક્સપ્રેસ ફીડરઃ** મેહરાટેક્સ, ટફરોપ્સ, ખાટુશ્યામ, વીનર એમ્પાયર, એડોર વેલ્ડીંગ, ટીસીપીએલ યુનિટ-૦૨, રીક્રાફટ, બેઇકો
૨૨/૦૩/૨૦૨૬, રવિવાર સમયઃ સવાર ૯:૦૦ થી સાંજના ૬:૦૦	૬૬ કેવી દાદરા એસએસ (૨૦ MVA PTR-૧,૩, ૫)	સીએમસી ગલી, ગ્રેઅર અને વેઇલ ગલી, સંદીપ ગલી અને નહેર વિસ્તાર, નોવા આઈ.ઈ., ડુગ્ગર, નેરો ફ્લિક્સ વિસ્તાર અને શ્રદ્ધા આઈ.ઈ. વિસ્તાર, સિલવાસા-વાપી મુખ્ય માર્ગ વિસ્તાર, સાઈ કોમ્પ્લેક્સ વિસ્તાર, દાદરા ગાર્ડન વિસ્તાર, ટાઉન વિસ્તાર, બ્લુસ્ટાર ગલી અને ગ્લોમોર આઈ.ઈ., ઉદ્યોગી સેફ્ટી ગલી, વલસાડ ફળિયા, ઓલ્ડ પ્રિન્સ પાઇપ વિસ્તાર, સ્પાઇરલ ફ્લેક્સ/નિશાત મોલ્ડિંગ વિસ્તાર, યુરો ડેકોર વિસ્તાર અને મહેન્દ્ર શાહ ડીટી વિસ્તાર, કોમ્યુનિટી હેલ્થ સેન્ટર (સીએચસી દાદરા), રતન પેટ્રોલ પંપ વિસ્તાર, જરિયા મોરા **૧૧ કેવી એક્સપ્રેસ ફીડરઃ** આર. કે. ફિલામેન્ટ, રામ રત્ન વાયર્સ, જીએમ પ્લાસ્ટ, સીએમસી, સરલા પરફોર્મન્સ, એરો ફાઈબર પ્રા.લિ., સનફાર્મા, ગ્રેઅર અને વેઇલ ઈન્ડિયા લિમિટેડ યુનિટ-૨, એસઆરવી સિન્થેટિક, કલ્પના ઈન્ડ., બ્લુસ્ટાર, સિનફેબ, વાલ્સન, મદુરા, ભૂમિ યાનૂર્સ, ઈમરીઝ મિનરલ, એવરલોન (વિષ્ણુ લક્ષ્મી), ઈશાન, રુઈયા રેયોન + આર.એમ. નિટર **૬૬ કેવી ફીડરઃ** દામોદર ઈન્ડ. લિ.
	૬૬ કેવી દાદરા એસએસ (૨૦ MVA PTR-૪)	ડેમની ગામ, ડેમની રોહિત ફળિયા, ડેમની સ્કૂલ ફળિયા, સિદ્ધા I.E, નેશનલ ફાઈબર, OIDC, WTP, બરોડા પેકેજિંગ ગલી, CMC, દેવાશિષ પોલિમર રોડ, વિમલ ઈન્ડ, હેમ ઈન્ડ, રેડકોમ ગલી, મારુતિ પોલીફિલ્મ ગલી, કલાબી I.E, રાજીવ પ્લાસ્ટિક ગલી, પ્રિન્સ બર્ફિંગ ઈન્ડ., ભગવતી તીર્થ ઈન્ડ., ખાંડેવલ રોડ, સિદ્ધિવિનાયક ઈન્ડ ગલી, સ્ટાર મેટલ ઈન્ડ, રિદ્ધિ સિદ્ધિ ઈન્ડ રોડ, પંચાયત રોડ, ગ્લાસવુડ રિયાલિટી રોડ.
	૬૬ કેવી ખરાડપાડા એસએસ	**૬૬ કેવી ફીડરઃ** કંદોઈ ટેકફેબ, ક્લાસિક માર્બલ ખરાડપાડા

અસુવિધા બદલ દિલગીર છીએ.

દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડ દ્વારા વરિષ્ઠ તથા દિવ્યાંગ નાગરિકો માટે નીચે મુજબની વિવિધ વીજ સેવાઓ ઘર આંગણે કોલ કરીને મેળવી શકાશે.

● વીજબીલમાં નામબદલી ● વીજજોડાણનાં સ્થળમાં ફેરફાર
● વીજભારમાં સુધારો ● નવા વીજજોડાણની અરજી ● વીજબીલની ચુકવણી

આપની સેવા માં હરહંમેશ હાજર
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com

CHANGE OF NAME

I HAVE CHANGED MY OLD NAME FROM ALPA TO NEW NAME ALPABEN RAJENDRASINH RATHOD AS PER DOCUMENTS

ટેરેસ ગળે છે ??

વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને કેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર

એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ

- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર

અરવિંદ પટેલ - વલસાડ 81402 20205

દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઈનમાં ટેલરીંગ

શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-

The Complete Man Raymond SINCE 1925 | dinesh SUITING | Siyaram's SHOP | DONEAR SUITINGS & SHIRTINGS | DIGJAM | NIRVAN SHIRTINGS | ICON ashima LUXURY FABRICS | Kriplon

LORD'S MEN'S WEAR

એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

દમણગંગા ટાઈમ્સ

ડીસ્કલેમર/ સ્પષ્ટતા

વાચકોને જણાવવાનું કે દમણગંગા ટાઈમ્સમાં પ્રસિદ્ધ થયેલ કોઈપણ જાહેરખબરમાં જણાવેલ માહિતી અથવા ઉત્પાદન કે સેવા સંદર્ભે વિજ્ઞાપનદાતાએ કરેલ દાવા અંગેની સંપૂર્ણ જવાબદારી 'વિજ્ઞાપનદાતાની' જ રહેશે અને દમણગંગા ટાઈમ્સની કોઈપણ પ્રકારે જવાબદારી રહેશે નહીં. વાચકોએ પોતાની રીતે પૂરતી તપાસ કરીને પોતાની જવાબદારીએ યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

- વ્યવસ્થાપક

Jai Jalaram Bapa

Septic Tank Cleaner

ખાળ કુવાની સફાઈ

खार कुवे की सफाई

TANKER CAPACITY 8000 LITER

WATER JETTING, AIR BLOWING, VACUUMING

પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.

Contact: 99046 44348, 98247 28200

દમણગંગા ટાઈમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

Monday 16, March 2026

દમણગંગા ટાઇમ્સ

દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો

www.damangangatimes.com

કપરાડાના રોહિયાળ તલાટમાં શોર્ટ સર્કિટથી ભીષણ આગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા.૧૫ : કપરાડા તાલુકાના રોહિયાળ તલાટ ગામે વીજ લાઇનના પોલ પર થયેલા શોર્ટ સર્કિટને કારણે ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે. આ આગમાં ગામના ખેડૂતોને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગામમાંથી પસાર થતી વીજ લાઇનના પોલ પરથી અચાનક તણખલાં (સ્પાર્કિંગ) નીચે પડતા નજીકમાં પડેલા સૂકા ઘાસમાં આગ ફાટી નીકળી હતી. પવનના તેજ વેગને કારણે આગ ઝડપથી પ્રસરી ગઈ અને જોતજોતામાં ડુંગરાળ વિસ્તારમાં પહોંચી ગઈ હતી.

આ આગમાં ગામના કેટલાક ખેડૂતો દ્વારા મહેનતપૂર્વક ઉછેરવામાં આવેલી આંબાની કિંમતી કલમો તેમજ શાકભાજીના માંડવા બળીને ખાખ થઈ ગયા હતાં. ઉપરાંત સૂકા ઘાસ અને અન્ય નાના વૃક્ષોને પણ નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે.

આગ વધુ વિકરાળ બને અને રહેણાંક વિસ્તાર સુધી પહોંચે તે પહેલાં જ ગામના વડીલો અને જાગૃત યુવાનો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતાં. ફાયર બ્રિગેડ પહોંચે તે પહેલાં જ ગ્રામજનોએ ઉપલબ્ધ સાધનોની મદદથી ભારે જહેમત ઉઠાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. ગ્રામજનોની સતર્કતા અને સમયસરની કામગીરીને કારણે મોટી હોનારત ટળી હતી. જોકે, તૈયાર પાક, આંબાની કલમો અને અન્ય વનસ્પતિને નુકસાન થતાં ખેડૂતોમાં ચિંતા અને વ્યથા જોવા મળી રહી છે.

'ડાંગ પ્રયાગ, હનુમાન યાગ' અભિયાન અંતર્ગત ચાલી રહેલા 'હનુમાન મંદિરોના નિર્માણ કાર્ય' દરમિયાન આહવા તાલુકાના ઈસદર ગામે પણ નવું મારુતિ મંદિર તૈયાર થતા, ગ્રામજનોમાં પ્રભુ પધાર્યાનો આનંદ વર્તાઈ રહ્યો છે. સમગ્ર ઈસદર સહિત આસપાસના ગામોમાં પ્રભુ શ્રીરામ નામના જયકારા સાથે લોકો ભક્તિના ઘોડાપુરમાં તણાઈ રહ્યા છે. ભગવાનની શોભાયાત્રા, ભજન કીર્તન અને સત્સંગ, ભંડારા સહિતના શ્રેણીબદ્ધ કાર્યક્રમોએ દંડકારણ્યની ભૂમિને જાણે કે ફરીથી પાવન કરી દીધી છે. સ્થાનિકોનું કહેવું છે કે ઈસદર ગામે હજી સુધી એક પણ મંદિર ન હતું. શ્રી મારુતિ મંદિર આ ગામનું પ્રથમ મંદિર બની રહ્યું છે. જેના વધામણા સાથે લોકોએ ગામના ગલી મહોલ્લાને સ્વચ્છ કરી પોતાના ઘરોના આંગણે રંગોળીઓ પૂરી, હનુમાન દાદાને આવકાર્યા છે. ઠેર ઠેર અનોખો ઉત્સાહ વર્તાઈ રહ્યો છે.

ઉમરગામ પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા.૧૫ : ઉમરગામ પોલીસ સ્ટેશનના પી.આઈ ચૌધરી, પીએસઆઇ સગર તથા પુરવઠા અધિકારી બ્રહ્મભટ્ટની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની બેઠકનું આયોજન આગામી હિંદુ મુસ્લિમ સમાજના ત્યોહારોને ધ્યાને લઈ ચર્ચા કરતા ઈદ અને રામનવમીમાં ભાઈચારાની ભાવના કાયમ રહે તથા કાયદો વ્યવસ્થા જળવાઈ રહે અને શાંતિપૂર્ણ માહોલમાં આનંદ ઉત્સવ સાથે પૂર્ણ થાય એવી સમાજના લોકોને શુભેચ્છાઓ સાથે અભિનંદન આપતા પોલીસ પ્રશાસનનો પણ પૂર્ણ સહયોગની ખાતરી આપી આ બેઠકમાં વિશ્વ હિન્દુ પરિષદ વલસાડ વિભાગના વિશે સંપર્ક પ્રમુખ પિયુષભાઈ શાહ, વિહિપ વલસાડ જિલ્લા ઉપાધ્યક્ષ અંકિતભાઈ શાહ, તાલુકા બજરંગદળ સંયોજક રામભુવન વિશ્વકર્મા, બ્રિજેશભાઈ યાદવ, સહમંત્રી હિતેશભાઈ પૂનમિયા, હિંસા નિવારણ સંઘના ઉપપ્રમુખ કૈલાશભાઈ શાહ, તેજાભાઈ, સુરેશભાઈ યાદવ, ફારુકભાઈ પેનવાલા, અલ્લારખા ખાન સાથે ઉમરગામ નગરપાલિકાના સદસ્યોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

ડાંભરમાં શેરડીના ખેતરમાંથી દીપડીના બચ્ચાનું રેસ્કયુ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા.૧૫ : નવસારી જિલ્લાના ડાંભર ગામમાં શેરડીની કાપણી વેળાએ ખેતરમાંથી દીપડાનું એક નાનું બચ્ચું મળી આવતા વન વિભાગ દ્વારા સફળ રેસ્ક્યૂ કામગીરી હાથ ધરવામાં આવી હતી. શેરડી કાપતા ખેડૂતે બચ્ચું જોતા જ તત્કાલ વન વિભાગને જાણ કરી હતી,જેના પગલે સામાજિક વનીકરણ નવસારીની સુપા રેન્જની ટીમ આર.એફ.ઓ.

સહિતના સ્ટાફ સાથે સ્થળ પર દોડી ગઈ હતી. વન વિભાગની ટીમે બચ્ચાની સ્વાસ્થ્ય તપાસ કરી તે સુરક્ષિત હોવાનું જણાતા, તેને રાત્રિના સમયે ફરી એ જ સ્થળે માદા દીપડા સાથે મિલન કરાવવા માટે ગોઠવણ કરી હતી. વનકર્મીઓની સતત દેખરેખ હેઠળ આખરે માદા દીપડાએ આવીને પોતાના બચ્ચાને હેમખેમ સાથે લઈ જતાં આ રેસ્ક્યૂ ઓપરેશન સફળ રહ્યું હતું. વન વિભાગની આ સમયસૂચકતા અને વન્યજીવ સંરક્ષણ પ્રત્યેની સંવેદનશીલ કામગીરીને સ્થાનિક ગ્રામજનોએ પણ બિરદાવી હતી.

વાપી રાજસ્થાન એકતા મંડળના પ્રમુખની વરણી કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૫ : રાજસ્થાન જૈન એકતા મંચ વાપીના મુખ્ય તરીકે સંજય ભંડારીની સર્વસંમતિથી નિમણુંક કરવામાં આવી છે.

વાપી ખાતે શ્રી રાજસ્થાન જૈન એકતા મંચની આજે મળેલ સામાન્ય સભામાં ઉપસ્થિત રહેલા તમામ હોદ્દેદારો અને આગેવાનોની સર્વસંમતિથી વાપી જૈન સમાજના અગ્રણીઓમાં સ્થાન ધરાવતા તથા સમાજ સેવક સંજય ભંડારીને વર્ષ ૨૦૨૬-૨૮ એટલે કે ત્રણ વર્ષ માટે સંસ્થાના પ્રમુખ તરીકે નિમણૂક કરવામાં આવી છે.

નવા વરાયેલા પ્રમુખ સંજય ભંડારી છેલ્લા લગભગ ૨૦ વર્ષથી વાપી ખાતે જૈન સમાજની વિવિધ સંસ્થાઓ સાથે જોડાઈ સમાજસેવાના કાર્યોમાં સક્રિય રીતે યોગદાન આપી રહ્યા છે. તેમની નિમણૂંકને લઈ જૈન સમાજમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. આ પ્રસંગે જૈન વિશ્વ ભારતી લાડનૂંના ટ્રસ્ટી રાજેશ દુગડ, પૂર્વ અધ્યક્ષ ચૌથમલ સિન્ઘવી, સ્થાનકવાસી સંઘના અધ્યક્ષ અરુણ સિરોયિા, તેરાપંથ સમાજના અગ્રણીઓમાંના રમેશ કોઠારી સહિત સમગ્ર જૈન સમાજના આગેવાનોએ સંજય ભંડારીને શુભેચ્છાઓ પાઠવી હતી અને તેમના કાર્યકાળ માટે શુભકામનાઓ આપવામાં આવી હતી.

પારનેરા હાઈવેથી કારમાં લઈ જવાતો દારૂ સાથે એક ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૫ : અતુલ નજીકના પારનેરા પારડી હાઈવે પર આવેલ ચન્દ્રમૌલેશ્વર મહાદેવ મંદિર સામે, ને.હા.નં.૪૮ મુંબઈથી અમદાવાદ જતા રોડ પરથી કારમાં લઈ જવા તો ૨.૫૭ લાખના દારૂ સાથે મહારાષ્ટ્રના એક ઈસમની ધરપકડ કરી છે.

વલસાડ એલસીબીના ઈન્ચાર્જ પી.આઈ એ યુ. રોઝ સૂચના અને માર્ગદર્શન હેઠળ વલસાડ એલસીબી ની ટીમ પેટ્રોલિંગમાં ફરતી હતી તે દરમિયાન મળેલી બાકીની આધારે અતુલના પારનેરા પારડી હાઈવે પર આવેલ ચન્દ્રમૌલેશ્વર મહાદેવ મંદિર સામે, ને.હા.નં.૪૮ મુંબઈ થી અમદાવાદ તરફ જતા રોડ ઉપર થી પસાર થતી હોન્ડા સીટી કાર નં.MH-06-AM-5270 માં તપાસ કરતા દારૂની ઈમ્પોર્ટેડ વિસ્કી વોડકા બાટલી નંગ ૧૭ કિંમત ૨,૯૭,૫૮૪ રૂપિયા, કારની કિંમત ૨ લાખ મોબાઈલ ફોન કિંમત એક ૫૦૦૦ રૂપિયા મળી કુલ ૪,૬૨,૫૮૪ ના મુદ્દામાલ સાથે કારનો ચાલક આરોપી ભરતભાઈ નારણભાઈ પટેલ ઉ.વ.૫૬ રહે. એ-૧૦૨, રાજ હોરીઝોન કો.ઓ. હાઉસીંગ સોસાયટી, સુભાષનગર, રામદેવ પાર્ક રોડ, આકાશ નિધી બિલ્ડીંગ જવલ, મીરા રોડ (ઈસ્ટ), મહારાષ્ટ્ર મુળ રહે.. જુનાગઢની ધરપકડ કરી છે. પોલીસે કમલેશભાઇ રહે. યાજ્ઞિક રોડ, રાજકોટ સીટી અને નિરજભાઇ રહે. યુનિવર્સીટી રોડ, રાજકોટ સીટીને વોન્ટેડ જાહેર કરી આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

સેલવાસમાં બ્રહ્માકુમારીઝ દ્વારા ગુડ બાય ટેન્શન-મુક્ત જીવન જીવો કાર્યક્રમ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

સેલવાસ, તા.૧૫ : બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વવિદ્યાલય, સિલ્વાસ દ્વારા આયોજિત ૬ દિવસીય ગુડ બાય ટેન્શનૈં ટેન્શન-મુક્ત જીવન જીવો કાર્યક્રમનું ઉદ્ઘાટન ૧૪/૦૩/૨૦૨૬ ના રોજ મુખ્ય સંગમ નજીક નાગજુઆ ગ્રાઉન્ડ, સામરવરણ, સેલવાસમાં ભવ્ય અને આધ્યાત્મિક વાતાવરણમાં ખૂબ જ ઉત્સાહ સાથે કરવામાં આવ્યું. કાર્યક્રમના પહેલા દિવસે વલસાડ સબ-ઝોન ઈન્ચાર્જ, પૂજ્ય બી.કે. રંજન દીદી ખાસ હાજર રહ્યા હતા.

બી.કે. રંજન દીદી દ્વારા દીવો પ્રગટાવીને કાર્યક્રમનું ઔપચારિક ઉદ્ઘાટન કરવામાં આવ્યું. મેસેજ સ્ટર્લિંગ ગ્રીન પાવર સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડના પ્રમુખ નાગેન્દ્ર સિંહ અને KI કંપનીના ઉપપ્રમુખ દિલીપ બરનવાલની ઉપસ્થિત રહ્યા હતાં. પ્રખ્યાત તણાવ રાહત નિષ્ણાંત બ્ર. કુ. પૂનમ દીદી (CS) એ પહેલા દિવસે ચિંતામુક્ત જીવનશૈલી વિષય પર વિગતવાર વાત કરી હતી. સિલ્વાસાના વિવિધ ક્ષેત્રોના પ્રબુદ્ધ નાગરિકો અને મહાનુભાવોએ કાર્યક્રમ માટે ઊંડો આભાર વ્યક્ત કર્યો. આ કાર્યક્રમમાં ખાસ મહેમાનો તરીકે દમણના બ્રહ્મા કુમારી સેન્ટરના ડિરેક્ટર બી.કે. કાંતાબેન અને પારડીના બ્રહ્મા કુમારી સેન્ટરના ડિરેક્ટર બી.કે. વિનુ ભાઈ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમ ૧૯ માર્ચ, ૨૦૨૬ સુધી ચાલુ રહેશે, જેમાં દરરોજ સાંજે ૬:૩૦ થી ૮:૦૦ વાગ્યા સુધી તણાવ રાહતના વિવિધ પાસાઓ પર ચર્ચા કરવામાં આવશે.

કુદરતી ઉપચાર, યોગ એકયુપ્રેસર અંગે

વાપી ગોકુલ વિહારમાં હેલ્થ ટ્રેઈનિંગ વર્કશોપ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૫ : વાપીમાં હાઈવે અને છરવાડા રોડ પાસેની જાણીતી ગોકુલવિહાર ટાઉનશીપમાં ટાઉનશીપના વરિષ્ઠ નાગરિકોના સાનિધ્ય પરિવાર દ્વારા અને બ્રહ્માકુમારીઝ તથા ગુજરાત રાજય યોગ બોર્ડ, યોગ પ્રાર્થના અભિયાન વડોદરા અને અમદાવાદના ઉપક્રમે વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીના ઈન્ટરનેશનલ ન્યુરોપેથી ઓર્ગેનાઈઝેશનના યોગ એકયુપ્રેસર અને નેચરકયોરના અભ્યાસક્રમના માજી કોર્સ ડિરેકટર યોગાચાર્ય દુષ્યંત મોદી અને નયના મોદીનો એક વિશેષ હેલ્થ ટ્રેઈનિંગ વર્કશોપ યોજાઈ ગયો. જેમાં રાબેતા મુજબની શારિરીક તકલીફો વગેરેને માત્ર પગ હલાવી, તાળી વગાડી, ગીત-સંગીત અને રમત-ગમતની મદદથી પણ દુર કરી શકાય છે એ અંગે રસપ્રદ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આજથી આ કાર્યક્રમ ભકિતસેતુ હવેલીની નજીકના પ્રભુ ઉપવન ખાતે પાંચ દિવસ માટે શરુ થયો છે

ગોકુલવિહારના હેલ્થ કલબ ખાતે આયોજીત આ બે દિવસીયના ટ્રેનિંગ વર્કશોપ દરમ્યાન ટાઉનશીપના સેક્રેટરી અને સાનિધ્ય પરિવારના પ્રમુખ બિપીનભાઈ દેસાઈ ઉપરાંત સાનિધ્યના વરિષ્ઠ સભ્ય મગનભાઇ પટેલ, ગોકુલ વિહાર લેડીસ કલબના માર્ગદર્શક અને દમણગંગા ટાઈમ્સના તંત્રી શ્રીમતી મંજુલાબેન ઉકાણીએ આમંત્રીત માર્ગદર્શકોનું સન્માન અને અભિવાદન કર્યુ હતું. વાપી બ્રહ્માકુમારીઝના બી.કે. તરુણભાઈએ એમનો પરિચય કરાવ્યો હતો. આ કાર્યક્રમ વાપીના બી.કે. સેન્ટરના સંચાલિકા બી.કે. રશ્મીબેનના પ્રયત્ન અને માર્ગદર્શનમાં યોજાયો હતો. આજથી આ કાર્યક્રમ ઘાટકોપર પાસે ભકિતસેતુ હવેલીની નજીકના પ્રભુ ઉપવન ખાતે એડવોકેટ બી.કે. રશ્મીબેન મહેતાના સૌજન્યથી સવારે ૬ થી ૭ : ૧૫ દરમ્યાન પાંચ દિવસ માટે શરુ થયો છે. જેમાં વિનામૂલ્યે કોઈપણ વ્યકિત ભાગ લઈ શકે છે.

ગણદેવીના ભાઠલાનો શખ્સ દારૂ સાથે ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા.૧૫ : બિલીમોરા પોલીસ ટીમ દ્વારા બાતમીના આધારે વલસાડ ડુંગરી તરફથી આવતી એક ગ્રાન્ડ i10 નિયોસ કાર નં. GJ-21 CE-9649 ને આંતરીને તપાસ કરતા, તેમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ ૭૩૭ બોટલો મળી આવી હતી.

પોલીસે દારૂનો જથ્થો, કાર, મોબાઈલ ફોન અને બે બનાવટી નંબર પ્લેટ સહિત કુલ રૂ.૪,૬૭,૪૫૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે પોલીસે રીગલભાઈ કાળીદાસભાઈ કોળી પટેલ (રહે. ભાઠલા,હવાડા ફળિયા,ગણદેવી) નામના આરોપીની સ્થળ પરથી ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તેમજ ગુનામાં સંડોવાયેલ અન્ય એક આરોપી આકાશભાઈ રવુભાઈ રાઠોડ (રહે.કૃષ્ણ મહોલ્લો, બિલીમોરા) ને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે. નવસારી જિલ્લા પોલીસ અધિક્ષકની સૂચના હેઠળ બિલીમોરા પીઆઈ જયદીપસિંહ ચાવડા અને તેમની ટીમે પ્રોહિબિશન એક્ટ તથા ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પરીયામાં યુવાને ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

પારડી, તા.૧૫ : પારડી તાલુકાના પરીયા ગામમાં મોરાફળીયા વિસ્તારમાં એક યુવાને ઘરમાં ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી ઘટનાની જાણ થતા પારડી પોલીસે અકસ્માત મોત નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પરીયા ગામમાં મોરાફળીયા ખાતે રહેતા રીંકલભાઈ રાજુભાઈ રોહીત ઉ.વ.૨૯ એ પોતાના ઘરે રૂમમાં લાકડાના રાફટર સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી બનાવ અંગે તેમની માતા આશાબેન રાજુભાઈ રોહીત ઉ.વ.૫૧ દ્વારા પારડી પોલીસ સ્ટેશનમાં માહિતી આપવામાં આવી હતી આશાબેન વાપી સ્થિત કંપનીમાં નોકરી કરે છે. તેઓ નોકરી પરથી ઘરે પરત ફરતા પહેલા તેમના સગાએ ફોન કરી પુત્રની તબિયત ખરાબ હોવાનું જણાવ્યું હતું. ઘરે પહોંચતા તેમણે પોતાના પુત્રને રૂમમાં ફાંસો ખાધેલી હાલતમાં લટકતો જોવા મળ્યો હતો. પડોશીઓની મદદથી તેને નીચે ઉતારવામાં આવ્યો હતો, પરંતુ તે પહેલાં જ તેનું મોત નિપજયું હતું આ બનાવ અંગે પારડી પોલીસે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૧૯૪ મુજબ અકસ્માત મોત દાખલ કરી હતી વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

ધમડાચી હાઈવેથી દારૂ સાથે સુરતનો એક ઝડપાયો

વલસાડ, તા. ૧૫ : ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર. એ.યુ.રોઝ એલ.સી.બી વલસાડ નાઓના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. વલસાડની ટીમે ધમડાચી હાઈવે પરથી કારમાં લઈ જવા તો ૨.૫૩ લાખ ના દારૂ સાથે ઓલપાડ સુરતમાં એક ઈસમની ધરપકડ કરી છે. દારૂનો જથ્થો આપનાર નાની દમણના એકીસ અમને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો છે.

વલસાડ એલસીબીના ઈન્ચાર્જ એ.યુ.રોઝ એલ.સી.બી વલસાડ નાઓના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. વલસાડની ટીમ પેટ્રોલિંગમાં ફરતી હતી જે દરમિયાન બાતમી મળતા પોલીસની ટીમ એ વલસાડના ધમડાચી પીરૂ ફળીયા ને.હા. નં.૪૮ના મુંબઈથી સુરત જતા સર્વીસ રોડ પરથી પસાર એક સફેદ કલરની અર્ટીગા કાર નંબર-GJ-05-JV-6192 અટકાવી તેની અંદર તપાસ કરતા દારૂ વિસ્કી વોડકા બાટલી નંગ ૪૨૯ કિંમત ૪, ૫૩,૭૦૪ તેમજ કારની કિંમત પાંચ લાખ એક મોબાઇલ ફોન કિંમત ૨૦,૦૦૦ રૂપિયા મળી કુલ ૭,૭૩,૭૦૪ રૂપિયાના મુદ્દા માલ સાથે આરોપી સતિષભાઈ ધનસુખભાઈ કો.પટેલ ઉ.વ-૪૩ રહે.ઈશનપોર નવી ટાંકી મહોલ્લો તાઃઓલપાડ, જી.સુરતની અટક કરી જેલમાં ધકેલી દીધો છે જ્યારે આરોપીને પૂછપરછ કરતા દારૂ નો જથ્થો આપનાર અભીભાઈ, રહે નાની દમણને પોલીસે વોન્ટેડ જાહેર કર્યો હતો.

OWNER : Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**